અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 11 સપ્ટેમ્બર 2026 શુક્રવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -30 | અંક : 72 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  'વિચારું છું કે કોકરોચ બની જાઉં': બેંકોને 14,000 કરોડ પાછા આપ્યા, છતાં પણ ભાગેડુ કહે છે.....

4  ખેતરોમાં અનાજ સડે છે, લોકોની થાળીમાં પણ પહોંચતું નથી

6  ટોક્સિક ફ્લોપ જતાં યશ ભાંગી પડ્યો, મિત્રએ અભિનેતાની મનની સ્થિતિ સૌની સામે વર્ણવી

7  સેન્સેક્સ 138 પોઈન્ટ વધીને 74,903 પર બંધ: નિફ્ટી પણ 46 પોઈન્ટ વધ્યો, બેન્કિંગ અને મીડિયા શેર્સમાં વધુ ખરીદી રહી

### પુતિન-પેઝેશ્કિયાન પણ બનશે મહેમાન

## BRICS સમિટ: 7 વર્ષ બાદ ભારત આવશે શી જિનપિંગ

### ૧૨ સપ્ટેમ્બરે મોદી સાથે દ્વિપક્ષીય બેઠકની શક્યતા છે : ગલવાન સંઘર્ષ બાદ આ પ્રથમ મુલાકાત : દિલ્હીમાં 30,000 સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા

**નવી દિલ્હી, તા.10**

ગલવાન સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો વચ્ચે જે તિરાડ પડી હતી તે બાદ હવે બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે આજે સત્તાવાર જાહેરાત કરી છે કે શી જિનપિંગ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી 18મી BRICS સમિટમાં ભાગ લેશે. આટલું જ નહીં બ્રિક્સ સમિટની સાથે 12 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના પ્રમુખ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાય તેવી પણ પ્રબળ શક્યતાઓ છે. નોંધનીય છે કે આ અગાઉ કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન બંને દેશના વડાઓએ મંચ શેર કરીને હાથ મિલાવ્યા હતા, પરંતુ કોઈ સત્તાવાર દ્વિપક્ષીય બેઠક થઈ નહોતી. તે ઉપરાંત ઓક્ટોબર 2024માં રશિયાના કઝાન ખાતે BRICS સમિટ દરમિયાન બંને વચ્ચે મુલાકાત થઈ હતી. શી જિનપિંગનો આ ભારત પ્રવાસ 2019 પછીનો પ્રથમ પ્રવાસ છે. 2019માં તેઓ ચેન્નાઈ નજીક મામલ્લાપુરમ ખાતે વડાપ્રધાન મોદી સાથે સમિટ માટે આવ્યા હતા. અગાઉ, તેઓ 2014માં બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભારત આવ્યા હતા અને ત્યારબાદ 2016માં ગોવા ખાતે યોજાયેલી BRICS સમિટમાં ભાગ લીધો હતો.

વર્ષ 2020 ના જૂન મહિનામાં ગલવાન ઘાટીમાં થયેલા લોહિયાળ સંઘર્ષમાં ભારતના 20 જવાનો વીરગતિ પામ્યા હતા, ત્યારથી સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ હતી. જોકે, બંને પક્ષોએ લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પરના વિવાદિત પોઈન્ટ્સ પરથી સૈનિકોને પાછા ખેંચીને પરિસ્થિતિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં સમગ્ર સીમા વિવાદ હજુ વણઉકેલાયેલો છે.

આ મુલાકાત પહેલાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ઉચ્ચ સ્તરીય ચર્ચા માટે ચીનનો પ્રવાસ કર્યો હતો. સરહદ સંબંધી બાબતો માટેની 'વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન' (WMCC) અને બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે બેઠકોનો દોર ચાલ્યો હતો. આ આગામી બેઠકમાં સરહદી



સમસ્યા, પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને રોકાણ, લોકો વચ્ચેના આદાન-પ્રદાન તેમજ LAC પર તણાવ અટકાવવાની કાયમી વ્યવસ્થાઓ પર ચર્ચા થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં અસ્થિરતા, અમેરિકાના ટેરિફ પગલાં અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત અને ચીનનું સાથે આવવું વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યનું છે.

વૈશ્વિક નેતાઓના આગમનને ધ્યાનમાં રાખીને રાજધાની દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એરપોર્ટ, હોટલો અને મુખ્ય કાર્યક્રમ સ્થળ 'ભારત મંડપમ' ખાતે આશરે 30,000 જેટલા સુરક્ષાકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે, જેમાં અડધા દિલ્હી પોલીસના અને બાકીના અર્ધલશ્કરી દળોના જવાનો છે. ચીન અને રશિયાની પોતાની એડવાન્સ સુરક્ષા ટીમો અત્યાધુનિક હથિયારો અને ઉપકરણો સાથે દિલ્હી આવી પહોંચી છે. આ ટીમો નેતાઓ જે હોટલમાં રોકાવાના છે તેના ગ્રાઉન્ડ ફ્લોર, રૂફટોપ અને પ્રમુખોના રૂમવાળા માળ પર તહેનાત થઈ ચૂકી છે.

કર્મચારીઓની તપાસ: દિલ્હી પોલીસ દ્વારા હોટલના પ્રત્યેક કર્મચારીનું બેકગ્રાઉન્ડ વેરિફિકેશન કરવામાં આવ્યું છે, જેમાં દિલ્હી તેમજ તેમના મૂળ રાજ્યોમાંથી રેકોર્ડ તપાસવામાં આવ્યા છે.

સ્પેશિયલ સેલની દેખરેખ: ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની સુરક્ષા વ્યવસ્થા દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને સોંપવામાં આવી છે. જ્યારે રશિયન પ્રમુખ જે હોટલમાં રોકાશે ત્યાં એક એડિશનલ ડીસીપી અને બે એસીપી અલગ-અલગ શિફ્ટમાં ખડેપગે રહેશે.

રશિયા અને ચીન બંને દેશોના રાષ્ટ્રપતિઓ પોતાના વિશેષ વિમાનો દ્વારા પોતાના સુરક્ષા વાહનો અને કાફલાની લક્ઝરી કાર્સ સાથે લાવશે. મુલાકાતી પ્રતિનિધિમંડળોમાં આ બંને દેશોનો કાફલો સૌથી વિશાળ હશે.

સુરક્ષા અને પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને તમામ વિદેશી મહાનુભાવોને ચાણક્યપુરી અને નવી દિલ્હીની અલગ-અલગ હોટલોમાં રોકાણ ફાળવવામાં આવ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન 11 સપ્ટેમ્બરે પહોંચશે, જ્યારે ચીનના પ્રમુખ શી જિનપિંગ 12 સપ્ટેમ્બરે પાલમ એરફોર્સ સ્ટેશન ખાતે ઉતરાણ કરશે. શનિવારનું શિડ્યુલ: તમામ રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ બપોરે દોઢથી સવા બે વાગ્યા દરમિયાન ભારત મંડપમ પહોંચશે.

રવિવારનું શિડ્યુલ: બીજા દિવસે સવારે 8.50 થી 9.25 વાગ્યાની વચ્ચે મહાનુભાવો સ્થળ પર પહોંચશે. પ્રોટોકોલ સિક્વન્સ: યુએઈ (UAE)ના ક્રાઉન પ્રિન્સ બંને દિવસે સ્થળ પર પહોંચનારા સૌપ્રથમ નેતા હશે. જ્યારે ચીનના રાષ્ટ્રપતિ બાદ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સૌથી છેલ્લે ભારત મંડપમમાં પ્રવેશ કરશે. ટ્રાફિક પોલીસે ભારત મંડપમ તરફ જતા તમામ વીઆઈપી રૂટ્સનું સુરક્ષા આયોજન પૂર્ણ કરી લીધું છે અને તેના માટે અગાઉથી કેટલાક રૂટ રિહર્સલ પણ સફળતાપૂર્વક કરી લેવામાં આવ્યા છે.

## ગડકરીએ કહ્યું- શરમ આવે છે મને: મુંબઈ-ગોવા હાઈવેનું કામ 2016માં પૂરું કરવાનું હતું, હજુ સુધી થયું નથી

### ઉદ્ઘાટનમાં નહીં જાઉં, કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાનો રેકોર્ડ બનાવીશ

**મુંબઈ, તા.10**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના વિસ્તરણમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે પ્રોજેક્ટમાં એટલો વિલંબ થયો છે કે તેમને શરમ આવે છે.

ગડકરીએ એમ પણ કહ્યું કે હાઈવે પૂરો થયા પછી યોજાનારા ઉદ્ઘાટન કાર્યક્રમમાં તેઓ જશે નહીં. મુંબઈ-ગોવા હાઈવેનું વિસ્તરણ લાંબા સમયથી ચાલી રહ્યું છે. ગડકરીના મતે તેનું લગભગ 93-94% કામ પૂર્ણ થઈ ગયું છે.

મુંબઈ-ગોવા હાઈવેના લગભગ 440 કિલોમીટર લાંબા ભાગમાં કામ પૂર્ણ થયા છતાં ઘણી જગ્યાએ ખાડા, પાણી ભરાવા, સમારકામ અને ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ સામે આવી રહી છે. હાલના વરસાદ પછી નવા બનેલા કેટલાક ભાગોમાં રોડ ખરાબ થવાની ફરિયાદો પણ મળી છે.

હાઈવે પર મે મહિનામાં ખારપાડા ટોલ પ્લાઝા પર ટોલ શરૂ થઈ ગયો હતો. તેમ છતાં, પ્રોજેક્ટના કેટલાક ભાગોમાં કામ અને સુધારણા ચાલુ છે. હાઈવે પર 2021માં બનાવવામાં આવેલો વાંદરાઓ માટેનો એક ઓવરપાસ પણ તૂટી પડ્યો છે, જેના કારણે સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે.



મુંબઈ-ગોવા હાઈવેના પહોળા કરવાનું કામ નિર્ધારિત સમય કરતાં ઘણું પાછળ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ અગાઉ 2016 સુધીમાં પૂરો થવાનો હતો, પરંતુ જમીન સંપાદન, બાંધકામ પહેલાની મંજૂરીઓ અને કોન્ટ્રાક્ટરો સંબંધિત સમસ્યાઓના કારણે કામમાં સતત વિલંબ થયો. 2024માં કેન્દ્ર સરકારે સંસદમાં પણ જણાવ્યું હતું કે જમીન સંપાદન અને કેટલાક કોન્ટ્રાક્ટરોની આર્થિક મુશ્કેલીઓના કારણે પ્રોજેક્ટ પ્રભાવિત થયો હતો.

આ હાઈવે મુંબઈને કોંકણના રસ્તે ગોવા સાથે જોડે છે. તેનો મહારાષ્ટ્રનો ભાગ લગભગ 460 કિલોમીટરનો છે. આ પ્રોજેક્ટનો આ માર્ગ પર્યટન અને સ્થાનિક વ્યવસાયની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ગડકરીએ હાઈવેના કામમાં વિલંબ અને નબળા કામ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કડક કાર્યવાહીના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે તેઓ સૌથી વધુ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા અને અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો રેકોર્ડ બનાવવા માંગે છે. તેમનું કહેવું છે કે સમયસર અને ગુણવત્તા સાથે કામ ન કરનારાઓને છોડવામાં આવશે નહીં.

તેમણે એમ પણ કહ્યું કે રોડ બનાવવામાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન થવું જોઈએ નહીં. હાઈવેનું કામ પૂરું થયા પછી તેઓ પોતે મુંબઈથી ગોવા સુધી રોડ માર્ગે મુસાફરી કરીને તેની સ્થિતિ જોશે. ગોવામાં 5.15 કિમી એલિવેટેડ કોરિડોરનું ઉદ્ઘાટન

ગડકરીએ બુધવારે ગોવાના પોરવોરિમમાં 5.15 કિલોમીટર લાંબા છ લેનવાળા એલિવેટેડ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું. આ મુંબઈ-ગોવા હાઈવે એટલે કે NH-66 નો ભાગ છે. લગભગ 641 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ કોરિડોરથી માપુસા અને પણજી વચ્ચેનો મુસાફરીનો સમય વ્યસ્ત સમયે લગભગ 40 મિનિટથી ઘટીને 10 મિનિટ સુધી થવાની અપેક્ષા છે.

## IRCTC મની લોન્ડરિંગ કેસ- લાલુ-તેજસ્વી સહિત 9 પર આરોપ નક્કી: દિલ્હી કોર્ટે 7 આરોપીઓને નિર્દોષ છોડ્યા

**પટના, તા.10**

IRCTC મની લોન્ડરિંગ કેસમાં લાલુ પરિવારની મુશ્કેલીઓ વધી ગઈ છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગુરુવારે લાલુ, તેજસ્વી, રાબડી સહિત 9 લોકો વિરુદ્ધ આરોપો નક્કી કર્યા. કોર્ટે 7 આરોપીઓને નિર્દોષ છોડી દીધા છે.

આ કેસમાં EDએ 16 લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં આગામી સુનાવણી 3 ઓક્ટોબરે થશે.

લાલુ પરિવારે નીચલી અદાલતના ઓક્ટોબર 2025ના તે આદેશને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જેમાં તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપો નક્કી કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI)એ આ અરજીનો વિરોધ કરતા કોર્ટમાં જણાવ્યું કે તેમની પાસે કેસ સંબંધિત પૂરતા અને મજબૂત પુરાવા ઉપલબ્ધ છે. CBIએ કહ્યું કે તપાસમાં ઘણા



મહત્વપૂર્ણ દસ્તાવેજો અને પુરાવા સામે આવ્યા છે, જે આરોપોને મજબૂત કરે છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ લાલુ પ્રસાદ યાદવ પરિવાર સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં પૂર્વ રેલ મંત્રી લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી યાદવ સહિત અનેક લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે.

આ મામલો તે સમયનો છે જ્યારે લાલુ પ્રસાદ યાદવ કેન્દ્ર સરકારમાં રેલ મંત્રી હતા. આરોપ છે કે તેમના કાર્યકાળ દરમિયાન IRCTC હેઠળ આવતી રાંચી અને પુરી સ્થિત બે હોટલોના ટેન્ડરમાં અનિયમિતતાઓ આચરવામાં આવી હતી.

તપાસ એજન્સીઓ અનુસાર, આ હોટલો અને તેની સાથે સંકળાયેલી જમીનોને નિયમોની અવગણના કરીને ખાનગી કંપનીઓને લીઝ પર આપવામાં આવી હતી. આ પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હતો અને તેનાથી કેટલીક ખાનગી કંપનીઓને અયોગ્ય લાભ પહોંચાડવામાં આવ્યો હતો.

આ કેસમાં લારા પ્રોજેક્ટ્સ, રાબડી દેવી, તેજસ્વી યાદવ, લાલુ પ્રસાદ યાદવ, સરલા ગુપ્તા, પ્રેમચંદ ગુપ્તા, ગૌરવ ગુપ્તા, નાથ મલ કકરનિયા, રાહુલ યાદવ, વિજય ત્રિપાઠી, દેવકી નંદન તુલસ્યાન, સુજાતા હોટેલ્સ, વિનય કોચર, વિજય કોચર, રાજીવ કુમાર રેલન અને અભિષેક ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ આરોપી છે.

## સ્ટાલિને કહ્યું-સીએમ વિજય રીલથી જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે: સિનેમાની જેમ ચલાવી રહ્યા છે સરકાર

**નવી દિલ્હી, તા.10**

ડીએમકે અધ્યક્ષ એમકે સ્ટાલિને કહ્યું કે સીએમ વિજયે વિધાનસભાને રીલ બનાવવાની જગ્યા બનાવી દીધી છે. જે પુલ અમે બનાવ્યો, તેના પર ઊભા રહીને ફોટોશૂટ કરે છે અને સરકાર પણ એવી રીતે ચલાવી રહ્યા છે, જાણે ફિલ્મનું શૂટિંગ હોય.

તેમણે વધુમાં કહ્યું કે, પોતાની નિષ્ફળ પ્રશાસન વ્યવસ્થાને છુપાવવા માટે તમે આ પ્રકારની અલગ-અલગ રીલ પોસ્ટ કરી રહ્યા છો અને આખી પેઢીને ગેરમાર્ગે દોરી રહ્યા છો. તેમણે ગુરુવારે પોતાના એક્સ એકાઉન્ટ પર વીડિયો જાહેર કરીને આ વાતો કહી.

ખરેખર, વિજયે 7 સપ્ટેમ્બરે વિધાનસભામાં ઈમરજન્સી અને મેન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યુરિટી એક્ટ 1971 (MISA) હેઠળ થયેલી ધરપકડોનો ઉલ્લેખ કર્યો હતો. આ દરમિયાન તેમણે હાથને જડબા પાસે લઈ ગયા હતા. ડીએમકેએ આ ઈશારાને સ્ટાલિનના જડબાની ઈજા સાથે જોડીને જોયો હતો.

વિજયે જે કહ્યું તે સાચું છે, જૂઠું નથી. ઈમરજન્સીનો વિરોધ કરતા કરુણાનિધિએ મરીના બીચ પર એક મોટી સભા કરી હતી અને MISA કાયદાની સખત ટીકા કરી હતી.

આ પછી કેન્દ્ર સરકારે 31 જાન્યુઆરી 1976ના રોજ DMK સરકારને બરતરફ કરી દીધી. આના તરત જ બાદ પોલીસ MISA હેઠળ મને ધરપકડ કરવા ગોપાલપુરમ ઘરે પહોંચી.

તે દિવસે હું ઘરે નહોતો. પિતાએ પોલીસને કહ્યું કે હું બીજા દિવસે પાછો ફરીશ, પછી તેમણે પોતે પોલીસને બોલાવીને મારી



ધરપકડ કરાવી દીધી.

રાત્રે પોલીસ સૂવા દેતી નહોતી અને લાકડીઓથી મારતી હતી. જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કેદીઓએ પણ નિર્દયતાથી માર માર્યો.

માર મારવાને કારણે મારા નજીકના સાથી અને સાંસદ ચિટ્ટી બાબુનું જેલમાં જ મૃત્યુ થયું હતું. મારપીટમાં મારું જડબું તૂટી ગયું હતું અને આજે પણ શરીર પર મારપીટના નિશાન છે.

વિજયે 8 સપ્ટેમ્બરે હાથથી કરેલા ઈશારા અંગે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે આ જાણી જોઈને કરવામાં આવ્યું ન હતું. વિજયના ઈશારા અંગે સરકારને બહારથી સમર્થન આપી રહેલી CPMએ કહ્યું કે આ ઈશારો પૂર્વ CM એમકે સ્ટાલિનની બોડી-શેમિંગ છે.

જ્યારે વિપક્ષી DMKએ આરોપ લગાવ્યો કે વિજયે ઈમરજન્સી દરમિયાન થયેલી ધરપકડોની મજાક ઉડાવી છે. સ્ટાલિનને ઈમરજન્સી દરમિયાન 1976માં ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે પોલીસ કસ્ટડીમાં તેમના પર હુમલો થયો હતો, જેના કારણે તેમનું જડબું તૂટી ગયું હતું.

1976માં ઈમરજન્સી દરમિયાન, એમ.કે. સ્ટાલિનની MISA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. સ્ટાલિને પોતાની આત્મકથામાં જણાવ્યું હતું કે ચેન્નઈ સેન્ટ્રલ જેલમાં પોલીસ કસ્ટડી દરમિયાન તેમને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. આ કારણે તેમનું જડબું તૂટી ગયું હતું.

બોડી-શેમિંગનો અર્થ કોઈ વ્યક્તિના શારીરિક આકાર, વજન, રંગ કે બનાવટને લઈને નકારાત્મક ટિપ્પણી કરવી કે તેની મજાક ઉડાવવી છે. આ એક પ્રકારની હિંસા છે જે વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરી શકે છે, જેનાથી તેને શરમ, તણાવ અને હીન ભાવના અનુભવાઈ શકે છે.



# નિયમ તોડશો તો ગણેશ મંડપ સીલ થશે!

# અમદાવાદમાં ફાયર સેફ્ટીના કડક નિયમો જાહેર

**અમદાવાદ, તા.10**



અમદાવાદમાં આગામી ગણેશ મહોત્સવ દરમિયાન ગણેશ પંડાલોમાં દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓની સુરક્ષા અને જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા વિશેષ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ફાયર વિભાગ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સંયુક્ત બેઠક બાદ તૈયાર કરાયેલી આ માર્ગદર્શિકામાં મંડપના બાંધકામથી લઈને ઈમરજન્સી એક્ઝિટ, ઈલેક્ટ્રિક વાયરિંગ અને ફાયર સેફ્ટીના સાધનો સુધીની કડક જોગવાઈઓ કરવામાં આવી છે.

તંત્રે સ્પષ્ટતા કરી છે કે જો નિયમોનું યોગ્ય પાલન નહીં થાય તો પોલીસ અને ફાયર વિભાગ સંયુક્ત રીતે નોટિસ આપીને મંડપ સીલ કરવાની તેમજ બેદરકારી દાખવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરશે.

સ્થાન અને જગ્યાની પસંદગી: ગણેશ મંડપ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરનું નિર્માણ સ્કૂલ, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થોના ગોડાઉન, ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ટ્રાન્સફોર્મર, હાઈ ટેન્શન લાઈન અને રેલવે લાઈનથી સુરક્ષિત અંતરે કરવાનું રહેશે. ફાયર બ્રિગેડના વાહનો સરળતાથી આવી શકે તે માટે રસ્તાઓ એકદમ ખુલ્લા રાખવા ફરજિયાત છે.

શ્રદ્ધાળુઓની ક્ષમતા અને બેઠક વ્યવસ્થા: પંડાલની ક્ષમતા મુજબ જ લોકોને પ્રવેશ આપવામાં આવશે. પ્રત્યેક વ્યક્તિદીઠ ઓછામાં ઓછી 1 ચોરસ મીટર જગ્યા રાખવાની રહેશે. સીટિંગ એરેન્જમેન્ટમાં દર 10 રો અને 10 બેઠકો બાદ ઓછામાં ઓછો 1.5 મીટર પહોળો પેસેજ રાખવો પડશે.

ઈમરજન્સી એક્ઝિટ અને સાઈનેજ: મંડપમાં ફિક્સ પાર્ટિશન પર પ્રતિબંધ છે. કટોકટીના સમયે લોકો સુરક્ષિત બહાર નીકળી શકે તે માટે સામસામેની દિશામાં ઓછામાં ઓછા 2 ઈમરજન્સી એક્ઝિટ રાખવાના રહેશે. બહાર નીકળવાનું ટ્રાવેલિંગ ડિસ્ટન્સ 15 મીટરથી વધુ ન હોવું જોઈએ. પંડાલમાં 'નો સ્મોકિંગ ઝોન' અને 'એક્ઝિટ'ના સ્પષ્ટ બોર્ડ લગાવવા પડશે.

જ્વલનશીલ સામગ્રી અને સ્ટોલ પર પ્રતિબંધ: પંડાલની અંદર કોઈ પણ પ્રકારના વેપારી સ્ટોલ બનાવી શકાશે નહીં. સ્ટેજની આસપાસ કે નીચે આગ પકડે તેવા ઘન કે પ્રવાહી પદાર્થો, એલપીજી સિલિન્ડર, રસોઈ સામગ્રી કે ફટાકડા રાખવા પર સંપૂર્ણ મનાઈ છે. આ ઉપરાંત પબ્લિક એડ્રેસ સિસ્ટમ રાખવી ફરજિયાત બનાવવામાં આવી છે.

ઈલેક્ટ્રિક વાયરિંગ અને AC પંડાલ: વીજળીનું કામકાજ પ્રવર્તમાન વીજ અધિનિયમ મુજબ ગવર્મેન્ટ એપ્રુવ્ડ ઈલેક્ટ્રિકલ ઈજનેર પાસે ચકાસાવવું પડશે. વાયરિંગમાં PVC અથવા ટફ રબર વલ્કેનાઈઝ્ડ વાયર જ વાપરવાના રહેશે. AC પંડાલના કિસ્સામાં પરદા અને કાર્પેટ પર ફાયર રિટાર્ડન્ટ પેઈન્ટ કરાવવું ફરજિયાત છે.

24 કલાક પ્રશિક્ષિત સ્ટાફ અને સેલ્ફ ડિક્લેરેશન: ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરી શકે તેવા 2 પ્રશિક્ષિત વ્યક્તિઓને 24 કલાક રાઉન્ડ ધ ક્લોક પંડાલમાં રાખવા પડશે. આયોજકોએ 300ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ સેલ્ફ ડિક્લેરેશન રજૂ કરવાનું રહેશે, ત્યારબાદ ફાયર વિભાગ દ્વારા સ્પેશિયલ આઈડેન્ટિફિકેશન આપવામાં આવશે. પંડાલની બહાર આયોજક અને ફાયર સ્ટાફના નંબર તેમજ ઈમરજન્સી નંબર દર્શાવવા પડશે.

ઓફિસર મિથુન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ગણેશ ઉત્સવ માટે પોલીસ સાથે મળીને આ ગાઈડલાઈન તૈયાર કરાઈ છે અને આખરી મંજૂરી માટે કમિશનર/DyMC સમક્ષ મૂકવામાં આવી છે. આયોજકોએ મુખ્ય મંજૂરી કે લાયસન્સ પોલીસ પાસેથી જ મેળવવાનું રહેશે. જો પંડાલ 500 ચોરસ મીટરથી મોટો હોય તો જ ફાયર વિભાગનું NOC લેવું પડશે, નાના પંડાલો માટે NOCની જરૂર નથી.

તેમણે વધુમાં ઉમેર્યું કે ફાયર વિભાગની ટીમ સરપ્રાઈઝ વિઝિટ કરીને ચેકિંગ કરશે. આ એક ધાર્મિક પ્રસંગ હોવાથી પ્રાથમિક તબક્કે નિયમભંગ જણાશે તો આયોજકોને સુધારો કરવા સમજાવવામાં આવશે, પરંતુ જો અમલ નહીં થાય તો આગળની કાર્યવાહી પોલીસ વિભાગ કરશે. આ ગાઈડલાઈન જાહેર કરવાનો મુખ્ય હેતુ આગામી નવરાત્રી ઉત્સવમાં મોટા એસી ડોમ માટે પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.

# લખનઉથી દમામ જતી ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બની ધમકી, અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

**અમદાવાદ, તા.10**



લખનઉથી સાઉદી અરેબિયાના દમામ જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ 6E 097માં બોમ્બ હોવાની સનસનાટીભરી ધમકી મળતા એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ફ્લાઈટમાં બોમ્બ હોવાના કોલ કે સંદેશ બાદ તાત્કાલિક અસરથી સુરક્ષા પ્રોટોકોલ અમલમાં મૂકવામાં આવ્યો હતો અને વિમાનનું અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કટોકટીના ધોરણે ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

લખનઉના ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સાંજે લગભગ 4 વાગ્યે ટેક-ઓફ કર્યા બાદ વિમાન પોતાના નિર્ધારિત રૂટ પર આગળ વધી રહ્યું હતું. જ્યારે વિમાન ગુજરાતના આકાશમાંથી એટલે કે અમદાવાદ એરપોર્ટ નજીકના એરસ્પેસમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે જ અચાનક વિમાનમાં બોમ્બ હોવાની ગંભીર માહિતી મળી હતી. આ પરિસ્થિતિની ગંભીરતાને સમજીને ફ્લાઈટના પાયલટે સહેજ પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક અમદાવાદ એર ટ્રાફિક કંટ્રોલ (ATC) નો સંપર્ક સાધ્યો હતો અને સ્થિતિ અંગે જાણ કરીને લેન્ડિંગ માટેની પરવાનગી માગી હતી.

એટીસી તરફથી લીલી ઝંડી મળતાની સાથે જ અનુભવી પાયલટે સાંજે લગભગ 5.55 વાગ્યે વિમાનને અમદાવાદ એરપોર્ટના રનવે પર સુરક્ષિત રીતે ઉતારી લીધું હતું. સામાન્ય સંજોગોમાં ફ્લાઈટ લેન્ડ થયા બાદ તેને નિયમિત પેસેન્જર ટર્મિનલ કે પાર્કિંગ બે પર લઈ જવામાં આવતી હોય છે, પરંતુ સુરક્ષાના કારણોસર અને સંભવિત ખતરાને ટાળવા માટે વિમાનને મુખ્ય એરપોર્ટથી દૂર આવેલા આઈસોલેશન એરિયામાં ખસેડવામાં આવ્યું હતું. આઈસોલેશન બે પર પહોંચતા જ વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બહાર કાઢીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, જેથી મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

વિમાનમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ અમદાવાદ એરપોર્ટ પર સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF), સ્થાનિક પોલીસ અને એરપોર્ટ સિક્યોરિટી સહિતની તમામ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS), ડોગ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક આઈસોલેશન એરિયામાં પહોંચી ગઈ હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા વિમાનના મુખ્ય કેબિન, કાર્ગો હોલ્ડ, મુસાફરોના સામાન અને સમગ્ર એરક્રાફ્ટની ખૂણેખૂણેથી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

અંતરરાષ્ટ્રીય વિમાનમાં બોમ્બની ધમકી મળવાની આ ઘટના બાદ સુરક્ષા સંબંધિત તમામ નિયમો અને એસઓપી (Standard Operating Procedure) મુજબ કડક કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા એ તપાસ કરવામાં આવી રહી છે કે વિમાનમાં ખરેખર કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક છે કે પછી આ માત્ર એક અફવા અથવા ફેક કોલ હતો. આ સાથે જ ધમકી આપનાર વ્યક્તિ કે સ્ત્રોત સુધી પહોંચવા માટે પણ તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં જ સત્તાવાર માહિતી જાહેર થવાની શક્યતા છે.

# દાણીલીમડામાં બ્રાન્ડેડ કંપનીના નકલી કપડાં-સ્લીપર વેચતી 3 દુકાનો પર LCBના દરોડા, ₹5 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

**અમદાવાદ, તા.10**



અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં જાણીતી બ્રાન્ડના ડુપ્લીકેટ સ્લીપર, ટ્રેકપેન્ટ અને ટીશર્ટનું ગેરકાયદે વેચાણ કરતી ત્રણ અલગ-અલગ દુકાનો પર ઝોન-6 એલ સી બી અને કંપનીના ઓથોરાઈઝ્ડ પ્રતિનિધિઓએ સંયુક્ત દરોડા પાડ્યા હતા. પોલીસે ત્રણ દુકાનોમાંથી કુલ 5,08 લાખ રૂપિયાની કિંમતનો 476 નંગ ડુપ્લીકેટ મુદ્દામાલ જપ્ત કરી ત્રણ વેપારીઓ સામે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, કંપનીના કોપીરાઈટ અને ટ્રેડમાર્કના રક્ષણ માટે સત્તા ધરાવતા પવન પલાસરે દાણીલીમડા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, દાણીલીમડા વિસ્તારની કેટલીક દુકાનોમાં કંપનીના નામનો ગેરકાયદે ઉપયોગ કરી નકલી માલ વેચાતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી ઝોન 6ની ટીમ દ્વારા ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

પોલીસે ગુડલક પાર્ટી પ્લોટ પાસે આવેલી 'બોમ્બે ફૂટવેર'માંથી મોહમદ એહમદ ઉર્ફે જોંટી ગુલામ દસ્તગીર શેખ (ઉં.વ. 24) પાસેથી 3,63,000 રૂપિયાની કિંમતના 363 જોડી ડુપ્લીકેટ સ્લીપર જપ્ત કર્યા હતા. જ્યારે છીપા BRTS બસ સ્ટેન્ડ સામે આવેલી 'અલફલા ફૂટવેર'માંથી સમીઉદ્દીન નિઝામુદ્દીન કુરેશી (ઉં.વ. 49) પાસેથી 48,000 રૂપિયાની કિંમતના 48 જોડી નકલી સ્લીપર કબજે લીધા હતા. આ ઉપરાંત મુસ્લિમ સોસાયટીના નાકે આવેલી 'ક્રાઉન ગાર્મેન્ટ્સ' નામની દુકાનમાંથી મોહમદ અતીક મેમણ (ઉં.વ. 32) પાસેથી 16,500 રૂપિયાની કિંમતના 11 નંગ ડુપ્લીકેટ ટ્રેકપેન્ટ અને 81,000 રૂપિયાની કિંમતના 54 નંગ ટીશર્ટ મળી આવ્યા હતા. જેથી આ સમગ્ર મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, કંપનીના કોપીરાઈટ અને ટ્રેડમાર્કના રક્ષણ માટે સત્તા ધરાવતા પવન પલાસરે દાણીલીમડા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, દાણીલીમડા વિસ્તારની કેટલીક દુકાનોમાં કંપનીના નામનો ગેરકાયદે ઉપયોગ કરી નકલી માલ વેચાતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી ઝોન 6ની ટીમ દ્વારા ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે ગુડલક પાર્ટી પ્લોટ પાસે આવેલી 'બોમ્બે ફૂટવેર'માંથી મોહમદ એહમદ ઉર્ફે જોંટી ગુલામ દસ્તગીર શેખ (ઉં.વ. 24) પાસેથી 3,63,000 રૂપિયાની કિંમતના 363 જોડી ડુપ્લીકેટ સ્લીપર જપ્ત કર્યા હતા. જ્યારે છીપા BRTS બસ સ્ટેન્ડ સામે આવેલી 'અલફલા ફૂટવેર'માંથી સમીઉદ્દીન નિઝામુદ્દીન કુરેશી (ઉં.વ. 49) પાસેથી 48,000 રૂપિયાની કિંમતના 48 જોડી નકલી સ્લીપર કબજે લીધા હતા. આ ઉપરાંત મુસ્લિમ સોસાયટીના નાકે આવેલી 'ક્રાઉન ગાર્મેન્ટ્સ' નામની દુકાનમાંથી મોહમદ અતીક મેમણ (ઉં.વ. 32) પાસેથી 16,500 રૂપિયાની કિંમતના 11 નંગ ડુપ્લીકેટ ટ્રેકપેન્ટ અને 81,000 રૂપિયાની કિંમતના 54 નંગ ટીશર્ટ મળી આવ્યા હતા.

# 'નોરતા નગરી' ગરબામાં ₹8-10 કરોડનું ટિકિટ કૌભાંડ!, 4 શખસો સામે નોંધાઈ ફરિયાદ

**અમદાવાદ, તા.10**

અમદાવાદના સરખેજ પોલીસ મથકે વર્ષ 2025માં યોજાયેલા ચર્ચાસ્પદ 'નોરતા નગરી' ગરબા મહોત્સવને લઈને કરોડો રૂપિયાની ટિકિટ ગેરરીતિનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગરબા આયોજનમાં સામેલ ભાગીદારો વચ્ચે થયેલા વિવાદ બાદ હવે મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સ્પોન્સર્સ અને પરિચિતો માટે આપવામાં આવતી કમ્પ્લિમેન્ટરી ટિકિટોને ગેરકાયદે રીતે પેઈડ ટિકિટોમાં ફેરવી ઓનલાઈન અને ઓફલાઈન વેચી દેવામાં આવી હતી. આ સમગ્ર ગેરરીતિના કારણે અન્ય ભાગીદારોને અંદાજે 8થી 10 કરોડ રૂપિયાનું નાણાકીય નુકસાન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત 36 વર્ષીય અર્જુન ભૂતિયાએ આ મામલે સરખેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે પાર્શ્વ જ્વેલર્સ સાથે સંકળાયેલા દર્શન શાહ, તેમના મેનેજર જયેશ પરમાર, રવિ શાહ અને સંજય દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ હવે ભાગીદારી કરારથી લઈને ટિકિટ વેચાણના રેકોર્ડ, બેન્કિંગ વ્યવહારો અને ઓનલાઈન પ્લેટફોર્મના ડેટાની તપાસ કરીને સમગ્ર મામલાની હકીકત બહાર લાવવાનો પ્રયાસ કરી રહી છે.

પોલીસ ફરિયાદ મુજબ, અર્જુન ભૂતિયાએ જીગર ચૌહાણ, કૃષ્ણ ગઢવી અને દર્શન શાહ સાથે મળીને અમદાવાદમાં 'નોરતા નગરી' નામના મોટા ગરબા મહોત્સવનું આયોજન કરવાનો નિર્ણય લીધો હતો. કાર્યક્રમના આયોજન અને વ્યવસાયિક ભાગીદારી માટે 'એએઆઈ ઈવેન્ટ્સ' એટલે કે AAI Eventsના નામે નોટરાઈઝ્ડ ભાગીદારી કરાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દર્શન શાહની ભલામણના આધારે તેમના મેનેજર જયેશ પરમારને પણ ભાગીદારીમાં સામેલ કરવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ ગરબા મહોત્સવ માટે ટિકિટ વેચાણની વ્યવસ્થા અગાઉથી નક્કી કરવામાં આવી હતી. આયોજન મુજબ 'ઝોમેટો' એપના 'ડિસ્ટ્રિક્ટ' પ્લેટફોર્મ મારફતે



ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટોનું વેચાણ કરવાનું હતું. સાથે સાથે દરરોજ અંદાજે 4,000 જેટલી ટિકિટો સ્પોન્સર્સ, ખાસ મહેમાનો અને ઓળખીતાઓ માટે કમ્પ્લિમેન્ટરી તરીકે રાખવાની સંમતિ કરવામાં આવી હતી. આ કમ્પ્લિમેન્ટરી ટિકિટોનો ઉપયોગ માત્ર નિર્ધારિત હેતુ માટે કરવાનો હતો અને અન્ય ભાગીદારોની લેખિત કે મૌખિક મંજૂરી વિના વધારાની ટિકિટો આપવી કે તેનો અન્ય રીતે ઉપયોગ કરવો નહીં તેવો નિયમ નક્કી કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

જોકે, ગરબા મહોત્સવ ચાલી રહ્યો હતો તે દરમિયાન જ ટિકિટ વેચાણમાં ગેરરીતિની શંકા ઊભી થઈ હતી. કાર્યક્રમના ગ્રાઉન્ડ પર બે અજાણ્યા વ્યક્તિઓ ગેરકાયદે રીતે ટિકિટો વેચતા ઝડપાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જ્યારે તેમની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે આ ટિકિટો 'ટિકિટ ટાવર' નામની કંપનીના ઉમંગ નામના વ્યક્તિ પાસેથી મળી હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ ઉમંગનો સંપર્ક કરવામાં આવતા સમગ્ર મામલામાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઉમંગે કથિત રીતે જણાવ્યું હતું કે તેને આ ટિકિટો દર્શન શાહ દ્વારા આપવામાં આવી હતી અને જે ટિકિટો વેચવામાં આવી રહી હતી તે મૂળરૂપે કમ્પ્લિમેન્ટરી ટિકિટો હતી. એટલે કે સ્પોન્સર્સ અને પરિચિતોને મફતમાં આપવા માટે રાખવામાં આવેલી ટિકિટો પૈસા લઈને વેચાઈ રહી હોવાની શંકા ઊભી થઈ હતી.

તે સમયે ગરબા મહોત્સવ ચાલુ હોવાથી અને કાર્યક્રમમાં કોઈ અવ્યવસ્થા કે વિક્ષેપ ન સર્જાય તે હેતુથી ભાગીદારોએ તાત્કાલિક કડક કાર્યવાહી કરી ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પરંતુ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ્યારે ભાગીદારોએ સમગ્ર ટિકિટ વેચાણ અને આવકના હિસાબની તપાસ શરૂ કરી ત્યારે કરોડો રૂપિયાની સંભવિત ગેરરીતિ સામે આવ્યાનો આરોપ છે. ગરબા મહોત્સવ પૂર્ણ થયા બાદ ભાગીદારોએ 'ડિસ્ટ્રિક્ટ' પ્લેટફોર્મ પરથી ટિકિટિંગ સંબંધિત ડેટા મેળવ્યો હતો. આ ડેટાની તપાસ દરમિયાન કમ્પ્લિમેન્ટરી ટિકિટો અને તેના વેચાણ અંગે અનેક પ્રશ્નો ઊભા થયા હતા. ત્યારબાદ ઝોમેટો પાસે આ બાબતે સ્પષ્ટતા માગવામાં આવતા એવી માહિતી સામે આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે કે કેટલીક કમ્પ્લિમેન્ટરી ટિકિટો દર્શન શાહના કન્સલ્ટન્ટ મારફતે તેમના ભત્રીજા રવિ શાહ સુધી પહોંચાડવામાં આવી હતી. આ ટિકિટોને બાદમાં ઓનલાઈન પ્લેટફોર્મ પર મૂકી વેચી દેવામાં આવી હોવાનો ગંભીર આરોપ કરવામાં આવ્યો છે. ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ, જ્યારે અન્ય ભાગીદારોએ દર્શન શાહ પાસે આ સમગ્ર ટિકિટ વ્યવહાર અને નાણાકીય હિસાબ અંગે ખુલાસો માગ્યો ત્યારે તેમને સંતોષકારક જવાબ મળ્યો નહોતો. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે દર્શન શાહ, જયેશ પરમાર, રવિ શાહ અને સંજય દેસાઈએ અન્ય ભાગીદારોની જાણ અને મંજૂરી વિના કમ્પ્લિમેન્ટરી ટિકિટોનો ગેરકાયદે ઉપયોગ કરીને તેને પેઈડ ટિકિટ તરીકે વેચી નાખી હતી.

# બોડકદેવના વેપારી સાથે ઓનલાઈન ફ્રોડ: યુટ્યુબમાં જાહેરાત જોઈને ગણતરીના કલાકમાં ઉપડી ગયા 10,23,782 રૂપિયા

**અમદાવાદ, તા.10**



અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા બોડકદેવમાં રહેતા અને થલતેજ ખાતે એક્સપોર્ટનો વ્યવસાય સંભાળતા 54 વર્ષીય વેપારી સાથે સાયબર ઠગાઈની એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. સોશિયલ મીડિયા પર દેખાતી લોભામણી જાહેરાતો કેવી રીતે જોખમી સાબિત થઈ શકે છે તેનું આ તાજું ઉદાહરણ છે. Youtube પર HSBC બેંકના ક્રેડિટ કાર્ડની એક આકર્ષક જાહેરાત જોઈને તેના પર ક્લિક કરવું વેપારીને ભારે પડી ગયું છે. સાયબર ઠગોએ બેંક અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને વોટ્સએપ વિડીયો કોલના માધ્યમથી ક્રેડિટ કાર્ડની ખાનગી માહિતી મેળવી લીધી અને ગણતરીના કલાકોમાં જ ખાતામાંથી 10,23,782 રૂપિયા સેરવી લીધા. આ મામલે પીડિત વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ સાયબર ફ્રોડનો ભોગ બનનાર જીગ્નેશભાઈ જસભાઈ પટેલ છેલ્લા 2 વર્ષથી અમેરિકન એક્સપ્રેસ (AMEX) નું પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ નિયમિતપણે વાપરી રહ્યા છે. ગત 4 સપ્ટેમ્બરે સવારના સુમારે જ્યારે તેઓ Youtube પર વિડીયો જોઈ રહ્યા હતા, ત્યારે સ્ક્રીન પર HSBC બેંકના ક્રેડિટ કાર્ડની એક જાહેરાત આવી હતી. આ એડ પર ક્લિક કર્યાની થોડીવારમાં જ તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર શખ્સે પોતે HSBC બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલતો હોવાની ખોટી ઓળખ આપી હતી અને જણાવ્યું હતું કે AMEX કાર્ડ ધારકો માટે તેમની બેંક દ્વારા વિશેષ પ્રીમિયમ ક્રેડિટ કાર્ડની ઓફર પ્રદાન કરવામાં આવી રહી છે.

આ પ્રીમિયમ કાર્ડ મેળવવાની પ્રોસેસ પૂર્ણ કરવાના બહાને ઠગે જીગ્નેશભાઈને વોટ્સએપ વિડીયો કોલ કરવા માટે પ્રેરિત કર્યા હતા. વિડીયો કોલ ચાલુ હતો દરમિયાન ઠગની સૂચના મુજબ જીગ્નેશભાઈએ પોતાનું અમેરિકન એક્સપ્રેસ ક્રેડિટ કાર્ડ આગળ અને પાછળથી કેમેરામાં બતાવ્યું હતું. ચાલાક ઠગે આ કોલ દરમિયાન જ કાર્ડની તમામ ગુપ્ત વિગતો નોંધી લીધી હતી અને ગણતરીની મિનિટોમાં જ ક્રેડિટ કાર્ડનો પાસવર્ડ બદલી નાખીને કાર્ડનું સંપૂર્ણ એક્સેસ પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું. એ જ દિવસે રાત સુધીમાં ઠગોએ ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરીને કુલ 10,23,782 રૂપિયા ઉપાડી લીધા હતા. રાત્રે 8 વાગ્યે AMEX કંપની તરફથી શંકાસ્પદ વ્યવહાર અંગે ફોન આવતા અને ઈમેલ ચેક કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

પોતાની સાથે થયેલી આ મોટી છેતરપિંડીની જાણ થતાં જ જીગ્નેશભાઈએ ત્વરિત જાગૃતિ દાખવીને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર સંપર્ક કર્યો હતો અને આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. સાયબર ક્રાઈમ પોલીસે આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને Youtube પર આ ફ્રોડ એડ ચલાવનાર તેમજ બેંક કર્મચારી તરીકે ફોન કરનાર ભેજાબાજોની શોધખોળ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા બેંક ખાતાઓની વિગતો અને આઈપી એડ્રેસના આધારે ટેક્નિકલ તપાસ સઘન બનાવવામાં આવી છે.

# અમદાવાદ રેલવે પોલીસની સરાહનીય કામગીરી, રિક્ષામાં ભૂલાયેલી રૂ.3.3 લાખની રોકડ ભરેલી બેગ માલિકને સોંપી

**અમદાવાદ, તા.10**



અમદાવાદ: અમદાવાદ રેલવે પોલીસે પોતાની ત્વરિત, ક્ષમતાપૂર્વકની અને પ્રશંસનીય કામગીરીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતાં ઓટો રિક્ષામાં ભૂલથી રહી ગયેલી રૂ. 3 લાખની મોટી રોકડ રકમ ભરેલી હેન્ડબેગ ગણતરીના કલાકોમાં શોધી કાઢી હતી. પોલીસે તમામ કાનૂની અને સુરક્ષા સંબંધિત ચકાસણી પૂર્ણ કર્યા બાદ આ રોકડ રકમ તેના મૂળ માલિકને સહીસલામત પરત સોંપીને ઈમાનદારી અને પોલીસ સક્રિયતાનો ઉત્તમ સંદેશ આપ્યો છે.

ઘટનાની વિગતવાર માહિતી મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા ભાઈલાલભાઈ નામના નાગરિકે મુંબઈ જવાનું હોવાથી તેઓ કાલુપુર સ્થિત અમદાવાદ મુખ્ય રેલવે સ્ટેશન જવા માટે ઘરેથી ઓટો રિક્ષામાં નીકળ્યા હતા. રેલવે સ્ટેશન પહોંચીને ટ્રેન પકડવાની ઉતાવળ અને દોડધામમાં તેઓ પોતાની પાસે રહેલી રૂ. 3 લાખની રોકડ ભરેલી બેગ રિક્ષાની સીટ પર જ ભૂલી ગયા હતા અને સ્ટેશન અંદર જતા રહ્યા હતા. થોડા સમય બાદ જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે રૂ. 3 લાખની માતબર રકમ ધરાવતી તેમની બેગ રિક્ષામાં જ રહી ગઈ છે, ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજીને ભાઈલાલભાઈએ સહેજ પણ સમય બગાડ્યા વિના તાત્કાલિક અમદાવાદ રેલવે પોલીસ (GRP) મથકનો સંપર્ક સાધ્યો હતો અને સમગ્ર બનાવ અંગે વિગતવાર જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ તરત જ એક્શનમાં આવી ગઈ હતી. પોલીસે ભાઈલાલભાઈ પાસેથી તેઓ જે રિક્ષામાં આવ્યા હતા તેના સમય અને વર્ણન અંગેની પ્રાથમિક માહિતી મેળવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

રેલવે પોલીસની ટેકનિકલ અને સર્વેલન્સ ટીમે કાલુપુર રેલવે સ્ટેશન પરિસરમાં તથા બહારના મુખ્ય માર્ગો પર લાગેલા સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું હતું. આધુનિક સર્વેલન્સ ટેક્નોલોજી અને નેટવર્કની મદદથી પોલીસે ટૂંક સમયમાં જ સંબંધિત ઓટો રિક્ષા અને તેના નંબરની ચોક્કસ ઓળખ કરી લીધી હતી. રિક્ષાની ઓળખ થતાં જ પોલીસે લોકેશન અને સંપર્ક સૂત્રોના આધારે રિક્ષાચાલકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે રિક્ષાચાલક પાસેથી રોકડ રકમ ભરેલી હેન્ડબેગ સંપૂર્ણપણે સુરક્ષિત હાલતમાં કબ્જે લીધી હતી. ત્યારબાદ રેલવે પોલીસ સ્ટેશન ખાતે ભાઈલાલભાઈને બોલાવીને તમામ જરૂરી કાગળો, પુરાવા અને ખાતરીપૂર્વકની ચકાસણી કર્યા બાદ રૂ. 3 લાખની રોકડ ભરેલી બેગ તેમને સુપ્રત કરવામાં આવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 'વિચારું છું કે કોકરોચ બની જાઉં': બેંકોને 14,000 કરોડ પાછા આપ્યા, છતાં પણ ભાગેડુ કહે છે, વિજય માલ્યાએ કહ્યું- બ્રિટન છોડવા પર રોક

**લંડન, તા.10**

લંડનમાં રહેતા ઉદ્યોગપતિ વિજય માલ્યાએ બુધવારે મોડી રાત્રે ફરીથી ભારત સરકાર પર અન્યાયનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે બ્રિટનમાં ચાલી રહેલી કાનૂની પ્રક્રિયાને કારણે હું ભારત પાછો ફરી શકતો નથી.

માલ્યાએ દાવો કર્યો કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં તેમની પાસેથી 14,000 કરોડ રૂપિયાથી વધુની વસૂલાતની વાત સ્વીકારી છે. આ રકમ તે બેંકોને આપવામાં આવી હતી, જેના પૈસા તેમના પર બાકી બોલતા હતા.

માલ્યાએ બુધવારે મોડી રાત્રે પણ X પર ઘણી પોસ્ટ કરી. તેમાં તેમણે હાલના કોકરોચ જનતા પાર્ટી (CJP) ના પ્રદર્શનોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમની સાથે હજુ પણ અન્યાય થઈ રહ્યો છે.

વિજયે એક પોસ્ટમાં એમ પણ કહ્યું, 'મારી સાથે થઈ રહેલા અન્યાયને જોતા મને લાગે છે કે મારે કોકરોચ બની જવું જોઈએ. કદાચ કોકરોચ બનીને હું વધુ સારું જીવન જીવી શકું.'

વિજય માલ્યા પર હવે બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સ માટે SBI સહિત અનેક બેંકો પાસેથી



લીધેલા 9,000 કરોડના લોન ડિફોલ્ટનો આરોપ છે.

માલ્યાએ પોતાની સામે ચાલી રહેલા કેસોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'હું ફરીથી કહેવા માંગુ છું કે સૌથી ખતરનાક ગણાતી ગુનાહિત એજન્સી EDએ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં પુષ્ટિ કરી છે કે તેણે 2021માં બેંકોને 14,000 કરોડ રૂપિયાથી વધુ આપ્યા હતા. જો તમે મારી વાત પર વિશ્વાસ ન કરતા હો તો તેને ભૂલી જાઓ. EDએ જે કહ્યું છે, તેના પર ધ્યાન આપો.'

માલ્યાએ મંગળવારની પોતાની પોસ્ટનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ ભાગેડુ નથી અને બ્રિટનની કાનૂની પ્રક્રિયાએ તેમને ભારત પાછા ફરતા રોકી રાખ્યા છે.

તેમણે કહ્યું કે બેંકોને પૈસા પાછા આપવા એ તેમની ભારતમાં શારીરિક હાજરી પર નિર્ભર નથી. માલ્યાએ લખ્યું, 'મારી પોસ્ટ પર મળેલી મિશ્ર પ્રતિક્રિયાઓ બદલ આભાર. પ્રેમ અને નફરત સાથે-સાથે ચાલે છે. હું તમારા અભિપ્રાયને સન્માન સાથે સ્વીકારું છું.' તેમણે વધુમાં કહ્યું, 'જે લોકો કાયમી નિવાસ અને નાગરિકતાનો તફાવત સમજતા નથી અને જેઓ માને છે કે પૈસા પાછા આપવા શારીરિક હાજરી પર નિર્ભર છે, તેમણે ફરીથી વિચારવું જોઈએ.'

માલ્યાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'જે લોકો મને ભારત આવવાનો ઈનકાર કરનાર ભાગેડુ કહે છે, તેમને ખબર હોવી જોઈએ કે હું 1992થી યુનાઈટેડ કિંગડમ (UK)નો કાયમી રહેવાસી છું. હાલમાં મને કાયદેસર રીતે આ દેશ છોડતા રોકવામાં આવ્યો છે.'

માલ્યાએ એ પણ કહ્યું કે મારા કેસમાં ભારત સરકારની 'પોસ્ટર બોય' કાર્યવાહીથી આ બધું શરૂ થયું. સરકારે મારી વિરુદ્ધ અત્યંત અન્યાયી વલણ અપનાવ્યું.

માલ્યાએ ED દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામાનો એક ભાગ શેર કર્યો. તેમણે દાવો કર્યો કે તેમાં તેમની પાસેથી 14,131.60 કરોડ રૂપિયાની વસૂલાતનો ઉલ્લેખ છે.

તેમણે લખ્યું, “બોમ્બે હાઈકોર્ટમાં ED દ્વારા દાખલ કરાયેલું સોગંદનામું. ફકરા 7માં નિશ્ચિત દેવું છે અને ફકરા 17માં 2021માં વસૂલ કરાયેલા 14,131.60 કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યા છે.”

માલ્યાએ કહ્યું કે પાંચ વર્ષ પછી પણ તેમને એવા વ્યક્તિ તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે, જેમણે બેંકોને છેતર્યા છે. તેમણે વસૂલાતનો હિસાબ દર્શાવતું એક ટેબલ પણ શેર કર્યું. માલ્યાએ દાવો કર્યો કે તેમને ખોટી રીતે ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે.

તેમણે લખ્યું, “જે લોકો નિષ્પક્ષ અને સાચા હિસાબ-કિતાબ પર ભરોસો કરે છે, તેઓ આ કોષ્ટક જુએ. શું મીડિયા દ્વારા મને આ રીતે નિશાન બનાવવો અને કોઈ પત્રકારની સ્ક્રિપ્ટની શરૂઆતમાં જ મને છેતરપિંડી કરનાર કહેવું યોગ્ય છે? એ પૂછવાનું શરૂ કેમ નથી કરવામાં આવતું કે મને મારું રિફંડ ક્યારે મળશે?”

વિજય માલ્યા માર્ચ 2016માં યુકે ભાગી ગયો હતો. ત્યારબાદ વર્ષ 2019માં અધિકારીઓએ ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ (FEOA) હેઠળ તેને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કર્યો હતો.

કાયદા હેઠળ સત્તાવાળાઓને તેની સંપત્તિઓ જપ્ત કરવાનો અધિકાર મળ્યો છે. ભારત સરકાર સતત યુકે પાસેથી તેના પ્રત્યાર્પણનો પ્રયાસ કરી રહી છે.

કાયદો તે આર્થિક અપરાધીઓ પર લગામ કસવા માટે બનાવવામાં આવ્યો છે જેઓ ભારતીય કોર્ટની કાર્યવાહી અને ધરપકડથી બચવા માટે દેશ છોડીને ભાગી જાય છે.

આ કાયદા હેઠળ કોર્ટને કેસની સુનાવણી પૂરી થાય તે પહેલાં જ આરોપીની દેશ અને વિદેશમાં રહેલી સંપત્તિઓને એટેચ એટલે કે જપ્ત કરવાનો અને તેમને હરાજી/વેચીને બેંકોનું બાકી લેણું વસૂલવાનો અધિકાર મળે છે.

વર્ષે ફેબ્રુઆરીમાં બોમ્બે હાઈકોર્ટે વિજય માલ્યાને ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતું કે ઈરાદાપૂર્વક કોર્ટની કાર્યવાહીથી બચનાર વ્યક્તિ ન્યાયી રાહતની માંગ કરી શકતો નથી.

# ભારત પાસે 190 પરમાણુ હથિયારો: નવી મિસાઈલો સાથે સમુદ્રમાં બનાવી રહ્યું છે 'ન્યુક્લિયર કવચ'

**નવી દિલ્હી, તા.10**

ભારત પાસે 190 પરમાણુ હથિયારો છે. તેમાંથી 160થી વધુ હથિયારો એવી મિસાઈલો અને અન્ય સિસ્ટમ્સ માટે તૈયાર છે, જે પરમાણુ હુમલો કરવામાં સક્ષમ છે. આ માહિતી અમેરિકન થિંક ટેન્ક ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સ (FAS)ના નવા રિપોર્ટમાં સામે આવી છે.

રિપોર્ટ મુજબ, ભારત પાસે 225 વધુ પરમાણુ હથિયારો બનાવવા માટે પ્લુટોનિયમ પણ છે. આ ઉપરાંત, તે સમુદ્રમાં 'ન્યુક્લિયર કવચ' પણ બનાવી રહ્યું છે.

ભારત સતત પોતાની પરમાણુ શક્તિને આધુનિક બનાવી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા નવા પરમાણુ સક્ષમ હથિયારો સેનામાં સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે, કેટલીક નવી હથિયાર સિસ્ટમ્સ હજુ તૈયાર કરવામાં આવી રહી છે. FASનો અંદાજ છે કે આવનારા સમયમાં ભારતના પરમાણુ હથિયારોની સંખ્યા વધી શકે છે.

રિપોર્ટ અનુસાર, 2026ની શરૂઆત સુધીમાં ભારત પાસે લગભગ 730 કિલો હથિયાર બનાવતું પ્લુટોનિયમ હોવાનો અંદાજ છે. આ રીતે તે 225 વોરહેડ્સ સુધી બનાવી શકે છે.

જોકે, રિપોર્ટ પોતે સ્પષ્ટ કરે છે કે આ માત્ર એક અંદાજ છે, વાસ્તવિક સંખ્યા વોરહેડની ડિઝાઈન અને રિઝર્વમાં રાખેલી



સામગ્રી પર આધાર રાખે છે.

ભારતે અગ્નિ-Vમાં MIRV ટેકનોલોજીનું પરીક્ષણ કર્યું છે. આનો અર્થ એ છે કે એક મિસાઈલમાં અનેક વોરહેડ્સ લઈ જવાની ક્ષમતા વિકસાવવી, જેને અલગ-અલગ લક્ષ્યો તરફ મોકલી શકાય છે.

2024 પછી મે 2026માં પણ અનેક પેલોડ્સ સાથે પરીક્ષણ થયું. FASનો અંદાજ છે કે અગ્નિ-V સંભવતઃ ત્રણ વોરહેડ્સ લઈ જઈ શકે છે, જોકે આમ કરવાથી તેની મહત્તમ રેન્જ પ્રભાવિત થઈ શકે છે.

એપ્રિલ 2026માં ભારતના 500 મેગાવોટ પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર (PFBR) એ પ્રથમ વખત ક્રિટિકાલિટી મેળવી. FASના અંદાજ મુજબ 80% ક્ષમતા પર ચાલવા પર તે સૈદ્ધાંતિક રીતે વાર્ષિક આશરે 140 કિલો પ્લુટોનિયમ-239 ઉત્પન્ન કરી શકે છે. તેનાથી આશરે 35 વોરહેડ બની શકે છે. આગળ આવા વધુ ફાસ્ટ બ્રીડર રિએક્ટરોની યોજના છે.

ભારતનું પરમાણુ કવચ હવે સમુદ્રમાં પણ મજબૂત થઈ રહ્યું છે. પરમાણુ સબમરીન INS અરિધમાન એપ્રિલ 2026માં નૌકાદળમાં સામેલ થઈ. FAS અનુસાર, તેમાં 8 મિસાઈલ ટ્યુબ છે, જ્યારે INS અરિહંત અને INS અરિઘાતમાં 4-4 ટ્યુબ છે. આવી જ એક વધુ સબમરીન 2027માં સામેલ થવાની યોજના જણાવવામાં આવી છે. આગળ S5 શ્રેણીની વધુ મોટી પરમાણુ સબમરીનની તૈયારી પણ ચાલી રહી છે.

SIPRI ઈયરબુક 2026 મુજબ ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પાસે કુલ 12,187 પરમાણુ હથિયારો છે. તેમાંથી 9,745 ઉપયોગ માટે તૈયાર છે.

# ભારતે નેપાળ માટે 8મી વખત રાહત સામગ્રીનો જથ્થો મોકલ્યો: 35 ટન રાહત સામગ્રી કાઠમંડુ પહોંચી

**કાઠમંડુ, તા.10**

નેપાળમાં ભયાનક પૂર પછી ભારતે 35 ટન રાહત અને બચાવ સામગ્રીની 8મી ખેપ મોકલી. ભારતીય વાયુસેનાનું વિમાન બુધવારે કાઠમંડુ પહોંચ્યું. આ સાથે ભારત અત્યાર સુધીમાં 130 ટનથી વધુ રાહત સામગ્રી મોકલી ચૂક્યું છે.

તેમાં તંબુ, ધાબળા, હાઈજીન કીટ, સોલર લેમ્પ, દવાઓ અને બચાવ ઉપકરણોનો સમાવેશ થાય છે. ભારતે 26 ઓગસ્ટે રાહત અભિયાન શરૂ કર્યું હતું.

નેપાળ પોલીસનાં જણાવ્યા અનુસાર, પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 1367 મૃતદેહો મળી આવ્યા છે. 102 મૃતદેહોની ઓળખ થઈ ચૂકી છે. ઓળખ માટે DNA સેમ્પલ એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને ભારત સહિત ઘણા દેશોના ફોરેન્સિક નિષ્ણાતો મદદ કરી રહ્યા છે.

રસુવા જિલ્લાના ચિલિમે હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાં નેપાળી અને ભારતીય સેનાની ટીમ સંયુક્ત રીતે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. ટીમ અત્યાર સુધી સર્વિસ ટનલની અંદર લગભગ 105 મીટર સુધી પહોંચી ગઈ છે.

પ્રોજેક્ટ સુધી જતા રસ્તા પરથી કાટમાળ હટાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારની બંને બાજુએ અવરજવર માટે રોપ લાઇન લગાવી દેવામાં આવી છે.

પૂર આવ્યું તે જ દિવસે નેપાળી સેનાની ટીમ ઘટનાસ્થળે પહોંચી



ગઈ હતી. ટીમે પહેલાં વિસ્તારનું નિરીક્ષણ કર્યું અને પછી ટનલના મુખમાંથી માટી અને કાટમાળ હટાવીને અંદર ગઈ. અહીંથી બે લોકોના મૃતદેહ મળી આવ્યા હતા.

રેસ્ક્યુ ઓપરેશનને ઝડપથી આગળ વધારવા માટે, ઘટનાસ્થળે હાજર એક્સકેવેટરની સાથે બોબકેટ એક્સકેવેટરને પણ સતત કાટમાળ હટાવવા અને ખોદકામમાં લગાવવામાં આવ્યું છે.

નેપાળમાં ભોટેકોશી નદીનાં પૂર પછી ગુમ થયેલાં લોકો અને અજાણ્યા મૃતદેહોની ઓળખ માટે FaceTagr AI ટેકનોલોજીની મદદ લેવાઈ રહી છે. આ ફોટા અને વિડીયોમાં ચહેરાઓનો મેળવીને ગુમ થયેલા લોકો સાથે સંભવિત મેચ શોધે છે.

FaceTagr હજારો રેકોર્ડમાંથી 5-10 સંભવિત મેચ સામે લાવે છે. પરિવારો આ મેચને જોઈ શકે છે, જ્યારે અંતિમ ઓળખ નેપાળ પોલીસ અથવા સંબંધિત સરકારી એજન્સીઓ કરે છે.

FaceTagr સાથે જોડાયેલા સમીર પંથીનાં જણાવ્યા અનુસાર, અત્યાર સુધી લગભગ 500 ગુમ થયેલા લોકોનું રજીસ્ટ્રેશન થયું છે. સિસ્ટમે લગભગ 90 મૃતદેહોની ઓળખમાં મદદ કરી છે. જોકે, આ નેપાળ પોલીસનાં કુલ સત્તાવાર ઓળખ આંકડાથી અલગ છે.

ભારતે રાહત સામગ્રી સાથે 54 નિષ્ણાતોને પણ નેપાળ મોકલ્યા છે. તેમાં ટનલ બચાવ અને ફોરેન્સિક નિષ્ણાતોનો સમાવેશ થાય છે. વિશેષ બચાવ ટીમ નેપાળી સેના સાથે ચિલિમે અને લાંગટાંગમાં અભિયાન ચલાવી રહી છે, જ્યારે ફોરેન્સિક નિષ્ણાતો કાઠમંડુની બે લેબમાં DNA તપાસમાં મદદ કરી રહ્યા છે. ભારતે આ માટે DNA કીટ, રિએજન્ટ અને પ્રોફાઈલિંગ ઉપકરણો પણ ઉપલબ્ધ કરાવ્યા છે.

# લગ્નમાં દુલ્હને 8 કરોડનું સોનું પહેર્યું! મહેમાનોની આંખો ચમકી ગઈ: 5 કિલો સોનું પહેરેલી દુલ્હન, શાહી લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ વરરાજાને ઉઠાવી ગઈ

**લંડન, તા.10**

લગ્નમાં સજેલી દુલ્હને જ્યારે લગભગ 8 કરોડ રૂપિયાનું સોનું પહેર્યું ત્યારે દરેકની નજર તેના પર જ રહી. આ શાહી લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો અને દુલ્હનના ઘરેણાંની ખૂબ ચર્ચા થવા લાગી. પરંતુ વીડિયો વાયરલ થયા પછી મામલો અચાનક પલટાઈ ગયો અને પોલીસે વરરાજાની ધરપકડ કરી લીધી. આખરે કરોડોના ઘરેણાંવાળા આ લગ્નનો પોલીસ કાર્યવાહી સાથે શું સંબંધ છે, તેને લઈને લોકો સવાલ પૂછી રહ્યા છે.

તુર્કીમાં સોશિયલ મીડિયા પર ચર્ચિત નામ 'વાનલી કારા હૈદર'નું અસલી નામ મેહમેટ ફાતિહ ટાંચાલન જણાવવામાં આવે છે. થોડા દિવસ પહેલા તેમને સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટ સંબંધિત મામલામાં ધરપકડ કરવામાં આવી હતી. હવે તેમની પત્ની અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ala z (ચાગલા ઓઝ)ને પણ ઈસ્તંબુલમાં પોલીસે કસ્ટડીમાં લીધી છે. આ કાર્યવાહી તેમના પતિ વિરુદ્ધ ચાલી રહેલી તપાસના સંબંધમાં થઈ છે. પતિ-પત્ની બંને પોલીસની તપાસના ઘેરામાં આવ્યા પછી આ મામલો ફરી ચર્ચામાં છે.

કોણ છે ala z સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને તેમને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે ઓળખવામાં આવે છે.



તેમના લગ્ન મેહમત ફાતિહ તાંચાલન સાથે થયા છે. બંનેના લગ્ન તે સમયે ખૂબ ચર્ચામાં આવ્યા હતા, જ્યારે લગ્નમાં મોટી માત્રામાં સોનું, વિદેશી ચલણ અને રૂપિયા બતાવવામાં આવ્યા હતા. રિપોર્ટ મુજબ, તેમના લગ્નમાં લગભગ 44 મિલિયન ટર્કિશ લીરા એટલે કે લગભગ 8.64 કરોડ રૂપિયાની કિંમતના ઘરેણાં અને અન્ય વસ્તુઓ હોવાનું સામે આવ્યું હતું. આ જ કારણોસર લગ્નની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા હતા.

તુર્કીની Szc (સોઝકુ) વેબસાઈટ અનુસાર, મેહમત ફાતિહ તાંચાલન વિરુદ્ધ ચાલી રહેલી તપાસમાં પોલીસ અને અધિકારીઓની નજર માત્ર સોશિયલ મીડિયા પોસ્ટ પર નથી. હવે તેમની અને તેમની પત્નીની સંપત્તિ સંબંધિત પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં એ જોવામાં આવી રહ્યું છે કે તેમની પાસે રહેલી સંપત્તિ, સોનું, વિદેશી ચલણ અને લગ્નમાં મળેલી મોંઘી વસ્તુઓનો સ્ત્રોત શું હતો. ખાસ કરીને સોશિયલ મીડિયા પર દેખાતી તેમની લક્ઝરી લાઈફસ્ટાઈલ અને લગ્નમાં દર્શાવવામાં આવેલી મોટી માત્રામાં જ્વેલરીને લઈને સવાલો ઉભા થયા છે. ala zની અટકાયત પહેલા તેમના પતિ મેહમત ફાતિહ તાંચાલનની ધરપકડ કરવામાં આવી હતી. તેમને 'ગુનામાંથી મેળવેલી સંપત્તિને કાયદેસર બનાવવી' એટલે કે ગુનામાંથી મેળવેલી સંપત્તિને છુપાવીને અથવા અન્ય કોઈ રીતે કાયદેસર દર્શાવવા સંબંધિત આરોપના કેસમાં કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કોર્ટે તેમને જેલમાં ધકેલવાનો નિર્ણય કર્યો. હવે આ જ તપાસ આગળ વધ્યા પછી તેમની પત્ની ala z પણ તપાસના ઘેરામાં આવી ગઈ છે. તુર્કીની કુમુરિયત વેબસાઈટ મુજબ, પૂછપરછ દરમિયાન લગ્નમાં બતાવેલા દાગીના અંગે એક મહત્વપૂર્ણ દાવો સામે આવ્યો છે. રિપોર્ટ અનુસાર, આરોપી પક્ષે જણાવ્યું કે લગ્નમાં બતાવેલા ઘણા દાગીના ભાડે લીધા હતા. દાવા મુજબ, આ દાગીના મુરાદિયે વિસ્તારમાં એક પરિચિત જ્વેલર પાસેથી ભાડે લેવામાં આવ્યા હતા અને લગ્ન થઈ ગયા પછી તેમને પાછા આપી દેવામાં આવ્યા હતા. એટલે કે દાવો એ છે કે લગ્નમાં બતાવેલા તમામ દાગીના તેમની અંગત સંપત્તિ નહોતા. તુર્કીની Szc (સોઝકુ) વેબસાઈટ મુજબ, તપાસ દરમિયાન અન્ય એક દાવો કરવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર, ala z સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર હોવાને કારણે અને કંપનીઓની જાહેરાતોમાં દેખાતી હોવાને કારણે કેટલીક કંપનીઓએ લગ્નને સ્પોન્સર કર્યા હતા. એટલે કે, આ પક્ષનું કહેવું હતું કે લગ્નમાં દર્શાવવામાં આવેલી મોંઘી વસ્તુઓ અને ઘરેણાં કંપનીઓ દ્વારા સ્પોન્સરશિપ હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જોકે, કોર્ટના દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું હતું કે આ દાવાને સાબિત કરતી પૂરતી માહિતી કે દસ્તાવેજો તપાસ ફાઈલમાં મળ્યા નથી. મુખ્ય લોક અભિયોજક કાર્યાલય (Office of the Chief Public Prosecutor) ના નિર્દેશ મળ્યા પછી પોલીસ ટીમે કાર્યવાહી શરૂ કરી. પોલીસ ટીમ 8 સપ્ટેમ્બર 2026 ની રાત્રે લગભગ 3 વાગ્યે તુર્કીના વેન પ્રાંતના મુરાદિયે જિલ્લામાં આવેલા 'તાંચાલન' ના ઘરે પહોંચી. પોલીસે મેહમત ફાતિહ તાંચાલનને તેના ઘરેથી કસ્ટડીમાં લીધો. ત્યારબાદ તેને પૂછપરછ અને કાનૂની પ્રક્રિયા પૂરી કરવા માટે લઈ જવામાં આવ્યો.

પોલીસની કાર્યવાહી રાત્રિના સમયે થવાને કારણે આ મામલો સ્થાનિક સ્તરે પણ ચર્ચામાં આવ્યો. જોકે, કોઈ વ્યક્તિ વિરુદ્ધ તપાસ શરૂ થવી કે કસ્ટડીમાં લેવામાં આવવું એ પોતે જ દોષ સાબિત કરતું નથી. મામલામાં આગળની કાનૂની પ્રક્રિયા અને તપાસના આધારે જ સ્થિતિ સ્પષ્ટ થશે.

કુમુરિયત વેબસાઈટ મુજબ, કેસ સંબંધિત માહિતીમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે પોલીસે મેહમત ફાતિહ તાંચાલન વિરુદ્ધ અગાઉથી 25 ગુનાહિત રેકોર્ડ નોંધ્યા છે. જોકે, આ તમામ રેકોર્ડનું સ્વરૂપ શું છે અને તેઓ કયા કેસો સાથે સંકળાયેલા છે, તેની સંપૂર્ણ માહિતી આ માહિતીમાં આપવામાં આવી નથી. તેથી ફક્ત રેકોર્ડની સંખ્યાના આધારે કોઈ વ્યક્તિને દોષિત માનવું યોગ્ય રહેશે નહીં. દરેક કેસની અલગ કાનૂની સ્થિતિ હોઈ શકે છે અને કોર્ટની પ્રક્રિયામાં તેના તથ્યોની તપાસ કરવામાં આવે છે. હાલમાં સામે આવેલી માહિતી અનુસાર, આ કાર્યવાહીનું મુખ્ય કારણ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટ છે. પ્રોસિક્યુશન (Prosecution) એ માન્યું કે પોસ્ટ TCKની કલમ 301 હેઠળ તપાસનો વિષય હોઈ શકે છે.

# આતંકવાદીઓએ ફરી કાશ્મીરી પંડિતોને ધમકીભર્યો પત્ર મોકલ્યો: 6000 કર્મચારીઓમાં ડર, ઓફિસ નથી જઈ રહ્યા; સાંજ પહેલા જ ઘરોમાં કેદ થઈ રહ્યા છે

**શ્રીનગર, તા.10**

લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા આતંકવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ (યુએલસી)એ કાશ્મીરી પંડિતોના નામે વધુ એક પત્ર જારી કર્યો છે. આ એક મહિનામાં જારી થયેલો છઠ્ઠો પત્ર છે. આ વખતે પીએમ પેકેજ હેઠળ અહીં કામ કરી રહેલા કાશ્મીરી પંડિત કર્મચારીઓ નિશાન પર છે. આતંકવાદીઓએ આ કર્મચારીઓના ફોન નંબર, સરનામું અને વાહનોની વિગતો પણ મેળવી છે. પત્રમાં બિન-સ્થાનિક કર્મચારીઓના મૃતદેહ તેમના ઘરે મોકલવાની ધમકી આપવામાં આવી છે. આ પછી કાશ્મીરી પંડિતોના સંગઠન ઓલ પીએમ પેકેજ એમ્પ્લોઈઝ એસોસિએશને વડાપ્રધાન અને ઉપરાજ્યપાલને તપાસ કરવા અને સુરક્ષા માટે વિનંતી કરી છે. લશ્કર સાથે સંકળાયેલા આતંકવાદી સંગઠન યુએલસીના પોસ્ટર/પત્રો સોશિયલ



મીડિયા અને વિસ્તારની દિવાલો પર કેટલીક જગ્યાએ ચોંટાડેલા મળ્યા છે. ધમકીઓ પછી ઘણા કર્મચારીઓએ ઓફિસ જવાનું છોડી દીધું છે, તો કેટલાક જમ્મુ પાછા ફર્યા છે. બડગામ જિલ્લા મુખ્યાલયથી 3 કિમી દૂર શેખૂપુરા આવેલું છે. જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પંડિત પરિવારોની બીજી સૌથી મોટી કોલોની. લગભગ 330 પરિવારો 12 ફૂટ ઊંચી બાઉન્ડ્રી વોલની અંદર હાલના દિવસોમાં ભયભીત જીવન જીવી રહ્યા છે. એક મહિના પહેલાં સુધી તેમને કોલોનીમાંથી બહાર આવવા-જવા માટે કોઈની પરવાનગીની જરૂર નહોતી પડતી, પરંતુ હવે કોલોનીના ગેટ પર તૈનાત જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPF કમાન્ડોને દરેક વિગત લખાવવી પડી રહી છે. આઈડી કાર્ડ ગળામાં લટકાવીને રાખવું પડે છે. અહીંથી નીકળતી વખતે જવાનો સ્પષ્ટ શબ્દોમાં સમજાવી રહ્યા છે કે સાંજે 4 વાગ્યા પહેલા પાછા આવી જવું. હાલમાં આ જ પ્રોટોકોલ છે. ભાસ્કર ટીમ જ્યારે કોલોની પહોંચી ત્યારે સુરક્ષા દળોએ અંદર જવા દીધા નહીં. જમ્મુ-કાશ્મીરમાં 2008ના પીએમ પેકેજ હેઠળ લગભગ 6 હજાર કાશ્મીરી પંડિતોને નોકરી અને આવાસ આપવામાં આવ્યા છે. આ લોકો શેખૂપુરા, કુલગામના વુસ્સૂ કેમ્પ, બારામુલા, કુપવાડામાં પરિવારો સાથે રહી રહ્યા છે. આ કોલોનીઓ 24 કલાક સુરક્ષા ઘેરામાં રહે છે. આમાંથી પણ સૌથી વધુ 426 પરિવારો વુસ્સુમાં છે. કોલોનીના 200 મીટરના દાયરામાં કેટલીક દુકાનો છે, જ્યાં પીએમ પેકેજ હેઠળ 2010માં શેખૂપુરા આવીને વસેલા કાશ્મીરી પંડિત પરિવારો સાથે વાત થઈ.

એક પરિવારે ઓળખ જાહેર ન કરવાની શરતે વાત કરી. તેમણે જણાવ્યું કે હવે ડૉક્ટર પાસે જવા કે રાશન લાવવા જેવા સામાન્ય કામો માટે પણ જવાનોને પહેલાં જાણ કરવી પડે છે. અમે તો કોઈક રીતે ઓફિસ જવાનું ટાળી રહ્યા છીએ, પણ બાળકોનું શું કરીએ? તેમને સ્કૂલે મોકલીને દિવસમાં દસ વાર ફોન કરીને તેમની ખબર પૂછવી પડે છે. ઘણા પરિવારો અહીંથી છોડીને ચાલ્યા ગયા છે. કાશ્મીરી પંડિત સંઘર્ષ સમિતિના એક પદાધિકારીએ જણાવ્યું કે જ્યારે કોઈ વિભાગે એક-બે દિવસ પહેલાં જ કર્મચારીઓનો ડેટા એકત્રિત કર્યો, તો તે આટલી જલદી આતંકવાદીઓના હાથમાં કેવી રીતે પહોંચી ગયો? અમે તેની તપાસ ઈચ્છીએ છીએ. અન્ય એક પરિવારે જણાવ્યું કે કોલોનીની અંદર કોઈ ડર નથી, કારણ કે અહીં અમારી સુરક્ષામાં દરેક સમયે પોલીસ જવાનો હાજર રહે છે. બહાર પણ હવે બાઉન્ડ્રી વોલની ચારેય બાજુ 4 થી 6 પોસ્ટ બનાવી દેવામાં આવી છે.

# માંડ માંડ બચ્યા યુક્રેનનાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી: વિમાન સાથે ડ્રોન ટકરાવાનું હતું

**ઓસ્લો/કિવ, તા.10**

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીનું વિમાન મંગળવારે મોલ્દોવાથી ઉડાન ભરતી વખતે ડ્રોન હુમલાનો ભોગ બનતા બચી ગયું. નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરેએ બુધવારે સરકારી ટીવી સાથેની વાતચીતમાં આ દાવો કર્યો. સ્ટોરેના મતે ઝેલેન્સકીનું વિમાન મોલ્દોવાથી ઉડાન ભરવાની તૈયારીમાં જ હતું, ત્યારે જ એક ડ્રોન તેની નજીક આવી ગયું. જોકે, તેમણે ડ્રોનની દૂરી અને માહિતીના સ્ત્રોતનો ખુલાસો કર્યો ન હતો.

ઝેલેન્સકી નોર્વેના રાજા હેરાલ્ડ પાંચમાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા ઓસ્લો જઈ રહ્યા હતા. ડ્રોન એલર્ટને કારણે તેમની ઉડાનમાં વિલંબ થયો. બાદમાં મોલ્દોવાના અધિકારીઓએ દેશમાં એક રશિયન ડ્રોન પડવાની પુષ્ટિ કરી અને ઝેલેન્સકીના વિમાનને ઉડાન ભરવાની મંજૂરી આપી.

ઝેલેન્સકીનું વિમાન મોલ્દોવાના



ચિસિનાઉ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઊભું હતું. ડ્રોનની ચેતવણી મળ્યા બાદ એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું. AP અનુસાર, બાદમાં ડ્રોન એરપોર્ટથી લગભગ 160 કિલોમીટર દૂર પડીને નષ્ટ થઈ ગયું.

મોલ્દોવા દ્વારા ડ્રોનને રશિયન ગણાવવામાં આવ્યું છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ડ્રોનને જાણીજોઈને ઝેલેન્સકીના વિમાનને નિશાન બનાવવા માટે મોકલવામાં આવ્યું હતું કે તે કોઈ અન્ય લક્ષ્ય તરફ જઈ રહ્યું હતું.

અમેરિકામાં મોલ્દોવાના રાજદૂત વ્લાદિસ્લાવ કુલમિન્સ્કીએ CNN સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ડ્રોન ભૂલથી મોલ્દોવામાં ઘૂસી જવાની શક્યતા ઓછી છે.

તેમણે કહ્યું કે ઝેલેન્સકીનું વિમાન તે જ સમયે એરપોર્ટ પર ઊભું હોય અને તે જ સમયે એક જેટ-પ્રોપેલ્ડ ડ્રોન મોલ્દોવામાં પ્રવેશે, તેને માત્ર સંયોગ માનવું મુશ્કેલ છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ડ્રોનને ઝેલેન્સકીના વિમાનને નિશાન બનાવવા માટે મોકલવામાં આવ્યું હતું, ત્યારે કુલમિન્સ્કીએ કહ્યું કે કેસની તપાસ ચાલી રહી છે અને અત્યારે આ વિશે કંઈપણ કહેવું ઉતાવળભર્યું હશે.

મોલ્દોવાના રાષ્ટ્રપતિ માયા સાન્દુએ ડ્રોનના દેશમાં ઘૂસવાની ઘટનાને લોકોના જીવ માટે ગંભીર ખતરો ગણાવ્યો. તેમણે યુક્રેનની સરહદ પર આવેલા એક બોર્ડર ક્રોસિંગ પર થયેલા રશિયન ડ્રોન હુમલાની પણ નિંદા કરી. મંગળવારે થયેલા આ હુમલામાં બે લોકોના મોત થયા હતા.

## તંત્રી લેખ

# મોદીએ ત્રણ કલાક સુધી રાજ્ય કક્ષાના મંત્રીઓનો કલાસ લીધો

છેલ્લા લગભગ ૧૨ વર્ષના સમયગાળામાં ફક્ત બીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના મંત્રીઓને રૂબરૂ બોલાવી તેમની કામગીરી અને જવાબદારીઓ અંગે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજી હોવાનું સામે આવ્યું છે. લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં અંદાજે ૨૦ જેટલા રાજ્યકક્ષાના મંત્રીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ માત્ર સરકારી યોજનાઓ અને વિભાગોની કામગીરી અંગે માહિતી મેળવવામાં જ રસ દર્શાવ્યો નહોતો, પરંતુ દરેક મંત્રીની વ્યક્તિગત સમજ, વિચારસરણી અને દેશના વિકાસને લઈને તેમની દૃષ્ટિ પણ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

બેઠકનું સૌથી મહત્વપૂર્ણ પાસું એ રહ્યું કે વડાપ્રધાન મોદીએ મંત્રીઓને વિવિધ પ્રકારના સીધા અને વ્યક્તિગત સવાલો પૂછ્યા હતા. એક પછી એક દરેક રાજ્યકક્ષાના મંત્રીને વિકસિત ભારતના લક્ષ્યને લઈને પોતાના વિચારો રજૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું. આગામી વર્ષોમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં સરકારની ભૂમિકા શું હોવી જોઈએ અને અલગ અલગ મંત્રાલયો આ દિશામાં કેવી રીતે અસરકારક યોગદાન આપી શકે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

સૂત્રો અનુસાર, બેઠક દરમિયાન ગ્રામીણ વિકાસ, સામાજિક ન્યાય અને ગરીબ કલ્યાણ સાથે જોડાયેલી વિવિધ સરકારી યોજનાઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશન બાદ વડાપ્રધાન મોદીએ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સામાન્ય માહિતી પર સંતોષ માનવાને બદલે વ્યક્તિગત રીતે મંત્રીઓ પાસે યોજનાઓ અને તેના અમલીકરણ અંગે જાણકારી મેળવી હતી. તેમણે દરેક મંત્રીને પોતાની જવાબદારી હેઠળના ક્ષેત્ર વિશે કેટલી વ્યવહારુ સમજ છે તે જાણવા માટે અલગ અલગ પ્રશ્નો કર્યા હતા.

બેઠક દરમિયાન કેટલાક મંત્રીઓ જવાબ આપતી વખતે મોટી સંખ્યામાં આંકડા અને સરકારી માહિતી રજૂ કરવા લાગ્યા હતા. જોકે, વડાપ્રધાન મોદીએ આ પ્રકારની રજૂઆત અંગે પોતાની નારાજગી વ્યક્ત કરતાં મંત્રીઓને વધુ પડતા આંકડાઓનું રટણ કરવાની આદત છોડવાની સલાહ આપી હતી. કહેવાય છે કે, જ્યારે કોઈ મંત્રી લાંબા આંકડા જણાવવાનું શરૂ કરતા હતા ત્યારે વડાપ્રધાન મોદી તેમને વચ્ચે જ રોકી દેતા હતા.

વડાપ્રધાનનું સ્પષ્ટ કહેવું હતું કે મંત્રીઓએ સેક્રેટરીઓ અને અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા આંકડાઓને માત્ર યાદ કરીને રજૂ કરવાની જગ્યાએ યોજનાઓની વાસ્તવિક સ્થિતિ, સામાન્ય લોકો પર તેની અસર અને જમીન પર થઈ રહેલા કામની સમજ વિકસાવવી જોઈએ. મંત્રીઓએ પોતાના વિભાગની કામગીરી અંગે સ્વતંત્ર રીતે વિચારવાની અને સમસ્યાઓના ઉકેલ માટે નવી દૃષ્ટિ સાથે કામ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકને રાજ્યકક્ષાના મંત્રીઓ માટે એક પ્રકારની સીધી માર્ગદર્શન અને સમીક્ષા બેઠક તરીકે જોવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ મંત્રીઓને માત્ર પદ અને જવાબદારી સુધી સીમિત ન રહેતા દેશના વિકાસમાં સક્રિય અને અસરકારક ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત કર્યા હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે દરેક મંત્રીએ પોતાના વિભાગની કામગીરીને વધુ સારી રીતે સમજવી અને લોકો સુધી સરકારી યોજનાઓનો વાસ્તવિક લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્રણ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં વડાપ્રધાન મોદીની કાર્યશૈલી પણ સ્પષ્ટ રીતે જોવા મળી હતી. તેમણે માત્ર તૈયાર પ્રેઝન્ટેશન અથવા અધિકારીઓના આંકડાઓ પર આધાર રાખવાને બદલે મંત્રીઓની વ્યક્તિગત તૈયારી, સમજ અને વિચારોને મહત્વ આપ્યું હતું. લાંબા સમય બાદ રાજ્યકક્ષાના મંત્રીઓ સાથે યોજાયેલી આ સીધી બેઠકને કેન્દ્ર સરકારની કામગીરીમાં વધુ જવાબદારી અને અસરકારકતા લાવવાના પ્રયાસ તરીકે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

**યુદ્ધ પહેલાં રશિયા અને યુક્રેન ઘઉં, સૂર્યમુખી તેલ અને મકાઈના મુખ્ય નિકાસકારોમાં સ્થાન ધરાવતા હતા. છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધની ઉત્પાદન અને નિકાસ બંને ઉપર અસર થઈ છે, જેના કારણે વૈશ્વિક બજારમાં ખાદ્ય ચીજોના ભાવ અને પુરવઠા પર દબાણ વધ્યું : ૨૦૨૫માં એક પૌષ્ટિક થાળીની સરેરાશ વૈશ્વિક કિંમત પ્રતિદિન લગભગ ૪.૨૮ ડૉલર થઈ ગઈ, જ્યારે ૨૦૧૭માં તે ૨.૯૪ ડૉલર હતી**

# ખેતરોમાં અનાજ સડે છે, લોકોની થાળીમાં પણ પહોંચતું નથી

## અંધાધૂંધ વિકાસ : દેશમાં પોષણક્ષમ આહારની વાતો માત્ર કાગળો ઉપર, ખાદ્ય સુરક્ષા મુદ્દે મોટા પડકારો

યુદ્ધ પહેલાં રશિયા અને યુક્રેન ઘઉં, સૂર્યમુખી તેલ અને મકાઈના મુખ્ય નિકાસકારોમાં સ્થાન ધરાવતા હતા. છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધની ઉત્પાદન અને નિકાસ બંને ઉપર અસર થઈ છે, જેના કારણે વૈશ્વિક બજારમાં ખાદ્ય ચીજોના ભાવ અને પુરવઠા પર દબાણ વધ્યું : ૨૦૨૫માં એક પૌષ્ટિક થાળીની સરેરાશ વૈશ્વિક કિંમત પ્રતિદિન લગભગ ૪.૨૮ ડૉલર થઈ ગઈ, જ્યારે ૨૦૧૭માં તે ૨.૯૪ ડૉલર હતી. વર્ષ ૨૦૨૫માં ભારતની આશરે ૩૫.૫ ટકા વસ્તી, એટલે કે અંદાજે ૫૨ કરોડથી વધુ લોકો પૌષ્ટિક અને સંતુલિત આહારનો ખર્ચ ઉઠાવવાની સ્થિતિમાં નહોતા. ભારતમાં પૌષ્ટિક ભોજનનો અંદાજિત ખર્ચ ૨૦૨૫માં દૈનિક આશરે ૪.૧૧ ડૉલર રહ્યો હતો : મોંઘવારી, ડીઝલ અને ખાતરના વધતા ભાવ તેમજ કઠોળ અને તેલીબિયાંની આયાત પર નિર્ભરતા કૃષિ વ્યવસ્થા પર દબાણ લાવે છે. સાથે જ અનિયમિત ચોમાસું, દુષ્કાળ, પૂર, ભૂગર્ભજળનો અતિશય વપરાશ અને જમીનની ઘટતી ફળદ્રુપતા ભવિષ્યની ખાદ્ય સુરક્ષા માટે ગંભીર જોખમ ઊભું કરે છે. લોકો સુધી આ પોષણક્ષમ ભોજન પહોંચતું નથી તેની પાછળ સૌથી મોટું કારણ પોલિસી પેરાલિસીસ છે

વિશ્વભરમાં હાલમાં એનર્જી સેક્ટરમાં, આર્થિક બાબતોમાં અને ખાસ કરીને ખાદ્યાન્ન સેક્ટરમાં પણ વ્યાપક અસ્થિરતાનો માહોલ ઊભો થયો છે. વૈશ્વિક અસ્થિરતા, આબોહવા પરિવર્તન અને વિશ્વમાં વધી રહેલા યુદ્ધોના કારણે માત્ર અર્થતંત્ર, મોંઘવારી, પર્યાવરણ અને ઊર્જા સંકટને જ ઘેરું નથી બનાવ્યું, પરંતુ ખાદ્ય સંકટને પણ એક નવા પડકાર તરીકે સામે લાવી દીધું છે. તેમાંય ભારતમાં જે અવ્યવસ્થાની સ્થિતિ છે તેણે લોકોની હાલત ખરાબ કરી નાખી છે. ભારતમાં ખાદ્ય સંકટ હવે માત્ર ભૂખનો વિષય નથી રહ્યો, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક સ્થિરતા અને આર્થિક વિકાસ સાથે પણ જોડાઈ ગયો છે. વધતી વસ્તી, મર્યાદિત સંસાધનો અને મોંઘવારીના દબાણને કારણે કરોડો લોકોની થાળી સુધી સુરક્ષિત, પર્યાપ્ત અને પૌષ્ટિક આહાર પહોંચી રહ્યો નથી. તેથી ખાદ્ય સુરક્ષાને હવે માત્ર અનાજની ઉપલબ્ધતાને બદલે ઉત્પાદન, પહોંચ, ખરીદશક્તિ અને વિતરણ સાથે સંકળાયેલા વ્યાપક પડકાર તરીકે સમજવી પડશે.

ભારતમાં આજે સ્થિતિ એવી છે કે, જે ખેડૂતો મહેનત કરે છે, પોતાની રીતે વીજળી, પાણી, ખાતર, બિયારણ વગેરેનું ધ્યાન રાખે છે અને કદાચ કુદરતનો સાથ તેમને મળી જાય છે તેવા તમામ ખેડૂતોના ખેતરોમાં મબલખ પાક ઊગે છે. સમસ્યા એ થાય છે કે, પોસ્ટરોમાં વિકાસ બતાવતી અને આંકડાઓમાં દેશની પ્રગતિ રજૂ કરતી સરકાર આ ખેડૂતોના પાકને બજાર સુધી યોગ્ય ભાવે પહોંચાડી શકતી નથી. તેના પગલે અનાજ અને શાકભાજી સડવા લાગે છે અને લોકો સુધી પહોંચતા નથી. સ્થિતિ એવી થયેલી છે કે, ખેતરોમાં અનાજ અને શાકભાજી છે પણ પ્રજા સુધી પોષણ પહોંચતું જ નથી.

વૈશ્વિક સ્તરે વાત કરીએ તો, છેલ્લાં કેટલાક વર્ષોમાં યુદ્ધ અને ભૂ-રાજકીય તણાવે ખાદ્ય સંકટનો એક નવો ચહેરો રજૂ કર્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. યુદ્ધ પહેલાં રશિયા અને યુક્રેન ઘઉં, સૂર્યમુખી તેલ અને મકાઈના મુખ્ય નિકાસકારોમાં સ્થાન ધરાવતા હતા. છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધની ઉત્પાદન અને નિકાસ બંને ઉપર અસર થઈ છે, જેના કારણે વૈશ્વિક બજારમાં ખાદ્ય ચીજોના ભાવ અને પુરવઠા પર દબાણ વધ્યું. જાણકારોના મતે સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ'ના જૂન ૨૦૨૬ના વિશ્લેષણ અનુસાર, યુદ્ધના ચાર વર્ષ પછી સ્થિતિ બદલાયેલી છે. અહેવાલો પ્રમાણે યુક્રેનની ૨૦૨૫ની અનાજ નિકાસ ૨૦૨૦ની સરખામણીએ લગભગ ૩૫ ટકા ઓછી રહી. રશિયા એક મહત્વપૂર્ણ ખાતર નિકાસકાર હોવાને કારણે યુદ્ધની અસર ખેતીના



ખર્ચ પર પણ પડી. પશ્ચિમ એશિયાના સંઘર્ષોએ દરિયાઈ વેપાર માર્ગોને જોખમમાં મૂકીને ખાદ્ય પુરવઠાની અનિશ્ચિતતા વધુ વધારી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, આ પરિસ્થિતિઓએ વિશ્વભરની સરકારોને એ વિચારવા મજબૂર કરી છે કે ખાદ્ય સુરક્ષા હવે રાષ્ટ્રીય સુરક્ષાનો અભિન્ન હિસ્સો છે. સંયુક્ત રાષ્ટ્રની પાંચ એજન્સીઓ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ 'વિશ્વમાં ખાદ્ય સુરક્ષા અને પોષણની સ્થિતિ, ૨૦૨૬' અનુસાર, વર્ષ ૨૦૨૫માં વિશ્વની લગભગ ૭.૮ ટકા વસ્તી એટલે કે આશરે ૬૪.૫ કરોડ લોકો ભૂખમરા સામે ઝઝૂમી રહ્યા હતા. આ આંકડો સતત ત્રીજા વર્ષે ઘટયો છે. વર્ષ ૨૦૨૪માં તે ૮.૧ ટકા અને ૨૦૨૨માં ૮.૬ ટકા હતો. જોકે, આ સુધારાને કાયમી સિદ્ધિ ગણવી ઉતાવળ ગણાશે, કારણ કે પૌષ્ટિક આહારની કિંમતો સતત વધી રહી છે. અહેવાલ અનુસાર, ૨૦૨૫માં એક પૌષ્ટિક થાળીની સરેરાશ વૈશ્વિક કિંમત પ્રતિદિન લગભગ ૪.૨૮ ડૉલર થઈ ગઈ, જ્યારે ૨૦૧૭માં તે ૨.૯૪ ડૉલર હતી.

એપ્રિલ ૨૦૨૬માં જાહેર કરાયેલ 'ખાદ્ય સંકટ પર વૈશ્વિક અહેવાલ' પણ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. તે મુજબ ૪૭ દેશોમાં આશરે ૨૬.૬ કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા હતા. પ્રથમ વખત એક જ વર્ષમાં ગાઝા અને સુદાનમાં દુકાળ જેવી સ્થિતિ ઊભી થઈ. સ્પષ્ટ છે કે વૈશ્વિક સ્તરે ખાદ્ય સંકટનું સ્વરૂપ એકસમાન નથી. દક્ષિણ એશિયા અને લેટિન અમેરિકામાં સ્થિતિમાં થોડો સુધારો જણાય છે, પરંતુ આફ્રિકા અને પશ્ચિમ એશિયાના ઘણા ભાગોમાં કટોકટી સતત ઘેરી બની રહી છે. આવી સ્થિતિમાં ભારતનું ચિત્ર સિદ્ધિ અને પડકાર બંનેનું મિશ્રણ છે.

નોંધનીય છે કે ભારતમાં કુપોષિત લોકોનું પ્રમાણ ૨૦૦૪-૦૬ના ૨૧.૧ ટકાથી ઘટીને ૨૦૨૩-૨૫માં ૯.૮ ટકા રહી ગયું છે. આ સમયગાળા દરમિયાન કુપોષિત લોકોની સંખ્યા પણ આશરે ૨૪ કરોડથી ઘટીને ૧૪.૨૫ કરોડ થઈ ગઈ. બે દાયકામાં થયેલો આ સુધારો ચોક્કસપણે મહત્વપૂર્ણ છે, પરંતુ બીજી તરફ આ અહેવાલોમાં જ સ્પષ્ટ થયું કે, વર્ષ ૨૦૨૫માં ભારતની આશરે ૩૫.૫ ટકા વસ્તી, એટલે કે અંદાજે ૫૨ કરોડથી વધુ લોકો પૌષ્ટિક અને સંતુલિત આહારનો ખર્ચ ઉઠાવવાની સ્થિતિમાં નહોતા. આ આંકડો ૨૦૧૭ના ૫૯.૮ ટકા કરતાં ઘટયો જરૂર છે, છતાં તે હજુ પણ ઘણો મોટો છે. ભારતમાં પૌષ્ટિક ભોજનનો અંદાજિત ખર્ચ ૨૦૨૫માં દૈનિક આશરે ૪.૧૧ ડૉલર રહ્યો હતો.

જાણકારોના મતે અહીં જ ભારતના ખાદ્ય સંકટનો સૌથી મોટો વિરોધાભાસ સામે આવે છે. દેશમાં અનાજની અછત નથી, પરંતુ સંતુલિત પોષણનો અભાવ હજુ પણ ગંભીર છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણના અહેવાલો અનુસાર, ભારતમાં આશરે ૩૫.૫ ટકા બાળકોની ઊંચાઈ તેમની ઉંમરના પ્રમાણમાં ઓછી છે અને ૧૯.૩ ટકા બાળકો ઓછા વજનની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. બીજી તરફ, મહિલાઓમાં એનિમિયા અને શહેરી વિસ્તારોમાં વધતો સ્થૂળતાનો દર એક અલગ ચિંતા ઊભી કરી રહ્યો છે. સસ્તો અને વધુ પ્રોસેસ્ડ ખોરાક ઘણા પરિવારો માટે મજબૂરી બની રહ્યો છે. પરિણામે ભારત એક સાથે અલ્પપોષણ અને સ્થૂળતાના બેવડા બોજનો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિ વધારે જોખમી અને ભયાનક છે. એક તરફ છેવાડાની વસતીને પોષણ મળતું નથી, બીજી તરફ શહેરી વસતી સતત ફાસ્ટફુડ અને પ્રોસેસ્ડ ફૂડ ઉપર નિર્ભર થતી જાય છે અને સ્વાસ્થ્ય ઉપર તેની પણ વિપરિત અસર થઈ રહી છે. ખાસ વાત એ છે કે, કેન્દ્રીય કૃષિ મંત્રાલયના નવેમ્બર ૨૦૨૫ના અંતિમ અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫માં દેશે આશરે ૩૫.૭૭ કરોડ ટન અન્નનું ઉત્પાદન કર્યું હતું. ચોખા અને ઘઉંનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે રહ્યું. જાહેર વિતરણ પ્રણાલી પણ ૮૦ કરોડથી વધુ લોકો સુધી સસ્તું અનાજ પહોંચાડી રહી છે. તેથી ભારતનો મૂળ પડકાર હવે માત્ર વધુ અનાજ પકવવાનો નથી, પરંતુ દરેક પરિવારની થાળીમાં વિવિધતા અને પોષણ સુનિશ્ચિત કરવાનો છે. દેશમાં જે પડકાર ઊભો થયો છે તેમાં અનેક કારણો જવાબદાર છે પણ લોકો સુધી આ પોષણક્ષમ ભોજન પહોંચતું નથી તેની પાછળ સૌથી મોટું કારણ પોલિસી પેરાલિસીસ છે.

જાણકારો માને છે કે, આ પડકારના મૂળ અનેક સ્તરો પર ફેલાયેલા છે. મોંઘવારી, ડીઝલ અને ખાતરના વધતા ભાવ તેમજ કઠોળ અને તેલીબિયાંની આયાત પર નિર્ભરતા કૃષિ વ્યવસ્થા પર દબાણ લાવે છે. ગરીબી અને આવકની અસમાનતા એ નક્કી કરે છે કે કુટુંબ પોતાની આવકનો કેટલો હિસ્સો પૌષ્ટિક આહાર પાછળ ખર્ચી શકે છે. ગામડાં અને શહેર વચ્ચેનું આર્થિક અંતર પણ ભોજનની ગુણવત્તાને અસર કરે છે. સાથે જ અનિયમિત ચોમાસું, દુષ્કાળ, પૂર, ભૂગર્ભજળનો અતિશય વપરાશ અને જમીનની ઘટતી ફળદ્રુપતા ભવિષ્યની ખાદ્ય સુરક્ષા માટે ગંભીર જોખમ ઊભું કરે છે.

આ સમગ્ર વ્યવસ્થાના કેન્દ્રમાં ખેડૂત છે. જો ખાદ્ય સુરક્ષા રાષ્ટ્રીય પ્રાથમિકતા હોય, તો ખેડૂતની આર્થિક સુરક્ષાને તેનાથી અલગ ન કરી શકાય. નાના અને સીમાંત ખેડૂતો માટે બિયારણ, ખાતર, ડીઝલ અને સિંચાઈના વધતા ખર્ચ સાથે હવામાનનું જોખમ અને બજારમાં ભાવોની અનિશ્ચિતતા મોટા પડકારો છે. પાક વીમો, બહેતર સંગ્રહ અને પ્રોસેસિંગની સુવિધાઓ તેમજ ડિજિટલ માર્કેટ સુધી પહોંચને મજબૂત બનાવવી અનિવાર્ય છે. ખેડૂતની આવક સ્થિર થશે તો કૃષિ ઉત્પાદન પણ વધુ ટકાઉ બનશે અને દેશની ખાદ્ય સુરક્ષાનો પાયો મજબૂત થશે. આગળનો માર્ગ સ્પષ્ટ છે. ભારતે ક્લાઈમેટ-રેઝિલિયન્ટ ખેતી, દુષ્કાળ અને ગરમી સામે ટકી શકે તેવી પાકની જાતો, પ્રિસિઝન ફાર્મિંગ અને સ્માર્ટ સિંચાઈ જેવી ટેકનીકોને ઝડપથી અપનાવવી પડશે. મિલેટ્સ એટલે કે જાડા અનાજ, કઠોળ અને સ્થાનિક અનાજને પ્રોત્સાહન આપવું એ પોષણ અને પર્યાવરણ બંને માટે ફાયદાકારક સાબિત થશે. તેની સાથે સારા કોલ્ડસ્ટોરેજ, ફૂડ પ્રોસેસિંગમાં રોકાણ, સપ્લાય ચેઈનને સુદ્રઢ બનાવવી અને ખોરાકનો બગાડ અટકાવવો પણ આવશ્યક છે. સ્થાનિક ખાદ્ય પ્રણાલીઓને મજબૂત કર્યા વિના દીર્ઘકાલીન ખાદ્ય સુરક્ષા શક્ય નથી. એકવીસમી સદીમાં જે દેશ પાસે ફળદ્રુપ જમીન, પર્યાપ્ત અને સ્વચ્છ પાણી, સ્વસ્થ ખેડૂતો તેમજ દરેક નાગરિક સુધી પૌષ્ટિક ખોરાકની પહોંચ હશે, તે જ આર્થિક અને વ્યૂહાત્મક રીતે મજબૂત બનશે. ભારતે અનાજ ઉત્પાદનમાં મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે; હવે આગામી લક્ષ્ય ગુણવત્તાસભર થાળીનું છે. પ્રશ્ન એ ન હોવો જોઈએ કે દેશ કેટલું અનાજ પેદા કરે છે, પરંતુ એ હોવો જોઈએ કે શું દરેક ભારતીયને સંતુલિત, સુરક્ષિત, પૌષ્ટિક અને પોષાય તેવો ખોરાક મળી રહ્યો છે કે નહીં. ભારતે ખાદ્ય સુરક્ષાથી આગળ વધીને આયોજનો કરવા પડશે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : ભોળાનાથની અપાર કરુણા: એક લોટા જળથી પ્રસન્ન થતા આશુતોષ ભગવાનના રામેશ્વર અને ઘુષ્મેશ્વર સ્વરૂપની દિવ્ય ગાથા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સનાતન પરંપરામાં શ્રાવણ માસને ભગવાન શિવનો સૌથી પ્રિય માસ માનવામાં આવે છે.આખો શ્રાવણ શિવમય હોય છે,પરંતુ શ્રાવણ વદની અમાસનું મહત્વ અનોખું છે. આજનો દિવસ અનેક પવિત્ર સંયોગોનો દિવસ છે- શ્રાવણ વદ ચૌદસ, પીઠોરી દર્શ અમાસ અને કુશગ્રહિણી અમાસ. આદિવસે માતાઓ પોતાના સંતાનોના લાંબા આયુષ્ય, સુખ અને કલ્યાણ માટે પીઠોરી વ્રત કરે છે. તો બીજી બાજુ આજે કુશગ્રહિણી અમાસ પણ છે. આજના દિવસે ઉખાડવામાંઆવેલી કુશ આખું વર્ષ પવિત્ર અને પૂજા માટે માન્ય ગણાય છે. સાથે જ આ દિવસ પિતૃઓના તર્પણનો પણ છે. દર્શ અમાસે કરેલું દાન, સ્નાન અને શિવપૂજન અનંત ફળ આપે છે. આવા પવિત્ર દિવસે ભગવાન શિવના મહિમાનું ગાન કરવું એ જીવનને ધન્ય બનાવવા સમાન છે. શિવ એટલે કલ્યાણ. શિવ એટલે શૂન્યમાંથી સર્જન અને સર્જનમાંથી શૂન્ય સુધીની યાત્રા. તે દેવોના દેવ મહાદેવ છે,છતાં ભક્ત ના એક લોટા જળથી પણ પ્રસન્ન થઈ જાય છે,તેથી તે આશુતોષ છે. તેમને કંઈ નથી જોઈતું, માત્ર સાચો ભાવ જોઈએ છે.આ ભાવની જ બે દિવ્ય કથાઓ - રામેશ્વર અને ઘુષ્મેશ્વર જ્યોતિર્લિંગની કથા આજે આપણે વિસ્તારથી સમજીશું.

રામેશ્વર જ્યોતિર્લિંગ -જ્યાં સ્વયં વિષ્ણુએ શિવની પૂજા કરીઆપણે સૌ જાણીએ છીએ કે ભગવાન વિષ્ણુએ ધર્મની સ્થાપના માટે શ્રીરામ તરીકે અવતાર લીધો હતો. માનવ લીલા કરતા શ્રીરામના જીવન માં પણ દુ:ખ આવ્યું.લંકાના અહં કારી રાજા રાવણે,જેણે ભગવાન શિવની કઠોર તપસ્યા કરીને અજય હોવાનું વરદાન મેળવ્યું હતું,તેણે માતા સીતાનું હરણ કર્યું. સીતાની શોધમાં નીકળેલા શ્રીરામ અને લક્ષ્મણ કિષ્કિન્ધા પહોંચ્યા. ત્યાં વાનરરાજ સુગ્રીવ સાથે મિત્રતા કરી, વાલીનો વધ કરી, હનુમાનજી જેવા મહાવીર અને અસંખ્ય વાનરસેનાની મદદથી તેઓ દક્ષિણમાં સમુદ્ર કિનારે આવી પહોંચ્યા. લંકા સામે દેખાતી હતી, પણ વચ્ચે અફાટ સમુદ્ર હતો.

આ પ્રવાસ દરમિયાન તાપ અને થાકથી શ્રીરામને તરસ લાગી. લક્ષ્મણજી તરત જ મીઠું જળ લઈ આવ્યા. શ્રીરામ અંજલિમાં જળ લઈને પીવા જઈ રહ્યા હતા, ત્યાં જ તેમના અંતઃકરણમાં એક દિવ્ય વિચાર ઝબક્યો -'શિવદર્શન વિના પાણી શી રીતે પિવાય?'

ધન્ય છે ભારતીય સંસ્કૃતિ! જ્યાં વિષ્ણુ શિવને ભજે છે અને શિવ વિષ્ણુને. શ્રીરામે તરત જ જળ બાજુએ મૂક્યું અને સમુદ્રની રેતીમાંથી પોતાના હાથે પાર્થિવ શિવલિંગ બનાવ્યું.પૂરાવિધિ-વિધાન સાથે, બીલીપત્ર, જળ અને ભાવ પુષ્પોથી તેમણેભોળાનાથ ની પૂજા કરી.પૂજા પછી તેમણે હૃદયથી પ્રાર્થના કરી:'હે ભોલેનાથ!હે કરુણા નિધાન! આપ મારું સદૈવ રક્ષણ કરો. આપની કૃપા વિના આ અસંભવ કાર્ય સંભવ નથી. આપના જ વરદાનથી રાવણ ત્રિલોકવિજયી બન્યો છે, તે અહંકારીને જીતવો મારા માટે પણ કઠિન છે.'

આ પ્રાર્થના પછી ભક્તિમાં લીન થઈને શ્રીરામ 'હે શંકર, જય જય!' નો જયઘોષ કરી શિવલિંગ સમક્ષ નૃત્ય કરવા લાગ્યા.આ નિર્મળ ભક્તિ અને નિષ્કામ પ્રેમ જોઈને કૈલાસપતિ વધુવાર રોકાઈ ન શક્યા ભોળાનાથ સાક્ષાત પ્રગટ થયા અને બોલ્યા,'હે રામ! હું પ્રસન્ન છું, વરદાન માગો.'શ્રીરામે પ્રથમ વરદાન માગ્યું:'હે પ્રભુ,આ ધર્મયુદ્ધ માં મારો વિજય થાઓ,અધર્મનો નાશ થાઓ 'અને બીજું વરદાન લોક કલ્યાણ માટે માગ્યું: 'હે દેવાધિદેવ!જો આપ મારી ભક્તિથી ખરેખર પ્રસન્ન થયા હો તો,આ જગતના જીવોના કલ્યાણ માટે, તેમને પાવન કરવા માટે આપ અહીં જ સ્થિર થાઓ.'

કરુણાસાગર શિવે ભક્તની આ વાત સ્વીકારી લીધી. તે ત્યાં જ રામેશ્વર જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્થાપિત થયા.રામના ઈશ્વર તે રામેશ્વર.આ જ્યોતિર્લિંગની સ્થાપના પછી શિવકૃપાથી શ્રીરામ માં નવી શક્તિનો સંચાર થયો. તેમણે સમુદ્ર પર સેતુ બાંધ્યો, રાવણ જેવા મહા-પરાક્રમી રાક્ષસ નો વધ કર્યો અને માતા સીતાને પુનઃ પ્રાપ્ત કરી. શિવપુરાણમાં કહ્યું છે કે રામેશ્વર જ્યોતિર્લિંગના દર્શન માત્રથી બ્રહ્મહત્યા જેવા પાપો પણ નષ્ટ થાય છે. જે મનુષ્ય ગંગાજળ લાવીને શ્રદ્ધાપૂર્વક રામેશ્વરનો અભિષેક કરે છે, તે જીવનમુક્ત બની જાય છે. તેને ભોગ અને મોક્ષ બંને પ્રાપ્ત થાય છે.આ કથા આપણ ને શીખવે છે કે જીવનમાં ગમે તેટલું મોટું લક્ષ્ય હોય, તેની શરૂઆત ઈશ્વરના સ્મરણ અને અહંકારના ત્યાગથી જ થવી જોઈએ.

ઘુષ્મેશ્વર જ્યોતિર્લિંગ જ્યાં ક્ષમા એ મૃત્યુને હરાવ્યું.દક્ષિણ ભારતમાં દેવગિરિ પર્વતની તળેટીમાં સુધર્મા નામના એક અત્યંત ધર્મનિષ્ઠ બ્રાહ્મણ રહેતા હતા.તેઓ વેદોના જ્ઞાતા હતા, શિષ્યોને ભણાવતા અને ભિક્ષામાં થી જીવન નિર્વાહ કરતા. તેમની પત્નીનું નામ સુદેહા હતું. બધું હતું, પણ સંતાન ન હતું. ઘણાં વર્ષો વીતી ગયા હોવા છતાં ખોળાનો ખૂંદનાર ન મળતા સુદેહા હંમેશા ઉદાસ રહેતી.

પતિ સુધર્મા તેને સમજાવતા કે, 'ઈશ્વરની ઇચ્છામાં જ આપણું કલ્યાણ છે,' પણ પુત્ર ઝંખનામાં વ્યાકુળ સુદેહા કહેતી કે, 'જો મને પુત્ર નહીં મળે તો હું મારા પ્રાણ ત્યાગી દઈશ.' એક દિવસ સુધર્માએ શિવજીનું સ્મરણ કરી એક પરીક્ષા કરી. તેમણે યજ્ઞના અગ્નિ સામે બે ફૂલ મૂક્યા અને સુદેહાને કહ્યું, 'શિવનું નામ લઈને એક ફૂલ ઉપાડ.' સુદેહાએ 'મને પુત્ર થાઓ' એવી ભાવના સાથે ફૂલ ઉપાડ્યું. ફૂલ જોઈને સુધર્માએ કહ્યું,'દેવી, ઈશ્વરે આપણા ભાગ્યમાં સંતાન સુખ લખ્યું જ નથી. હવે તું આ જીદ છોડી ભક્તિમાં મન લગાવ.'

પરંતુ સુદેહાએ પોતાની નાની બહેન ઘુષ્માને બોલાવી અને પોતાના પતિ સાથે તેના લગ્ન કરાવી દીધા, જેથી વંશ આગળ વધે. ઘુષ્મા સાક્ષાત શિવભક્તિની મૂર્તિ હતી. તેનો નિયમ અતૂટ હતો. તે દરરોજ સવારે ૧૦૧ પાર્થિવ શિવલિંગ બનાવતી, સંપૂર્ણ શ્રદ્ધા અને વિધિથી તેની પૂજા કરતી અને પછી નજીકના તળાવમાં તેનું વિસર્જન કરતી. ન દિવસ જુએ, ન તિથિ, ન તાવ કે તકલીફ, તેનો આ ક્રમ ક્યારેય તૂટ્યો નહીં. આમ કરતાં તેણે એક લાખ પાર્થિવ શિવલિંગો ની પૂજા પૂર્ણ કરી.તેની આ અખંડ સાધના જોઈને ભોળાનાથ પ્રસન્ન થયા અને તેને એક તેજસ્વી પુત્ર રત્ન પ્રાપ્ત થયો. હવે ઘુષ્માનું ઘરમાં માન-સન્માન વધી ગયું. આ જોઈ સુદેહાના મનમાં જે દબાયેલી ઈર્ષ્યા હતી,તે દ્વેષના અગ્નિમાં ફેરવાઈ ગઈ તે ઘુષ્મા અને તેના પુત્રની અદેખાઈ કરવા લાગી. સમય વીત્યો,પુત્ર મોટો થયો,તેના લગ્ન પણ થયા. સુદેહાની ઈર્ષ્યા હવે સીમા વટાવી ગઈ.એક કાળરાત્રિ એ, દ્વેષથી અંધ બનેલી સુદેહાએ ભયંકર પાપ કર્યું. ઘુષ્માનો દીકરો ઘસઘસાટ ઊંઘતો હતો, ત્યારે તેને તલવારથી મારી નાખ્યો અને તેના શરીરના ટુકડા કરી એ જ તળાવમાં ફેંકી દીધા જ્યાં ઘુષ્મા રોજ શિવ લિંગ પધરાવતી હતી.

# સંસારી વ્યવહાર હોય, ધર્મ હોય, કે અધ્યાત્મ હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ માસ પૂરો થતાં શરૂશરૂમાં બધાને એવું લાગશે કે શંકર વિના જીવન કંકર જેવું છે. રુદ્રી પાઠને અંતે શાંતિ અધ્યાય કરીને પણ એક આધ્યાય આવે છે,! અને માનવ સહજ ભક્તિ ભાવના લેખાંજોખાં કર્યા, કે શું શાંતિ મળી? સામાન્ય રીતે આપણે જે કંઈ કરતા હોઈએ, એટલે કે વ્યવહાર હોય, કે પછી ધર્મ હોય, કે આધ્યાત્મક હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ, અને જો મળે તો ઈશ્વરે સ્વીકાર્યું એવો ભાવ થાય. પરંતુ સાંપ્રત સમાજમાં શાંતિ દુર્લભ છે, એ સત્યને ઝુટલાવી શકાય તેમ નથી. પરિવારો અશાંત છે, એને કારણે સમાજ અશાંત છે. સમાજ અશાંત છે, એને કારણે દેશ અશાંત છે, અને લગભગ બધાં જ દેશની આ પરિસ્થિતિ હોવાથી, વિશ્વ આખું આજે અશાંત છે. શાંત અને અશાંત એ માત્ર વિરોધી શબ્દ નથી, તત્વતઃ વિરુદ્ધાભાસ તો બતાવે જ છે. પરંતુ આસમાન જમીન જેટલી દુરી હોય, એમ જીવન આખું સમાપ્ત થઈ જાય છતાં શાંતિ મળતી નથી. કોઈ ગમે તેટલો દાવો કરે કે શાંતિ મેળવી લીધી, પણ એક કડવું વેણ સાંભળે, ત્યાં ઉપરથી નીચે સુધી સમસમી જાય, અને તરત જ સામેવાળાને એકની બદલે ચાર સંભળાવી દે,એટલે શાંતિની માત્ર વ્યાખ્યા જ થઈ શકે. ઈશ્વર શાંતાકાર છે, ભુજંગ પર શયન કરવા છતાં શાંત છે, કારણકે એની પ્રત્યેક ચેષ્ટામાં ક્યાંય ઉપદ્રવ કે ઉદ્વેગ દેખાતો નથી. ઉપક્રમ, ઉપશ્રુતિ, અનુસંધાન, અને ઉપસંહાર આ રીતે જોઈએ તો આપણા ચિંતનનો આજે ઉપસંહાર કરવાનો દિવસ છે. એટલે કે ભગવાન શંકર વિશે આપણે ઘણી બધી વાતો કરી, અને ઘણું બધું સાતત્ય કેળવીને શિવ તત્વની એકદમ નજીકથી પ્રતીતિ કરી. સદગુરુ કૃપાનાં તટ પર બેસી રોજ નવો વિરડો ખોદી નવાં જળ પ્રાપ્ત કર્યા, હવે એ જળ ચાખવાનો દિવસ છે.તયારે શિવનાં શુદ્ધ સ્વરૂપ વિશે ચિંતનમાં વાત કરીશું.

શંકરનું સ્મરણ થતાં આંખો સામે, મૃગચર્મ પર પદ્માસન લગાવી બેઠાં હોય,એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું,જટામાંથી ગંગધાર વ્હેતી હોય, માથે બીજનો ચંદ્ર ચમકતો હોય, ભાલમાં ત્રીજુ નેત્ર હોય, સર્પના ઘરેણાં બનાવી પહેર્યા હોય, આખાં શરીરે ભસ્મનું લેપન કર્યું હોય, એવું પૂર્ણ વૈરાગી સ્વરુપ. ભાગ્યે જ કોઇ દેવ એવો હશે જેસ્મશાનમાં પણ રહી શકે, તેને રહેવા નથી મહેલની આવશ્યકતા, કે તેને પહેરવા નથી કિંમતી શણગારની જરુરત. કૈલાસમાં જટા બાંધી, દિગાંબર રહેવું એજ તેની નિરામયી ઓળખાણ! છતાં તેને આરાધે તેનો બેડો પાર કરે, ધન ઐશ્વર્યનાં ઢગલા કરે. કુબેર તેને દરવાજે ચોંકી કરે, એવી એની લાયકાત છે. રાય રંકનાં ભેદ વગર સૌ કોઈની ઉપાસનાથી પ્રસન્ન થાય, ભેદભાવ વગર બધાને વરદાન આપે, અને સમસ્ત જગતનું કલ્યાણ કરવાં ત્રીજી આંખ ખોલી પ્રલય પણ કરે. સમુદ્ર મંથનનાં સમયેનીકળેલું કાલકૂટ વિષ જગતનાં કલ્યાણ માટે પી જાય. ભગીરથનાં તપથી પ્રસન્ન થઈને વિષ્ણુએ ગંગાને પૃથ્વી પર જવા આદેશ આપ્યો, અને એ શક્તિશાળી ગંગાને પોતાની જટામાં સમાવી લીધી. ક્ષય રોગથી પીડાતા ચંદ્રને પોતાનાં ભાલનુ ઘરેણું બનાવી કાયમ ઈજ્જતનું સ્થાન આપ્યું, લોક નિંદાનાં ઝેરને હાથ, કાન, કે ગળા ઉપર જ રાખવાં, અંતરમાં પ્રવેશવા દેવા નહીં, એવો સંદેશો આપવા સર્પનો શણગાર કર્યો. સંસારી હોવાથી ભોગ વિનાશનું કારણ પણ બની શકે, એવી જાગૃતિ માટે સ્મશાનમાં નિવાસ કર્યો. સમાધિમાંથી જાગૃત થયાં, કે તરત જ કામદેવને ભસ્મ કર્યા. કામ ભાવ બહુ ખતરનાક છે,જો કાબુમાં રહે તેમ ન હોય તો એને કાબુમાં કરવા શિવ મંત્ર મદદ કરી શકે. પરંતુ આ બધી જ ઉપલબ્ધિ કરતા સૌથી મોટી ઉપલબ્ધિ તેની કલ્યાણ છે. શિવને શિવ કહેવડાવવા પણ કલ્યાણની આવશ્યકતા છે. શંકરને અન્ય દેવથી જુદું પાડનાર કોઈ તત્ત્વ હોય તો તે એકમાત્ર કલ્યાણ છે. સ્વાર્થી દેવતાઓ સ્વર્ગ ઉપર તારકાસુરનો ભય વધતાં, શંકર વિવાહ માટે તુરંત રાજી થઈ ગયાં, અને તેની સમાધિ ભંગ કરવા માટે કામદેવને પણ ભસ્મ કરાવ્યો. એટલે કે સ્વાર્થ સામે પણ કલ્યાણનો ભાવ રાખી શકે તે જ શિવ છે. શિવ એટલે કલ્યાણ! ને કલ્યાણ એટલે જ શિવ!.

પરંતુ અત્યારે આપણે શિવનું શુદ્ધ સ્વરૂપ શું છે? એ વિશે વાત કરી રહ્યા છીએ. હિન્દુ ધર્મમાં ઈશ્વરત્વને પામવા માટેના ઘણાં માર્ગ છે,અને જેમાં સાકાર અને નિરાકાર બે સ્વરૂપે ઈશ્વરની કલ્પના કરવામાં આવે છે. મોટેભાગે સાકાર સ્વરૂપમાં જે તે દેવ દેવી હોય તેની મૂર્તિ રાખવામાં આવે છે, જેની સામે તે ઉપાસના કે પુજન અર્ચન કરીને ભાવ રાખે છે. પરંતુ નિરાકાર સ્વરૂપમાં તેનાં કોઈ ખાસ ગુણને આરાધવામાં આવે છે, આપણાં મુખ્ય ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ સૃષ્ટિના સર્જન પાલન અને સંહારક છે, એમ માનવામાં આવે છે.બ્રહ્માએ પોતાની સર્જન કળાથી સૃષ્ટિમાં જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરી, વિષ્ણુએ પોતાની વિશાળતાથી સૌને સ્વીકાર્યા ,અને તેનું ભરણપોષણ કર્યું. શિવએ સદા સર્વદા સૌનાં હિતનું વિચારી કલ્યાણનો પંથ સ્વીકાર્યો. જીવનું પરમ કલ્યાણ કરવાં, કોમળથી કઠિન કૃપા કરે છે. રાવણને વરદાન આપે, અને રામના સેવક બની એ જ રાવણનાં કુળના નાશ માટે પણ પોતે જ જવાબદારી સ્વીકારે. એટલે કે મારે કે તારે, પરંતુ આખરે હોય એ કલ્યાણ માટે. એકવાર સમજાય જાય તો શંકર ભોળો લાગે, કોઈ જ આંટીઘૂંટી નહીં! કેવળ ને કેવળ શુદ્ધ સાત્વિક ભાવનો સરવાળો એટલે શિવ કહી શકાય. નંદીને ધર્મ કહેવામાં આવ્યો છે, એટલે ધર્મનાં વાહન પર બેસી અને પરમ ધર્મનું કાર્ય કરે તે શિવ! આપણે જાણીએ છીએ, કે માત્ર તિલક ટપકાં કરીને તો ધર્મની વાતો જ થાય, પણ જે ધર્મ કે સંપ્રદાયને આપણે અનુસરતા હોય, તેના બોધ પ્રમાણે જીવન જીવવું પડે! એ હિસાબે અમે હાટકેશનાં અંશો છીએ, અને અમારા ઈષ્ટદેવનો મૂળ બોધ કલ્યાણ છે,તો અમારે કલ્યાણની ભાવના રાખી જીવન જીવવું જોઈએ. આમતો નાગરની વ્યાખ્યા પણ એટલી જ સુંદર છે, કે જેના વાણી, વિચાર, કે વર્તન, એક પણમાં 'ગર 'ઝેર ન હોય તે નાગર,અને આવી વ્યક્તિ પોતાનાં હિત માટે બીજાનાં કલ્યાણને ભૂલી ન શકે. પરંતુ અફસોસ દેશકાળ પ્રમાણે જીવન મુલ્ય ભૂલાઈ ગયાં, ને સુખ સગવડ માટે ગુણોના સોદા થતાં હોય તેવું પણ જાણવા મળે. માત્ર ચંદ રુપિયા માટે કેવાં કેવાં ખેલ ખેલાતાં હોય છે.

# ભાવનગર લઠ્ઠાકાંડ મુદ્દે કોંગ્રેસનો વિધાનસભા પરિસરમાં વિરોધ, ધારાસભ્યો અને પોલીસ વચ્ચે ઘર્ષણ જોવા મળ્યો

**ગાંધીનગર, તા.10**

ભાવનગર લઠ્ઠાકાંડના મુદ્દે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. એપ્રન પહેરીને અને વિવિધ સૂત્રો લખેલા પોસ્ટરો સાથે વિરોધ કરવા આવેલા કોંગ્રેસના ધારાસભ્યોને પોલીસે રોકતાં ધારાસભ્યો અને પોલીસ વચ્ચે ઘર્ષણ અને ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડા સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યમાં ડ્રગ્સ અને દારૂના વધતા દૂષણ તથા ભાવનગર લઠ્ઠાકાંડને લઈને સરકાર સામે આક્રમક વિરોધ નોંધાવ્યો હતો.

પોલીસ દ્વારા વિરોધ અટકાવવામાં આવતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં પોલીસ દ્વારા જે પ્રકારની કામગીરી થવી જોઈએ તે ડ્રગ્સ અને દારૂના દૂષણને રોકવા માટે થવી જોઈએ.

ડો. તુષાર ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે, “ડ્રગ અને દારૂના દૂષણને રોકવાને બદલે ધારાસભ્યોને અટકાવીને પોલીસ પોતાની બહાદુરી બતાવી રહી છે.”

તેમણે વધુમાં કહ્યું હતું કે જો પોલીસમાં હિંમત હોય તો રાજ્યમાં મોટા પ્રમાણમાં આવતા ડ્રગ્સના જથ્થા સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કન્ટેનર ભરીને રાજ્યમાં દારૂ પકડાય છે, પરંતુ તેની સામે પૂરતી કાર્યવાહી થતી નથી, જ્યારે લઠ્ઠાકાંડનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના ધારાસભ્યોને રોકવામાં પોલીસ પોતાની બહાદુરી બતાવી રહી છે.

કોંગ્રેસના ધારાસભ્યોએ ‘ડ્રગ્સ-દારૂ બંધ કરો, યુવાનોનું ભવિષ્ય બચાવો’, ‘નશો નહીં, રોજગાર આપો’, ‘લઠ્ઠાકાંડ માટે જવાબદાર ગૃહમંત્રી રાજીનામું આપે’, ‘દારૂબંધીના નામે નાટક બંધ કરો, નશાનું નેટવર્ક બંધ કરો’ જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ ઉપરાંત ‘પોલીસ હપ્તાખોરી બંધ કરો, નિર્દોષોના જીવ બચાવો’, ‘ખાખી-બુટલેગરોની યારી, ગુજરાતની જનતા પર પડી ભારી’, ‘ઝેરી દારૂના વેપારીઓને ફાંસી આપો અને હપ્તાખોર અધિકારીઓ સામે પગલાં લો’ સહિતના સૂત્રો સાથે કોંગ્રેસે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ પણ રાજ્ય સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે લઠ્ઠાકાંડના કારણે લોકોના જીવ જઈ રહ્યા છે, પરિવારો ઉજડી રહ્યા છે, બહેન-દીકરીઓ વિધવા થઈ રહી છે અને યુવા પેઢી બરબાદ થઈ રહી છે, પરંતુ હપ્તાખોરી બંધ થતી નથી.

અમિત ચાવડાએ સવાલ ઉઠાવ્યો હતો કે ભાવનગર લઠ્ઠાકાંડનો વિરોધ કરવા અને આ ગંભીર મુદ્દે ચર્ચા કરવા આવતા કોંગ્રેસના ધારાસભ્યોને પોલીસ કેવી રીતે રોકી શકે? તેમણે પોલીસ દ્વારા ધારાસભ્યો સાથે થયેલી ખેંચાખેંચ, પોસ્ટરો ફાડવાની ઘટનાને લઈને પણ સરકાર પર પ્રહાર કર્યા હતા.

તેમણે કહ્યું હતું કે ગુજરાતની જનતા સમગ્ર ઘટના જોઈ રહી છે અને “હપ્તાખોર સરકાર લાંબી ચાલવાની નથી.”

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે આજે વિરોધના પોસ્ટરો ફાડવામાં આવ્યા હશે, પરંતુ કોંગ્રેસ આ મુદ્દે ચૂપ નહીં બેસે. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસના લાખો કાર્યકરો સાથે આ મુદ્દે આવનારા સમયમાં સડકથી લઈને સંસદ સુધી લડત ચલાવવામાં આવશે અને સરકાર સામે હપ્તાખોરીના આક્ષેપોને લઈને જનતા સમક્ષ મુદ્દો ઉઠાવવામાં આવશે.

કોંગ્રેસના ધારાસભ્યોએ ભાવનગર લઠ્ઠાકાંડ અને રાજ્યમાં દારૂ તથા ડ્રગ્સના નેટવર્કને લઈને રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરી હતી. ‘દારૂના અડ્ડા બંધ કરાવો, ગુજરાત બચાવો’ અને ‘મોતના સોદા બંધ કરો, દારૂ બંધ કરો’ જેવા સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસે વિધાનસભા પરિસરમાં વિરોધ નોંધાવ્યો હતો.

કોંગ્રેસના આ વિરોધ દરમિયાન પોલીસ દ્વારા ધારાસભ્યોને રોકવામાં આવતા વાતાવરણ તંગ બન્યું હતું અને થોડા સમય માટે ધારાસભ્યો તથા પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. ભાવનગર લઠ્ઠાકાંડનો મુદ્દો હવે રાજ્યના રાજકારણમાં વધુ ગરમાયો છે અને કોંગ્રેસે આ મુદ્દે સરકાર સામે આંદોલન વધુ તેજ કરવાની ચેતવણી આપી છે.

## વિધાનસભામાં વંદે માતરમ્ મુદ્દે હર્ષ સંઘવીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો, ખેડાવાલા સામે કાર્યવાહીની માંગ

**ઋષિકેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, જીતુ વાઘાણી અને ભાજપ અધ્યક્ષ જગદીશ પંચાલ સહિતના નેતાઓ આક્રમક; અધ્યક્ષે નિર્ણય કરવાની જાહેરાત કરી**

**ગાંધીનગર, તા.10**

ગુજરાત વિધાનસભાના નવમાં સત્રના બીજા દિવસે ગૃહમાં વંદે માતરમ્ ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા બેઠા રહી ગયા હોવાના મુદ્દે ભારે રાજકીય વિવાદ સર્જાયો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મુદ્દે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ગૃહમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. ત્યારબાદ મંત્રી ઋષિકેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, જીતુ વાઘાણી તેમજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલ સહિતના નેતાઓએ આ મુદ્દે આક્રમક વલણ અપનાવી ઈમરાન ખેડાવાલા સામે અધ્યક્ષ સમક્ષ કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં વંદે માતરમ્ મુદ્દે પોઈન્ટ ઓફ ઓર્ડર હેઠળ જણાવ્યું હતું કે કોંગ્રેસના સભ્ય ઈમરાન ખેડાવાલા જાણી જોઈને ઊભા થવાના બદલે બેઠા રહ્યા હતા અને આ રીતે તેમણે સીધેસીધો વંદે માતરમ્ પ્રત્યે વિરોધનું વલણ દર્શાવ્યું છે. તેમણે આ ઘટનાને લોકશાહીની સર્વોચ્ચ સંસ્થામાં બનેલી ગંભીર ઘટના ગણાવી હતી.

હર્ષ સંઘવીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે આ સમગ્ર ઘટનાને માત્ર એક વ્યક્તિગત સભ્યના વર્તન સુધી સીમિત રાખી શકાય તેમ નથી. તેમના કહેવા મુજબ, ઈમરાન ખેડાવાલા આ સમગ્ર ઘટનામાં માત્ર એક મહોરું છે અને થોડા દિવસ પહેલાં દિલ્હીમાં પણ આવા દૃશ્યો જોવા મળ્યા હતા. તેમણે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વ પર પણ આડકતરી રીતે પ્રહાર કર્યા હતા.

<u>‘વંદે માતરમ્’ની કડીઓ ઘટાડીને અગાઉ અપમાન કરાયું હતું: ઋષિકેશ પટેલ</u>

સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં નિવેદન આપતા જણાવ્યું હતું કે આઝાદી બાદ રાજકીય કારણો અને સ્વાર્થના કારણે વંદે માતરમ્ ગીતની કડીઓ ઘટાડવામાં આવી હતી. તેમના જણાવ્યા મુજબ, આઝાદી પહેલાં અને ત્યારબાદ પણ ગીતની કેટલીક કડીઓ દૂર કરીને વાસ્તવમાં વંદે માતરમ્ સાથે અન્યાય કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પરંપરાને પુનઃજીવિત કરીને સમગ્ર વંદે માતરમ્ ગાવાની શરૂઆત કરાવી છે. તેમણે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રીય ગાનના સન્માનની પરંપરા અંગે પણ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે દેશના પ્રતીકો પ્રત્યે સન્માન જાળવવું દરેકની જવાબદારી છે.

<u>‘કોંગ્રેસના પ્રથમ અધિવેશનમાં આખું વંદે માતરમ્ ગવાયું હતું’: અર્જુન મોઢવાડિયા</u>

મંત્રી અર્જુન મોઢવાડિયાએ વંદે માતરમ્ મુદ્દે કોંગ્રેસ કર્યા પ્રહારો, કોંગ્રેસના પ્રથમ અધિવેશનમાં આખું વંદે માતરમ્ ગવાયું હતું. તેમણે કહ્યું હતું કે બાદમાં જેમને આ ગીત સામે વાંધો હતો, તેમના કારણે દેશ અને ગીતના ટુકડા થયા. મોઢવાડિયાએ બંધારણ સભામાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા વંદે માતરમ્ અંગે લેવામાં આવેલા નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દેશની બહાર કે અન્ય સ્થળે રાષ્ટ્રગીત કે રાષ્ટ્રીય પ્રતીકોનું અપમાન થાય તો તેના ગંભીર પરિણામો આવી શકે છે, ત્યારે વિધાનસભા જેવા ગૃહમાં આવી ઘટના બને તે ખોટા સંકેત આપે છે. પોતાના અમેરિકા પ્રવાસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે વંદે માતરમ્ ગાતા હજારો સ્વતંત્રતા સેનાનીઓએ દેશની આઝાદી માટે બલિદાન આપ્યા હતા અને અનેક લોકો ફાંસીના માંચડે પણ ચઢ્યા હતા. તેથી આ ગીત પ્રત્યે અણગમો દર્શાવવો દેશ માટે યોગ્ય નથી.

<u>‘આ અજાણતા થયેલી ભૂલ નથી’: જીતુ વાઘાણી</u>

ભાજપના ધારાસભ્ય અને મંત્રી જીતુ વાઘાણીએ પણ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે આ મુદ્દે કોંગ્રેસના નેતાઓના નિવેદનો અલગ-અલગ આવી રહ્યા છે. તેમણે કોંગ્રેસના નેતાઓને ઈમરાન ખેડાવાલાના મીડિયા સમક્ષના નિવેદનો જોવા માટે કહ્યું હતું.

જીતુ વાઘાણીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, “RSS અમારું ગોત્ર છે, છે અને રહેશે. અમને RSS પર ગર્વ છે અને અમે સ્વયંસેવક છીએ.” તેમણે કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા બચાવ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે આ કોઈ અજાણતા થયેલી ભૂલ નથી, પરંતુ ઈમરાન ખેડાવાલા દ્વારા જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય છે.

<u>અધ્યક્ષે નિર્ણય કરવાની જાહેરાત કરી</u>

વંદે માતરમ્ મુદ્દે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ગૃહમાં રજૂ કરવામાં આવેલા પોઈન્ટ ઓફ ઓર્ડર અને કાર્યવાહી કરવાની માંગ બાદ વિધાનસભા અધ્યક્ષે આ મામલે નિર્ણય કરવાની જાહેરાત કરી હતી. ઈમરાન ખેડાવાલા વંદે માતરમ્ ગાન દરમિયાન બેઠા રહી ગયા હોવાના મુદ્દે ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપના નેતાઓએ આ ઘટનાને રાષ્ટ્રીય ભાવના અને વંદે માતરમ્ પ્રત્યેના સન્માન સાથે જોડીને ગંભીર ગણાવી છે, જ્યારે સમગ્ર મામલે હવે અધ્યક્ષ શું નિર્ણય લે છે તેના પર સૌની નજર રહેશે.

## જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં 'વિશ્વાસ' પ્રોજેક્ટ ફેઝ-૨ હેઠળ સીસીટીવી કેમેરા નેટવર્કનો વ્યાપ વધારાશે

**આધુનિક કેમેરા નેટવર્ક, 'નેત્રમ' અને 'ત્રિનેત્ર' કમાન્ડ સેન્ટર થકી ગુના નિવારણ અને ટ્રાફિક મોનિટરિંગને મળશે વેગ મળશે**

**અમદાવાદ, તા.10**

(VISWAS - Video Integration and State-wide Advanced Security) પ્રોજેક્ટ અંતર્ગત જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં સીસીટીવી કેમેરાના વ્યાપ અને સુરક્ષા વ્યવસ્થા અંગે માહિતી રજૂ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવા કેમેરા નેટવર્ક વધારવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ, વિધાનસભા ગૃહમાં ઉત્તર આપતાં કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ હેઠળ આજની સ્થિતિએ ફેઝ-૨ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ ૪૫૨ સીસીટીવી કેમેરા અને અમરેલી જિલ્લામાં કુલ ૩૧૬ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. આ આધુનિક સરવેલન્સ નેટવર્ક અંતર્ગત મુખ્ય માર્ગો, સંવેદનશીલ વિસ્તારો અને જાહેર સ્થળોને આવરી લેવાયા છે. તમામ કેમેરાનું લાઈવ સિંક્રોનાઈઝેશન જિલ્લા કક્ષાના ’નેત્રમ’ (NETRAM - Networked Emergency Traffic and Response Assessment System / Command & Control Centre) અને રાજ્ય સ્તરના ’ત્રિનેત્ર’ (TRINETRA - Integrated Command and Control Centre - i3C) સાથે જોડાયેલું હોવાથી ટ્રાફિક નિયંત્રણ, વાહનોનું ટ્રેકિંગ અને ગુના નિવારણમાં અને જાહેર સુરક્ષા વધુ સુનિશ્ચિત બની છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## અમદાવાદ મંડળે એક દિવસમાં 91 રેક (3847 વેગન)ની અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લોડિંગ નોંધાવીને બનાવ્યો નવો રેકોર્ડ

**અમદાવાદ, તા.10**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ લોડિંગના ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચતાં 09 સપ્ટેમ્બર 2026 ના રોજ એક જ દિવસમાં રેકોર્ડ 91 રેક (3,847 વેગન) લોડ કર્યા. આ અમદાવાદ મંડળના પરિચાલન ઈતિહાસમાં એક દિવસમાં કરવામાં આવેલ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લોડિંગ છે. આ અગાઉ 05 સપ્ટેમ્બર 2026 ના રોજ મંડળે 85 રેક (3,580 વેગન) લોડ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. ફક્ત ચાર દિવસમાં પોતાના જ રેકોર્ડને પાછળ છોડતાં અમદાવાદ મંડળે માલ લોડિંગના ક્ષેત્રમાં પોતાની કાર્યકુશળતા અને પ્રદર્શનમાં ઉલ્લેખનીય સુધારો નોંધાવ્યો છે.

મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં પ્રાપ્ત કરવામાં આવેલ આ સિદ્ધિ મંડળની સમગ્ર ટીમના શ્રેષ્ઠ સંકલન, કાર્યકુશળતા, સતર્કતા અને સમર્પણનું પરિણામ છે. આ સિદ્ધિની સાથે અમદાવાદ મંડળે માલ લોડિંગની વિવિધ શ્રેણીઓમાં પણ ઉલ્લેખનીય પ્રદર્શન નોંધાવ્યું છે.



09 સપ્ટેમ્બર 2026 ના રોજ નોંધાયેલ મુખ્ય સિદ્ધિઓ : 91 રેક/3,847 વેગન: એક જ દિવસમાં અત્યાર સુધીનું સૌથી વધુ લોડિંગ નોંધાવતા નવો ઑલ-ટાઈમ રેકૉર્ડ બનાવવામાં આવ્યો.

28 જમ્બો રેક: એક જ દિવસમાં સૌથી વધુ 28 જમ્બો રેક લોડ કરવામાં આવ્યા, જે મંડળના લોડિંગ પ્રદર્શનમાં એક નવું ઉચ્ચતર સ્તર છે.

47 કન્ટેનર રેક: કુલ 47 કન્ટેનર રેક લોડ કરવામાં આવ્યા, જેમાં 23 ડબલ-સ્ટેક કન્ટેનર રેક સામેલ છે. આ સિદ્ધિ માલ લોડિંગ ક્ષમતાના સૌથી વધુ અને કુશળ ઉપયોગને દર્શાવે છે.

19 ફર્ટિલાઈઝર રેક: ખેતી ક્ષેત્ર માટે ફર્ટિલાઈઝર્સની સમયસર આપૂર્તિ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી 19 ફર્ટિલાઈઝર રેકનું સફળતાપૂર્વક લોડિંગ કરવામાં આવ્યું.

8 મીઠા રેક: કુલ 8 મીઠાના રેક લોડ કરીને રવાના કરવામાં આવ્યા, જેનાથી સંબંધિત વિસ્તારોની માંગને પૂર્ણ કરવામાં સહાયતા મળી.

અમદાવાદ મંડળ દ્વારા નવા લોડિંગ રેકૉર્ડ સ્થાપિત કરવા એ મંડળની પરિચાલન ક્ષમતા, સંસાધનોનો અસરકારક ઉપયોગ તથા માલ પરિવહન સેવાઓને વધુ કુશળ બનાવવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ સિદ્ધિ ફક્ત મંડળ માટે ગૌરવનો જ વિષય નથી, પરંતુ માલ લોડિંગ ક્ષેત્રમાં પશ્ચિમ રેલવેના પ્રદર્શનને પણ વધુ સુદ્રઢતા આપે છે.

મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ આ ઉલ્લેખનીય સિદ્ધિ માટે અમદાવાદ મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને વધામણી આપતાં કહ્યું કે આ સફળતા ટીમના સામૂહિક પ્રયત્નો, ઉત્તમ સંકલન અને સતત શ્રેષ્ઠ પ્રદર્શનનું પરિણામ છે. મંડળ ભવિષ્યમાં પણ આ જ કાર્યકુશળતા અને સમર્પણની સાથે માલ લોડિંગના ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# ઓર્ગન ડોનેશનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે જે આપણા માટે ગૌરવ સમાન-આરોગ્ય

- **સુરત જિલ્લાની વિવિધ આરોગ્ય સંસ્થાઓને છેલ્લા બે વર્ષમાં કુલ ૨,૭૪૫ ચક્ષુદાન પ્રાપ્ત થયા**
- **હવે ટેકનોલોજીની મદદથી એક કીકી/દાન દ્વારા ૩ થી ૪ વ્યક્તિઓની દ્રષ્ટિહીનતા દૂર કરી શકાય છે**

**અમદાવાદ, તા.10**

ઓર્ગન ડોનેશનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે તેની સાથે સાથે સુરત જિલ્લો ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે, કારણ કે કુલ જે ચક્ષુદાન મળ્યા છે, તેમાં આશરે ૨૩ ટકા જેટલા એકલા સુરત જિલ્લામાંથી મળ્યા છે જે આપણા માટે ગૌરવ સમાન છે તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ વધુ વિગતો આપતાં ગૃહમાં કહ્યું હતું કે, ઓર્ગન ડોનેશન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે ગુજરાત એ ભારતમાં નંબર વન કામગીરી કરી રહ્યું છે, ત્યારે થોડા સમય પહેલાં નવી દિલ્હી ખાતે ઓર્ગન ડોનેશન-ટ્રાન્સપ્લાન્ટ કરનારી સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતની સિવિલ હોસ્પિટલ અમદાવાદ, કિડની હોસ્પિટલ અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ સુરતને સર્વશ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરવામાં આવેલ, જે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સફળતા છે.

તેમણે કહ્યું કે, સુરત જિલ્લાની અંદર વર્ષોથી આઈ ડોનેશન (ચક્ષુદાન) અંગે ખૂબ જાગૃતિ આવી છે અને એમાં ખૂબ સારી કામગીરી થઈ રહી છે. તેમાં સરકારી મેડિકલ કોલેજ / સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૨ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન-સ્મિમેર હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૭ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૨ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.

જ્યારે દિવ્ય ચક્ષુ આઈ બેન્ક (દિવ્ય જ્યોત ટ્રસ્ટ) વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૯૩ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૯૮ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત, લોકદ્રષ્ટિ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૭૬ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૨૯ ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.આમ, ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં કુલ ૧૪૬૮ અને ૨૦૨૫-૨૬માં કુલ ૧૧૭૭ ચક્ષુદાન આ સંસ્થાઓને પ્રાપ્ત થયા છે. તેમણે કહ્યું કે, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ છ સરકારી હોસ્પિટલમાં કરવામાં આવે છે. ચક્ષુદાનમાં પ્રાપ્ત થતા ૧૦૦માંથી ૨૦ થી ૩૦ કોર્નિયા જ ટ્રાન્સપ્લાન્ટ માટે ઉપયોગી થઈ શકે છે. આ ટ્રાન્સપ્લાન્ટ કરવાથી શોર્ટ ટર્મમાં (૧ થી ૨ વર્ષના ટૂંકા ગાળામાં) ૧૦૦ ટકા સફળતા મળે છે, મિડ ટર્મમાં ૮૦ ટકા અને લાંબા ગાળે ૬૦ થી ૭૦ ટકા સફળતા પ્રાપ્ત થાય છે. આરોગ્ય મંત્રી એ કહ્યું હતું કે, અગાઉ એવું હતું કે એક કીકી માત્ર એક જ દર્દીને ટ્રાન્સપ્લાન્ટ કરી શકાતી હતી. એક કીકીના ૩ થી ૪ લેયર (સ્તર) હોય છે. આધુનિક ટેકનોલોજી અને નવા સંશોધનોના આધારે, દર્દીને જે લેયરની જરૂરિયાત હોય તે મુજબ કોર્નિયામાંથી તે સ્તર અલગ કરીને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. આમ, હવે એક કીકીના દાન દ્વારા ૩ થી ૪ વ્યક્તિઓની દ્રષ્ટિહીનતા દૂર કરી શકાય છે. જેનાથી એક થી વધુ દર્દીઓને આનો લાભ મળી રહ્યો છે. તેમણે કહ્યું કે, મૃત્યુ બાદ ૬ કલાક સુધીમાં મૃતક વ્યક્તિના ચક્ષુઓ દાનમાં લઈ શકાય છે. ગુજરાતની અંદર આ ચક્ષુદાન પ્રાપ્ત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન સાથે અને એમણે આપેલી ઉદારતાના આધારે નવી આઈ બેંક ખોલવા માટે રૂ. ૪૦ લાખ જેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે. આઈ બેંકને પ્રત્યેક ચક્ષુદાન સ્વીકારવા માટે રૂ.૨૦૦૦ની ગ્રાન્ટ સરકાર દ્વારા આપવામાં આવે છે.

ભારતની અંદર ૧ થી ૧.૫ લાખ જેટલા દર્દીઓને કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની જરૂરીયાત છે, એમને જો કોર્નિયા મળે તો ચોક્કસ એ સારા થઈ જાય. પરંતુ દર વર્ષે આપણને ૫૫ થી ૬૦ હજાર કોર્નિયા મળે છે, એમાં દર વર્ષે ૨૦ થી ૨૫ હજાર દર્દીઓનો ઉમેરો થતો જાય છે. ચક્ષુદાન જાગૃતિ એ બહુ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમના આધારે જે ગ્રાન્ટ મળે છે, તે રાજ્ય સરકાર દ્વારા આઈ બેંકને આપવામાં આવે છે. આઈ ડોનેશન સેન્ટરો ખોલવા માટે રૂ.૧ લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે. આમ ગુજરાતની અંદર અત્યારે એનજીઓ (NGOs) દ્વારા અને રાજ્ય સરકારની સિવિલ હોસ્પિટલો દ્વારા આ આઈ બોલ કલેક્શન માટે સુંદર કામગીરી થઈ રહી છે, એ બદલ મંત્રીએ તમામ એનજીઓ અને ડોક્ટર્સને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે,અંગદાન (Organ Donation) અને અંગ પ્રત્યારોપણ (Organ Transplant) માટેના ખાસ કાયદા (Act) મુજબ, ’NOTTO’ અને ’SOTTO’ નામની સંસ્થાઓ દ્વારા આ બધું નિયંત્રિત થાય છે. બધા મિત્રો માટે આ એક જાણવા જેવી બાબત એટલા માટે છે કારણ કે આમાં કોઈ પ્રાથમિકતા (Priority) વ્યક્તિગત રીતે નક્કી થતી નથી. તેમના નિયમો (Norms) પ્રમાણે આ બધું સોફ્ટવેર આધારિત હોય છે. આમાં કોઈ ભલામણ કે લાગવગ ચાલતી નથી. દર્દીએ જે પ્રમાણે નોંધણી કરાવેલી હોય, તે સમય અને ક્રમ અનુસાર જ તેમને અંગ મળે છે. આજે ગુજરાતમાં અંગદાન પ્રત્યે આટલી મોટી જાગૃતિ હોવા છતાં, હજુ પણ દરવર્ષે માત્ર ૧૫૦ થી ૨૦૦ જેટલી જ કિડનીઓ ઉપલબ્ધ થાય છે, જેની સામે જરૂરિયાત ૨૦૦૦ થી પણ વધુ છે. આ મોટો તફાવત દર્શાવે છે કે અંગદાન માટે હજુ વધુ જાગૃતિની જરૂર છે. ’NOTTO’ અને ’SOTTO’ દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના નિયમન હેઠળ આ સમગ્ર પ્રક્રિયા એકદમ પારદર્શક અને કમ્પ્યુટરાઈઝ્ડ રીતે ચલાવવામાં આવે છે.

## ગુજરાતમાં ભેળસેળિયા માફિયાઓ સામે રાજ્ય સરકારની લાલ આંખ

**■ ગુજરાતમાં એનાલોગ પનીરના પ્રોડક્શન, વેચાણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ, ૫ ફેક્ટરીઓ સીલ**

**અમદાવાદ, તા.10**

રાજ્યમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા માફિયાઓ સામે રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં એક પણ ભેળસેળિયા માફિયાને સાંખી લેવામાં આવશે નહીં.

આરોગ્ય મંત્રીએ ગૃહમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ’એનાલોગ પનીર’ના પ્રોડક્શન, વેચાણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

આ પ્રકારનું પનીર મુખ્યત્વે પામ ઓઈલ અને મિલ્ક પાવડરના મિશ્રણથી બનાવવામાં આવતું હોય છે, જે વાસ્તવમાં પનીર હોતું જ નથી અને તેનાથી ફેટી લિવર જેવી ગંભીર બીમારીઓ થાય છે. આ પ્રતિબંધના કારણે રાજ્યની ઓરિજિનલ અને સ્ટાન્ડર્ડ સહકારી ડેરીઓના પનીર, ચીઝ અને બટરનું વેચાણ વધ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આરોગ્ય વિભાગની કામગીરીની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૪-૫ મહિનાથી રાજ્યભરમાં ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. ફૂડ પોઈઝનિંગ કે આરોગ્યને ભારે નુકસાન પહોંચાડે તેવા વધુ પડતા કલર કે કેમિકલયુક્ત પ્રોડક્ટ્સના પોઝિટિવ રિપોર્ટ આવતા નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઊંઝામાં વરિયાળી અને જીરામાં કલર ભેળવતી ૫ ફેક્ટરીઓને તાજેતરમાં સીલ કરવામાં આવી છે.

ધારાસભ્ય દ્વારા બનાસકાંઠા અને અન્ય વિસ્તારોમાં નકલી તેલ અને ઘીના વેચાણ અંગે રજૂ કરાયેલી ચિંતાના પ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રીએ ખાતરી આપી હતી કે, ફૂડ એક્ટ ૨૦૦૬ હેઠળ અનસેફ ખાદ્યપદાર્થોના કિસ્સામાં જેલ અને દંડની જોગવાઈ છે. જો કોઈ પણ નાગરિક કે લોકપ્રતિનિધિ પાસે નકલી કે ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ બનાવનારાઓની નાની સરખી માહિતી પણ હશે, તો સરકાર તેના પર તાત્કાલિક અને સખત કાનૂની કાર્યવાહી કરશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ પ્રજાહિતલક્ષી નિર્ણય

**■ વિસાવદર માટે બાયપાસ રોડની કામગીરીના પ્રથમ તબક્કાના કામ માટે 20 કરોડ રૂપિયા મંજૂર**

**અમદાવાદ, તા.10**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જુનાગઢ જિલ્લાના વિસાવદર શહેર ફરતે બગસરા, જેતપુર સ્ટેટ હાઈવેથી વિસાવદર, સતાધાર, સાસણગીર સ્ટેટ હાઈવે સુધી બાયપાસ રોડ બનાવવાની બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટે 20 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે

મુખ્યમંત્રી સમક્ષ આ બાયપાસ રોડ નિર્માણ માટે સ્થાનિક પદાધિકારીઓ અને વિસાવદરના નગરજનોએ કરેલી રજૂઆતનો તેમણે ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપીને આ રકમ મંજૂર કરી છે.

વિસાવદર શહેર ફરતે બાયપાસ બનાવવાની કામગીરી અંતર્ગત પ્રથમ તબક્કે બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓમાં જમીન, સંપાદન, યુટીલીટી શિફ્ટિંગ, ડી. પી.આર. વગેરે કામગીરી માટે આ રકમ ઉપયોગમાં લેવાશે. વિસાવદર શહેરની નજીકમાં સતાધાર યાત્રાધામ, સાસણગીર ફોરેસ્ટ, પૌરાણિક કનકેશ્વરી મંદિર તેમજ રૂપલમાં ધામ રામપરા, નાગબાઈ મંદિર રામપરા અને સંત રોહીદાસ મંદિર સરસઈ જેવા પ્રસિદ્ધ તીર્થ સ્થળો અને પ્રવાસન ધામો આવેલા છે. આ યાત્રાધામોના દર્શને લાખો શ્રદ્ધાળુ આવે છે. એટલું જ નહીં, અમરેલીથી સોમનાથ જવા માટેનો મેઈન રોડ વિસાવદર માંથી પસાર થાય છે તે ઉપરાંત બગસરા, જેતપુર, ધારી, સાવરકુંડલા તેમજ વિસાવદર, સતાધાર અને જુનાગઢ, મેંદરડા, કેશોદ સ્ટેટ હાઈવે પણ વિસાવદર માંથી પસાર થાય છે.

આ બધાના પરિણામે વિસાવદર શહેરી વિસ્તારમાં રહેતા પુષ્કળ ટ્રાફિક ભારણને હળવું કરવા વિસાવદર ફરતે બાયપાસ રોડ અંગેની જરૂરિયાત માટેની રજૂઆતોના સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાયપાસ રોડ બનાવવા માટે પ્રથમ તબક્કે બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટે આ રૂ. 20 કરોડની મંજૂરી માર્ગ અને મકાન વિભાગને આપી છે.

# ઈસ્ટ ઝોને 13 વર્ષ બાદ રચ્યો ઈતિહાસ, ઈશાન કિશનના નેતૃત્વમાં સાઉથ ઝોનને હરાવી દુલિપ ટ્રોફી જીતી

નવી દિલ્હી, તા.10

ઈશાન કિશનની શાનદાર કપ્તાની હેઠળ ઈસ્ટ ઝોને સાઉથ ઝોન સામે પ્રથમ ઈનિંગમાં મેળવેલી વિશાળ લીડના આધારે દુલિપ ટ્રોફી 2026નું ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. ફાઈનલ મેચના પાંચમા અને છેલ્લા દિવસે મેચ ડ્રોમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ ઈનિંગની મજબૂત લીડના દમ પર ઈસ્ટ ઝોને 13 વર્ષના લાંબા અંતરાળ બાદ આ ઐતિહાસિક ટ્રોફી જીતીને ઈતિહાસ રચ્યો છે.



ફાઈનલના અંતિમ દિવસે ઈસ્ટ ઝોને પોતાની બીજી ઈનિંગમાં 7 વિકેટના નુકસાને 388 રન બનાવ્યા હતા, જેનાથી તેમની કુલ લીડ 760 રન સુધી પહોંચી ગઈ હતી. ઈસ્ટ ઝોન તરફથી મોહમ્મદ કૌનેન કુરેશીએ અણનમ 116 રન બનાવીને પોતાની ફર્સ્ટ-ક્લાસ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. કુરેશીએ સાતમી વિકેટ માટે અનુકૂળ રોય (64 રન) સાથે 150 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. આ અગાઉ પ્રથમ ઈનિંગમાં ઈસ્ટ ઝોને 708 રનનો વિશાળ સ્કોર બનાવીને 372 રનની જંગી લીડ પ્રાપ્ત કરી હતી.

ઈસ્ટ ઝોનની આ જીતમાં કેપ્ટન ઈશાન કિશનની મહત્વની ભૂમિકા રહી હતી. તેમણે પ્રથમ ઈનિંગમાં શાનદાર 270 રનની ઈનિંગ રમીને રેડ-બોલ ક્રિકેટમાં પોતાના આગમનની મજબૂત દાવેદારી નોંધાવી હતી. આ સિવાય પોતાની 100મી ફર્સ્ટ-ક્લાસ મેચ રમી રહેલા અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ઘાતક બોલિંગ કરી હતી. ઈસ્ટ ઝોન તરફથી કુમાર કુશાગ્રએ પોતાની છઠ્ઠી ફર્સ્ટ-ક્લાસ સદી નોંધાવી હતી, જ્યારે શિખર મોહને અર્ધસદી ફટકારી હતી.

મેચ દરમિયાન સાઉથ ઝોનના બોલરો સંપૂર્ણપણે દિશાહીન જોવા મળ્યા હતા. અનુભવી બોલર મોહમ્મદ સિરાજે થોડો સમય આક્રમક બોલિંગ કરી હતી પરંતુ તેમને અન્ય બોલરો તરફથી યોગ્ય સાથ મળ્યો નહોતો. આ ઉપરાંત સાઉથ ઝોનના મેનેજમેન્ટે ફોર્મમાં ચાલી રહેલા કરુણ નાયર, મયંક અગ્રવાલ અને સાઈ કિશોર જેવા ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખીને ભૂલ કરી હોવાનું પણ સામે આવ્યું હતું.

ટ્રોફી જીત્યા બાદ 28 વર્ષીય ઈશાન કિશને પોતાની રણનીતિ અંગે જણાવ્યું હતું કે, કેપ્ટન તરીકે પરિસ્થિતિને સમજવી સૌથી મહત્વપૂર્ણ હોય છે. પ્રથમ ઈનિંગમાં બે દિવસ બેટિંગ કર્યા બાદ અમારો મુખ્ય લક્ષ્ય સાઉથ ઝોનની તમામ 10 વિકેટો ઝડપીને મજબૂત લીડ મેળવવાનો હતો. પ્રથમ ઈનિંગના આધારે વિજેતા નક્કી થવાનું સ્પષ્ટ હોવાથી અમે પૂરતી લીડ મેળવીને મેચ પર પકડ મજબૂત કરી લીધી હતી.

# પાકિસ્તાનની ક્રિકેટ ટીમને 'શરણાર્થી' સમજી બેઠા બ્રિટનના લોકો, શરૂ કર્યું આંદોલન! માંડ માંડ મામલો થાળે પડ્યો

લંડન, તા.10

ઈંગ્લેન્ડ પ્રવાસ પર પાકિસ્તાનની સિનિયર ક્રિકેટ ટીમ ટેસ્ટ શ્રેણીમાં પોતાના નબળા પ્રદર્શનના કારણે ટીકાઓનો સામનો કરી રહી છે, ત્યારે બીજી તરફ તેમની અંડર-19 ટીમને પણ ઈંગ્લેન્ડની ધરતી પર મોટી ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. ઈંગ્લેન્ડ અંડર-19 સામે 1 યુથ ટેસ્ટ અને 4 યુથ વનડે મેચોની સીરિઝ રમવા પહોંચેલી પાકિસ્તાનની અંડર-19 ટીમને સ્થાનિક લોકોએ 'શરણાર્થીઓનું જૂથ' સમજી લીધું હતું, જેના પગલે ખેલાડીઓ જે હોટેલમાં રોકાયા હતા તેની બહાર પ્રદર્શનકારીઓની ભીડ જમા થઈ ગઈ હતી.

પાકિસ્તાનની અંડર-19 ટીમ પોર્ટ્સમાઉથની મેરિયટ હોટેલમાં રોકાઈ હતી. સ્થાનિક લોકોને એવી અફવા મળી હતી કે હોટેલમાં એવા લોકો આવીને રોકાયા છે જે બ્રિટિશ નથી લાગતા અને સંભવતઃ શરણાર્થીઓ છે. આ ખોટી માહિતી મળતાં જ વિરોધ પ્રદર્શકોનું એક



જૂથ હોટેલની બહાર એકઠું થઈ ગયું હતું.

એક અહેવાલ અનુસાર, રિફોર્મ પાર્ટીના કાઉન્સિલર જ્યોર્જ મેડવિકને આ ઘટનાની જાણ થતાં તેમણે તરત જ હોટેલ મેનેજમેન્ટ અને પાકિસ્તાન અંડર-19 ટીમના સ્ટાફ સાથે ફોન પર સંપર્ક સાધ્યો હતો. મેડવિકે ટીમના કોચ સાથે સીધી વાત કરીને ખરી હકીકત મેળવી હતી અને ત્યારબાદ હોટેલ બહાર એકત્ર થયેલા દેખાવકારોને સમજાવ્યા હતા કે આ કોઈ શરણાર્થીઓ નથી પરંતુ ક્રિકેટ શ્રેણી રમવા આવેલી પાકિસ્તાનની અધિકૃત જુનિયર ક્રિકેટ ટીમ છે. સાચી માહિતી મળ્યા પછી ભીડ ત્યાંથી વિખેરાઈ ગઈ હતી.

પોર્ટ્સમાઉથની હોટેલ બહાર બનેલી આ ઘટના બાદ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) તરત જ એક્શનમાં આવ્યું છે. ECBએ પાકિસ્તાન ટીમના મેનેજમેન્ટ સાથે તાકીદે સંપર્ક કર્યો છે અને સમગ્ર પ્રવાસ દરમિયાન ખેલાડીઓની સુરક્ષા વ્યવસ્થાની ગંભીરતાપૂર્વક સમીક્ષા હાથ ધરી છે. યુથ ટેસ્ટ (2થી 5 સપ્ટેમ્બર): પાકિસ્તાન અંડર-19 ટીમનો 10 રને પરાજય થયો હતો.

# ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, સ્ટાર બોલર અફઘાન સીરિઝથી બહાર, એશિયન ગેમ્સમાં પણ રમવું શંકાસ્પદ

નવી દિલ્હી, તા.10

ભારતીય ટીમ માટે સપ્ટેમ્બર મહિનો ખૂબ જ વ્યસ્ત રહેવાનો છે, જેમાં ટીમ 13 સપ્ટેમ્બરથી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની ટી-20 સીરિઝ રમશે. આ શ્રેણી પહેલા ફાસ્ટ બોલર હર્ષિત રાણા હેમસ્ટ્રિંગની ઈજાના કારણે બહાર થઈ ગયો છે. રાણાએ ભારત માટે છેલ્લી મેચ ઈંગ્લેન્ડ પ્રવાસ પર રમી હતી અને તે હજુ સુધી ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયા નથી. જેના કારણે તેમને મેદાન પર પરત ફરવા માટે થોડો વધુ સમય લાગશે. હવે હર્ષિત રાણાની જગ્યાએ યશ ઠાકુરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ઝડપી બોલર છે અને ઝિમ્બાબ્વે સામે પદાર્પણ કરી ચૂક્યો છે. તેણે બે મેચમાં ચાર વિકેટો ઝડપી હતી. તે સૈયદ મુશ્તાક અલી



ટ્રોફીમાં રમી ચૂક્યો છે અને 81 વિકેટો ઝડપી ચૂક્યો છે.

હર્ષિત રાણાની સાથે સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પણ હેમસ્ટ્રિંગની સમસ્યાથી પરેશાન હતો, પરંતુ હવે તેઓ સંપૂર્ણપણે ફિટ છે અને અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે ઉપલબ્ધ રહેશે. ટીમ માટે રાહતના સમાચાર એ છે કે ઝડપી બોલર જસપ્રિત બુમરાહ અને બેટિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પોતાની ફિટનેસ પ્રાપ્ત કરવાની દિશામાં યોગ્ય રીતે આગળ વધી રહ્યા છે. બુમરાહને જુલાઈમાં ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ઘૂંટણમાં ઈજા થઈ હતી. જ્યારે નીતિશ રેડ્ડી ક્વોડ્રિસેપ્સની ઈજામાંથી ઉભરી રહ્યા છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ટી-20 સીરિઝના ત્રણેય મેચ દિલ્હીમાં રમાશે, ત્યારબાદ ટીમ 22 સપ્ટેમ્બરે જાપાન સામે ઐતિહાસિક ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમવા માટે મેદાનમાં ઉતરશે. આ સીરિઝ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમમાં શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રિત બુમરાહ અને અર્શદીપ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# પાકિસ્તાની ક્રિકેટ ટીમને વધુ એક ઝડપી બોલર મળ્યો, એક્શન જોઈ લોકો વકાર યુનુસ સાથે સરખાવવા લાગ્યા

ઈસ્લામાબાદ, તા.10

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક જમાનામાં વસીમ અકરમ, વકાર યુનુસ, ઈમરાન ખાન અને શોએબ અખ્તર જેવા ઘાતક પાકિસ્તાની ફાસ્ટ બોલરોનો ભારે દબદબો હતો. છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાની ટીમમાં બેટ્સમેનોમાં ભય પેદા કરી શકે તેવા ઝડપી બોલરની ખોટ વર્તાઈ રહી હતી, ત્યારે હવે 21 વર્ષીય યુવા ફાસ્ટ બોલર રઝાઉલ્લાહ એ નવી આશા જગાવી છે. ઈંગ્લેન્ડ સામે બર્મિંગહામ (એજબસ્ટન) ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે એટલે કે 9 સપ્ટેમ્બરે પોતાના ટેસ્ટ ડેબ્યૂ પર અસાધારણ બોલિંગ કરીને તેણે સૌનું ધ્યાન ખેંચ્યું છે અને તેની સરખામણી વકાર યુનુસ સાથે થવા લાગી છે.



મરદાનના આ યુવા ઝડપી બોલરે પોતાની ટેસ્ટ કારકિર્દીના ચોથા જ બોલ પર ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટને LBW આઉટ કરીને પેવેલિયન ભેગો કર્યો હતો.

ઘાતક ગતિ: રઝાઉલ્લાહની સૌથી મોટી ખાસિયત તેની અસાધારણ સ્પીડ રહી. શરૂઆતની બે ઓવરમાં તેણે લગભગ 148 kmphની ઝડપ નોંધાવી હતી અને તેની સમગ્ર બોલિંગ દરમિયાન સ્પીડ 143 kmphથી નીચે ગઈ નહોતી.

બે વિકેટ લીધી: દિવસના અંતિમ તબક્કામાં તેણે ઈંગ્લેન્ડના ઓપનર એમિલિયો ગેને બોલ્ડ કરીને પોતાના ડેબ્યૂના પ્રથમ દિવસે જ 2 મહત્ત્વપૂર્ણ વિકેટો ઝડપી લીધી હતી. ઈંગ્લેન્ડ પ્રવાસમાં સતત બે ટેસ્ટ મેચોમાં કારમી હાર મળ્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ ટીમમાં મોટા ફેરફારો કર્યા હતા:

બોર્ડે મુખ્ય કોચ સરફરાઝ અહેમદને પદ પરથી હટાવી દીધા હતા અને ખરાબ ફોર્મ ધરાવતા 7 ખેલાડીઓને સ્વદેશ પાછા મોકલી દીધા હતા.

તેમના સ્થાને સામેલ કરાયેલા 5 અનકેપ્ડ ખેલાડીઓમાં રઝાઉલ્લાહનો સમાવેશ થતો હતો, જેને સીધો જ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી અને તેણે આ તકને સંપૂર્ણપણે ઝડપી લીધી.

રઝાઉલ્લાહની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સુધીની સફર ટૂંકી પણ અત્યંત પ્રભાવશાળી રહી છે: મરદાન જિલ્લાની ટીમ તરફથી રમતી વખતે પેશાવર રીજનના કોચ અબ્દુલ રહેમાનનું ધ્યાન તેના પર પડ્યું હતું. કાયદે-આઝમ ટ્રોફી 2025-26ની પોતાની ડેબ્યૂ સિઝનમાં તેણે 8 મેચોમાં 30 વિકેટ ઝડપી હતી. બોલિંગ ઉપરાંત તેણે બેટિંગમાં પણ ઉપયોગીતા સાબિત કરતાં એક મેચમાં અડધી સદી અને બીજી મેચમાં શાનદાર સદી પણ ફટકારી હતી. ત્યારબાદ તેને પાકિસ્તાન સુપર લીગ (PSL)માં રાવલપિંડી તરફથી રમવાની તક મળી.

નેશનલ ક્રિકેટ એકેડેમીમાં તેની ઝડપ જોઈને હાઈ-પરફોર્મન્સ ડાયરેક્ટર આકિબ જાવેદ પ્રભાવિત થયા હતા. ઓગસ્ટના અંતમાં 12 ઝડપી બોલરોના કેમ્પમાં તેને બોલાવાયો હતો, જ્યાં વચગાળાના મુખ્ય કોચ માઈક હેસન તેની પ્રતિભાથી પ્રભાવિત થયા અને તેને સીધો ટેસ્ટ સ્ક્વોડમાં સ્થાન આપવામાં આવ્યું.

# શેરોન વર્મા સાથે ડેટિંગની અફવાઓ પર સમય રૈનાએ તોડ્યું મૌન

મુંબઈ, તા.10

સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈના અત્યારે તેના લોકપ્રિય શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની બીજી સીઝનને કારણે સતત ચર્ચામાં છે. તાજેતરમાં જ આ શોમાં સીઝન 1ની કન્ટેસ્ટન્ટ અને કોમેડિયન શેરોન વર્મા પેનલિસ્ટ તરીકે જોવા મળી હતી. શો દરમિયાન સમય અને શેરોન વચ્ચે થયેલી મજેદાર વાતચીત બાદ ફેન્સ આ બંને ડેટ કરી રહ્યા હોવાની અટકળો લગાવી રહ્યા હતા. જોકે, હવે સમય રૈનાએ આ અફવાઓ પર પોતાની પ્રતિક્રિયા આપીને સ્પષ્ટતા કરી દીધી છે.



બુધવારે સમય રૈનાએ ઈન્સ્ટાગ્રામ પર ચાહકો સાથે 'આસ્ક મી એનીથિંગ' (AMA) સેશન યોજ્યું હતું. આ દરમિયાન તેણે ફેન્સને માત્ર 'સાચા અને યોગ્ય પ્રશ્નો' જ પૂછવા જણાવ્યું હતું. ત્યારે એક ચાહકે તેને સીધો જ સવાલ પૂછ્યો કે શું તે શેરોન વર્માને ડેટ કરી રહ્યો છે? આ સવાલનો સીધો જવાબ આપતા સમયે સ્પષ્ટતા કરી કે, 'ના ભાઈ, અમે ડેટ નથી કરી રહ્યા, આ બસ ઈન્ટરનેટ પોતાનું કામ કરી રહ્યું છે.'

'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ સીઝન 2'ના તાજેતરના એપિસોડમાં શેરોન વર્મા, ઓરી અને અર્ચના પૂરણ સિંહ સાથે પેનલિસ્ટ તરીકે આવી હતી. આ દરમિયાન સમયે શેરોનના બિહારી મૂળની મજાક ઉડાવી હતી, જેનો વળતો જવાબ આપતા શેરોને પણ સમયના કાશ્મીરી મૂળ વિશે રમૂજ કરી હતી. આ બંને વચ્ચેની મજાક અને આઈ-કોન્ટેક્ટના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા, જેના કારણે તેમના ડેટિંગની અફવાઓએ જોર પકડ્યું હતું.

જોકે, આ મજાક-મસ્તી પર વિવાદ પણ થયો હતો. મહારાષ્ટ્રના ભાજપના ધારાસભ્ય રામ કદમે સમય રૈનાની કડક શબ્દોમાં ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, 'સમાજમાં કેટલાક લોકો માત્ર પબ્લિસિટી મેળવવા અને પ્રખ્યાત થવા માટે જાણીજોઈને વિવાદિત નિવેદનો આપે છે. આપણે એ સમજવાની જરૂર છે કે સનાતન ધર્મના દેવતાઓ અને કાશ્મીરી પંડિતોને મજાકનો વિષય બનાવી શકાય નહીં. જાણીજોઈને લોકોની ભાવના દુભાવીને પછી માત્ર માફી માંગી લેવી યોગ્ય નથી. આ દરમિયાન તેમને દેશભરમાં જે મફત પબ્લિસિટી જોઈતી હોય છે તે મળી જાય છે.'

શેરોન વર્મા એકમાત્ર એવી યુવતી નથી જેની સાથે સમયનું નામ જોડાયું હોય. અગાઉ '12th ફેલ' ફેમ બોલિવૂડ એક્ટ્રેસ મેધા શંકર સાથે પણ સમયના ડેટિંગની અફવાઓ ઉડી હતી. ડેટિંગની અફવાઓ વચ્ચે મેધા શંકર એક્ટર વરુણ ધવન સાથે શોના એક એપિસોડમાં પેનલિસ્ટ તરીકે આવી હતી. શો દરમિયાન સમયે મેધાને તેની 'સૌથી સારી મિત્ર' કહી હતી. એટલું જ નહીં, અન્ય મહેમાનોની સરખામણીમાં તે મેધાને રોસ્ટ કરવામાં પણ થોડો નરમ પડ્યો હતો, જેના કારણે વધુ અફવા ફેલાઈ હતી.

ગત વર્ષે ફેબ્રુઆરીમાં સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની પહેલી સીઝન ભારે વિવાદમાં સપડાઈ હતી. રણવીર અલાહાબાદિયાએ શોમાં પેરેન્ટ્સ અંગે કેટલીક ટિપ્પણીઓ કરી હતી, જેના કારણે મોટો હોબાળો થયો હતો. રણવીરે પાછળથી માફી માંગી હોવા છતાં, તેની અને સમય સહિત શો સામે FIR નોંધાઈ હતી. આ વિવાદ બાદ સમયે યુટ્યુબ પરથી શોના તમામ એપિસોડ હટાવી દીધા હતા.

આ વર્ષે સમયે સીઝન 2ની જાહેરાત કરી હતી. જોકે, કેટલાક દર્શકોનું માનવું છે કે નવી સીઝન પહેલી સીઝન જેટલી રિયલ નથી અને તેમાં ઘણું ફિલ્ટર વાપરવામાં આવ્યું છે. તેમ છતાં આ શો દર્શકોને ખૂબ આકર્ષી રહ્યો છે અને સફળતાના નવા શિખરો સર કરી રહ્યો છે. અહેવાલો મુજબ, આ નવી સીઝનનો એક એપિસોડ રિલીઝ થયાના માત્ર 24 કલાકમાં જ 4 કરોડ વ્યૂઝ પાર કરી ગયો હતો.

# કરીના સંજય લીલા ભણશાળીને મળવા પહોંચી : બંને વચ્ચેની અંટસ દૂર

## કરીના કપૂર ખાન સંજયની ફિલ્મમાં ધનુષની હિરોઈન તરીકે કામ કરવાની હોવાની અટકળો



મુંબઈ, તા.10

મંગળવારે કરીના કપૂર ખાન સંજય લીલા ભણશાળીના ઘરમાં આવેલી તેની ઓફિસમાં જતી હોય તેવા વીડિયો વાઈરલ બનતાં બંને વચ્ચેની પચીસ વર્ષ જુની દુશ્મની પુરી થઈ રહી હોવાની અટકળો તેજ બની છે.

સામાન્ય રીતે પાપારાઝીને પોઝ આપવા માટે જાણીતી કરીના આ વખતે તસવીરકારો માટે અટક્યા વિના જ રવાના થઈ ગઈ હતી. એક અટકળ અનુસાર સંજય લીલા ભણશાળીની ધનુષ સાથેની આગામી ફિલ્મમાં હિરોઈન તરીકે કામ કરવા કરીનાએ સંજય લીલા ભણશાળીનો સંપર્ક કર્યો છે.

૨૦૦૦ની શરૂઆતમાં 'દેવદાસ' ફિલ્મ માટે કરીનાનો સંપર્ક પારોની ભૂમિકા માટે સંજય લીલા ભણશાળીએ કરી તેનો સ્ક્રિન ટેસ્ટ લઈ તેને સાઈનિંગ એમાઉન્ટ પણ આપી દીધી હતી. પણ આ ભૂમિકા આખરે ઐશ્વર્યા રાયને ફાળે ગઈ હતી અને નવીસવી કરીના કપૂર લટકી પડી હતી. કરીનાએ એ વખતે આ છેતરપિંડી કરનારા સંજય લીલા ભણશાળી સાથે કદી કામ નહીં કરે તેમ જણાવ્યું હતું. જોકે , એક ટોક શોમાં કરીનાએ તેમની વચ્ચે સુલેહ થવાનો સંકેત આપ્યો હતો.

કરીનાએ સંજય લીલા ભણશાળીને મળવા ગઈ તે બાબત દર્શાવે છે કે તેમની વચ્ચે સંબંધોના સમીકરણો બદલાઈ રહ્યાં છે.

# દીપિકાનું રણવીર -દુઆ સાથે મેટર્નિટી ફોટો શૂટ

## મીડિયાથી દૂર રાખવામાં આવેલી પહેલી પુત્રી દુઆ ફેમિલી ફોટો શૂટમાં છવાઈ ગઈ

મુંબઈ, તા.10

દીપિકા પાદુકોણ અને રણવીરસિંહના જીવનમાં બીજા સંતાનનું આગમન ટૂંક સમયમાં થવાનું છે. આ પ્રસંગે દીપિકાએ બ્લેક એન્ડ વ્હાઈટ ફેમિલી મેટર્નિટી ફોટો શૂટ પતિ રણવીરસિંહ અને પહેલી પુત્રી દુઆ સાથે કરાવી તેને ચાહકો સાથે શેર કર્યું છે.



સોશ્યલ મિડિયા પર શેર કરવામાં આવેલી એક તસવીરમાં દુઆ તેના માતાપિતા વચ્ચે ઉભી રહીને મોં છુપાવી રહેલી દેખાય છે. જ્યારે રણવીર અને દીપિકા તેની પાસે બેસીને પોઝ આપી રહ્યા છે. આ તસવીરો જોઈ ચાહકોએ જણાવ્યું હતું કે દુઆ પિતા રણવીર કપૂર પર પડી છે.

સામાન્ય રીતે દુઆને મીડિયાથી દૂર રાખવામાં આવે છે. આ બીજી વાર તેમણે પોતાની પુત્રીની તસવીરો રજૂ કરી છે. દુઆનો જન્મ ૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ થયો હતો. એ પછી આ વર્ષની શરૂઆતમાં દુઆના હાથમાં પ્રેગનન્સી ટેસ્ટ પોઝિટિવ હોય એવી તસવીર સાથે બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરવામાં આવી હતી.

# ટોક્સિક ફ્લોપ જતાં યશ ભાંગી પડ્યો, મિત્રએ અભિનેતાની મનની સ્થિતિ સૌની સામે વર્ણવી

મુંબઈ, તા.10

કન્નડ સુપરસ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'Toxic: A Fairy Tale for Grown-Ups'ને બોક્સ ઓફિસ પર નબળો પ્રતિસાદ મળ્યા બાદ અભિનેતા અંદરથી ખૂબ દુ:ખી છે. ફિલ્મની કન્નડ ડબિંગ ટીમનો હિસ્સો રહેલા અને યશના નજીકના મિત્ર કન્નડ એક્ટર જયદેવ મોહને ફિલ્મના ખરાબ પ્રદર્શન પર યશની પ્રતિક્રિયા અને તેમની મનોસ્થિતિ અંગે મોટો ખુલાસો કર્યો છે. જયદેવના જણાવ્યા મુજબ, ફિલ્મ રિલીઝ થયા પછી ફોન પર થયેલી વાતચીત દરમિયાન યશના અવાજમાં દર્દ સાફ છલકાઈ રહ્યું હતું.



આ વિશે મીડિયા સાથે વાતચીત કરતાં જયદેવ મોહને જણાવ્યું હતું કે 26 ઓગસ્ટે ફિલ્મ રિલીઝ થયા બાદ તેઓ યશને રૂબરૂ મળી શક્યા નથી, પરંતુ ફોન પર બે વાર વાતચીત થઈ છે. યશના શબ્દોને યાદ કરતાં જયદેવે જણાવ્યું હતું કે:

'યશે કહ્યું, 'આ વાતને દિલ પર ન લે. જે થઈ ગયું તે થઈ ગયું, ફિલ્મ રિલીઝ થઈ ચૂકી છે. હવે આ નિર્ણય દર્શકો પર છોડી દઈએ. આ તેમની પસંદ છે. આપણે પૂરી લગન અને મહેનતથી ફિલ્મ બનાવી અને દર્શકો સમક્ષ રજૂ કરી દીધી. બસ આટલું જ. આ વિશે વધારે વિચારવાનું બંધ કર અને આગળના પ્રોજેક્ટ્સ માટે તૈયાર થઈ જા. સમજ્યો? જલ્દી મળીએ છીએ.''

જયદેવે ઉમેર્યું કે યશનો જવાબ અત્યંત માપસરનો અને પ્રોફેશનલ હતો, પરંતુ તેમના શબ્દો પાછળ રહેલા અવાજના ટોનમાં અસહ્ય દર્દ સ્પષ્ટપણે મહેસૂસ થઈ રહ્યું હતું.

જયદેવ માટે યશનું આ દુ:ખ સમજવું સ્વાભાવિક હતું, કારણ કે તેઓ જાણતા હતા કે યશ આ પ્રોજેક્ટ સાથે કેટલા લાંબા સમયથી જોડાયેલા હતા. તેમણે જણાવ્યું કે આ વાર્તા જ્યારે એક નાનો વિચાર હતો ત્યારથી લઈને છેલ્લા સાડા ચાર વર્ષ દરમિયાન તેના વિવિધ તબક્કાઓમાંથી પસાર થતી તેમણે જોઈ છે. આખી પ્રક્રિયા પાછળ યશનું સંપૂર્ણ સમર્પણ હતું, જેથી આ નિષ્ફળતાથી તેમને ઊંડો આઘાત લાગ્યો છે.

આટલા ભાવનાત્મક બોજ છતાં, જયદેવ કે યશ દર્શકોને દોષી માનતા નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે: દર્શકોનો નિર્ણય સર્વોપરી છે અને મેકર્સે તેને શાલીનતાપૂર્વક સ્વીકારવો જોઈએ. જયદેવે ખાસ કરીને એ દલીલને સંપૂર્ણપણે ફગાવી દીધી કે દર્શકો ફિલ્મનો કોન્સેપ્ટ સમજી શક્યા નથી. તેમણે સ્પષ્ટ કહ્યું, 'અમે સારી ફિલ્મ બનાવી અને દર્શકો તેને સમજી ન શક્યા તેવું વિચારવું ખોટું છે. ફિલ્મ લોકો માટે બનાવી હતી, જો તેમને ગમશે તો તેઓ જોશે, ન ગમે તો ન જુએ.'

એક ઈન્ડસ્ટ્રી ટ્રેકરના રિપોર્ટ અનુસાર, 'ટૉક્સિક' ફિલ્મે પોતાની રિલીઝના પ્રથમ 14 દિવસમાં વિશ્વભરમાંથી માત્ર અંદાજે 338 કરોડની કમાણી કરી છે. ઓપનિંગ વીકેન્ડ બાદ ફિલ્મના દૈનિક કલેક્શનમાં ભારે કડાકો બોલી ગયો છે અને આગળ પણ બોક્સ ઓફિસ પર સુધારાના કોઈ એંધાણ દેખાઈ રહ્યા નથી.

# સેન્સેક્સ 138 પોઈન્ટ વધીને 74,903 પર બંધ: નિફ્ટી પણ 46 પોઈન્ટ વધ્યો, બેન્કિંગ અને મીડિયા શેર્સમાં વધુ ખરીદી રહી

**મુંબઈ, તા.10**

શેરબજારમાં 10 સપ્ટેમ્બરે ફરી એકવાર સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. દિવસભરના કારોબાર દરમિયાન રોકાણકારોમાં સાવચેતી સાથે ખરીદી જોવા મળી હતી, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા હતા. ખાસ કરીને બેન્કિંગ અને મીડિયા ક્ષેત્રના શેરોમાં ખરીદીનું પ્રમાણ વધુ રહ્યું હતું. જોકે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં થોડું દબાણ જોવા મળતાં વ્યાપક બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ આજે 138 પોઈન્ટના વધારા સાથે 74,903ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સમાં આશરે 0.19 ટકાનો વધારો નોંધાયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 46 પોઈન્ટના વધારા સાથે 23,478ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં આશરે 0.20 ટકાની તેજી જોવા મળી હતી. મુખ્ય સૂચકાંકોમાં વધારો હોવા છતાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

નિફ્ટી મિડકેપ 50 સૂચકાંક આજે 65 પોઈન્ટના ઘટાડા સાથે 17,929ના સ્તરે બંધ થયો હતો, જ્યારે સ્મોલકેપ 50માં પણ 13 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 10,006ના સ્તરે બંધ થયો હતો. આ સ્થિતિ દર્શાવે છે કે મોટા શેરોમાં ખરીદી જોવા મળી હોવા છતાં નાના અને મધ્યમ કદની કંપનીઓના શેરોમાં રોકાણકારોએ સાવચેતી રાખી હતી. આજના કારોબારમાં HDFC લાઈફના શેરમાં સૌથી વધુ તેજી જોવા મળી હતી. કંપનીનો શેર આશરે 2.36 ટકા વધીને 526 રૂપિયાના સ્તરે પહોંચ્યો હતો. પાવર ગ્રીડના શેરમાં પણ મજબૂત ખરીદી જોવા મળી હતી અને તે 2.22 ટકાના વધારા સાથે 272 રૂપિયાની આસપાસ બંધ થયો હતો. સરકારી તેલ કંપની ONGCના શેરમાં પણ વધારો નોંધાયો હતો અને શેર 1.39 ટકાની તેજી સાથે 237 રૂપિયાના સ્તરે પહોંચ્યો હતો.



બીજી તરફ કેટલાક મોટા શેરોમાં વેચવાલી જોવા મળી હતી. HCL ટેકના શેરમાં સૌથી વધુ દબાણ રહ્યું હતું અને તેમાં આશરે 1.85 ટકાનો ઘટાડો નોંધાયો હતો. હિન્ડાલ્કોના શેરમાં પણ 1.26 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ટાટા સ્ટીલના શેરમાં પણ નબળાઈ રહી હતી અને તેમાં આશરે 1.04 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ટેક્નોલોજી અને મેટલ ક્ષેત્રના કેટલાક શેરોમાં આવેલી વેચવાલીને કારણે બજારની તેજી મર્યાદિત રહી હતી. એશિયન શેરબજારોમાં આજે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. જાપાનના નિક્કેઈમાં તેજી નોંધાઈ હતી અને તે 128 પોઈન્ટના વધારા સાથે ઉપર બંધ થયો હતો. જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પી સૂચકાંકમાં ઘટાડો જોવા મળ્યો હતો. હોંગકોંગના હેંગસેંગમાં પણ નોંધપાત્ર વેચવાલી જોવા મળી હતી અને સૂચકાંક 1 ટકાથી વધુ ઘટ્યો હતો. એશિયન બજારોના મિશ્ર સંકેતોની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી હતી, જેના કારણે રોકાણકારોએ સાવચેતીપૂર્વક કારોબાર કર્યો હતો. અમેરિકી બજારોમાં 9 સપ્ટેમ્બરના રોજ નબળાઈ જોવા મળી હતી. ડાઉ જોન્સમાં 405 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 0.77 ટકા નીચે બંધ થયો હતો. ટેક્નોલોજી શેરો આધારિત નાસ્ડેકમાં પણ 168 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. S&P 500 સૂચકાંક પણ નબળાઈ સાથે બંધ થયો હતો. અમેરિકી બજારોના ઘટાડા છતાં ભારતીય બજારે આજે સ્થાનિક ખરીદીના આધારે સકારાત્મક વલણ જાળવી રાખ્યું હતું. ભારતીય શેરબજારમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી સતત બજારને ટેકો આપી રહી છે. ઉપલબ્ધ આંકડા મુજબ છેલ્લા સાત દિવસ દરમિયાન DIIએ કુલ 12,356 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. છેલ્લા 30 દિવસમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની કુલ ખરીદી 73,759 કરોડ રૂપિયા સુધી પહોંચી છે. બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા છેલ્લા સાત દિવસમાં 3,538 કરોડ રૂપિયાની વેચવાલી નોંધાઈ છે, જ્યારે છેલ્લા 30 દિવસ દરમિયાન FII અને FPI દ્વારા કુલ 10,705 કરોડ રૂપિયાની વેચવાલી કરવામાં આવી છે.

આજે પણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા બજારમાં ખરીદી ચાલુ રહી હતી. DIIએ આશરે 1,509 કરોડ રૂપિયાની નેટ ખરીદી કરી હતી, જ્યારે FII અને FPI દ્વારા આશરે 583 કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરવામાં આવી હતી. સ્થાનિક રોકાણકારોની સતત ખરીદીને કારણે વિદેશી રોકાણકારોની વેચવાલીની અસર મોટા પ્રમાણમાં ઓછી થઈ રહી હોવાનું બજારના વલણ પરથી જોવા મળી રહ્યું છે. આજની તેજી ખાસ એટલા માટે પણ મહત્વપૂર્ણ રહી હતી કે તેના એક દિવસ પહેલાં એટલે કે 9 સપ્ટેમ્બરે શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે સેન્સેક્સ 813 પોઈન્ટના ઘટાડા સાથે 74,764ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 204 પોઈન્ટનો મોટો ઘટાડો નોંધાયો હતો અને તે 23,432ના સ્તરે બંધ થયો હતો. ગઈકાલની ભારે વેચવાલી બાદ આજે બજારમાં ફરી ખરીદી જોવા મળતાં રોકાણકારોમાં થોડી રાહત જોવા મળી હતી. એકંદરે 10 સપ્ટેમ્બરના કારોબારમાં ભારતીય શેરબજાર સકારાત્મક નોંધ સાથે બંધ થયું છે. બેન્કિંગ અને મીડિયા ક્ષેત્રના શેરોમાં આવેલી ખરીદીએ મુખ્ય સૂચકાંકોને ટેકો આપ્યો હતો, જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નબળાઈ જોવા મળી હતી. વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો અને અમેરિકી બજારોમાં આવેલા ઘટાડા વચ્ચે પણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની મજબૂત ખરીદીએ ભારતીય શેરબજારને સંભાળ્યો હતો.

# 1,200 સિનિયર એક્ઝિક્યુટિવના સર્વેમાં ખુલાસો: 94% લીડર બદલાવ માટે તૈયાર, 63% નવી નોકરી શોધી રહ્યા છે

**મુંબઈ, તા.10**

દેશમાં કોર્પોરેટ જગતના 94% સિનિયર એક્ઝિક્યુટિવ્સ નવી નોકરી શોધવા અને કારકિર્દીમાં ફેરફાર કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ભારતમાં સિનિયર લીડરશિપનું દૃશ્ય ખૂબ ઝડપથી બદલાઈ રહ્યું છે. એક્ઝિક્યુટિવ્સ હવે પોતાની કારકિર્દીમાં ઝડપી પ્રગતિ, મોટી જવાબદારીઓ અને પોતાની છાપ છોડવાની તકો ઈચ્છે છે. બીજી તરફ, કંપનીઓ પર પણ આ ટોચના અધિકારીઓને પોતાની સાથે જાળવી રાખવાનું ભારે દબાણ છે. આ મહત્વનો ખુલાસો એક્ઝિક્યુટિવ સર્ચ કંપની પેજ એક્ઝિક્યુટિવ ઈન્ડિયાના 'એક્ઝિક્યુટિવ કમ્પેન્સેશન એન્ડ ટેલેન્ટ ટ્રેન્ડ્સ રિપોર્ટ'માં થયો છે. દેશના 1,200થી વધુ સી-લેવલ અધિકારીઓ અને ટોચના લીડર્સ પર કરાયેલા આ અભ્યાસ મુજબ, 63% અધિકારીઓ તો પૂરા જોશથી નવી ભૂમિકા શોધી રહ્યા છે. જ્યારે 41% અધિકારીઓનું સ્પષ્ટ માનવું છે કે તેઓ એક વર્ષથી વધુ પોતાના વર્તમાન પદ પર ટકી રહેશે નહીં.



AI મોટા પદોના કામકાજનો જરૂરી હિસ્સો પેજ એક્ઝિક્યુટિવ ઈન્ડિયાના મેનેજિંગ પાર્ટનર જ્હોન ગોલ્ડસ્ટીન જણાવે છે કે ભારતીય બજારમાં યોગ્ય ટેલેન્ટની કોઈ કમી નથી. અસલી પડકાર એ છે કે કંપનીઓ કઈ ઝડપે આ ટેલેન્ટને વિકસાવે છે અને સંભાળે છે. આજના લીડર્સ ઝડપી પ્રગતિ, મોટી અસર અને તેમના પ્રદર્શન તથા પુરસ્કાર વચ્ચે સ્પષ્ટ તાલમેલ જોવા માંગે છે. બીજી તરફ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પણ હવે મોટા પદોના કામકાજનો જરૂરી ભાગ બની ચૂક્યું છે. રિપોર્ટ અનુસાર, 72% અધિકારીઓનું માનવું છે કે AIના ઉપયોગથી તેમના કામનું સ્તર ઘણું સુધર્યું છે. માઈકલ પેજ ઈન્ડિયા અને સિંગાપોરના સિનિયર મેનેજિંગ ડિરેક્ટર નિલય ખંડેલવાલ અનુસાર, AI પર ચર્ચા હવે તેને અપનાવવાથી આગળ વધીને જવાબદારી પર આવી ચૂકી છે. જેમ જેમ જવાબદારીઓ વિકસિત થઈ રહી છે, સૌથી મોટી પ્રાથમિકતા એવા ટેલેન્ટને શોધવા, વિકસાવવા અને જાળવી રાખવાની હશે જે AI સાથે અસરકારક રીતે કામ કરી શકે. જોકે, સારી સેલરી આપીને સિનિયર લીડરશિપને રોકવું હવે કંપનીઓ માટે સરળ નથી, કારણ કે અધિકારીઓ પદોન્નતિ અને આગળ વધવાની તકોને વધુ મહત્વ આપી રહ્યા છે. આ સાથે જ, દેશમાં હવે સ્કિલ્સના આધારે થતી ભરતીઓનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. સેલરીના મામલે 65% એક્ઝિક્યુટિવ્સ પોતાના હાલના પેકેજથી સંતુષ્ટ છે. જ્યારે 87% અધિકારીઓનું માનવું છે કે જોબ સેટિસ્ફેક્શન માટે પૈસા જ સૌથી મોટો માપદંડ છે. જોકે માત્ર સારો પગાર આપીને અધિકારીઓને લાંબા સમય સુધી રોકવા હવે કોઈ કંપની માટે શક્ય રહ્યું નથી. - 75% એક્ઝિક્યુટિવ્સ પોતાના રોજિંદા કામકાજમાં AIનો નિયમિત ઉપયોગ કરી રહ્યા છે. આટલા જ અધિકારીઓએ તેનાથી પોતાની કામ કરવાની ક્ષમતામાં ભારે વધારો નોંધાવ્યો છે. તેમણે કહ્યું કે AIના ઉપયોગથી તેમના કામનું સ્તર ઘણું સુધર્યું છે.

# મોંઘવારીથી જનતાના ખિસ્સા ખાલી, પણ ઓઈલ કંપનીઓને જલસા! નફાનો આંકડો જાણી ચોંકી જશો

**નવી દિલ્હી, તા.10**

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં તાજેતરમાં મોટો ઉછાળો આવ્યો છે અને તે પ્રતિ બેરલ 100 ડૉલરને પાર પહોંચી ગયો છે. દેશમાં મે મહિનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં સામાન્ય જનતા મોંઘવારીનો સામનો કરી રહી છે, જ્યારે બીજી તરફ સરકારી ઓઈલ કંપનીઓ માટે મોટી કમાણીનો તબક્કો શરૂ થયો છે.



જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCLનો કુલ નફો 14,470 કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. નોંધનીય બાબત એ છે કે એપ્રિલથી જૂનના પ્રથમ ક્વાર્ટરમાં આ જ કંપનીઓને 18,150 કરોડ રૂપિયાનું જંગી નુકસાન થયું હતું, જે હવે સીધા મોટા નફામાં ફેરવાઈ ગયું છે.

રિફાઈનિંગ માર્જિનની મજબૂતી અને માર્કેટિંગ માર્જિનમાં આવેલા જબરદસ્ત સુધારાના કારણે આ મોટો પલટો આવ્યો છે. ICICI સિક્યોરિટીઝના રિપોર્ટ અનુસાર, તાજેતરના અઠવાડિયામાં માર્જિનમાં થોડો ઘટાડો નોંધાયો હોવા છતાં, બીજી ક્વાર્ટરની સરેરાશ સ્થિતિ પ્રથમ ક્વાર્ટર કરતાં ઘણી વધુ મજબૂત રહી છે. જો સપ્ટેમ્બરના બાકી દિવસોમાં આ જ ટ્રેન્ડ ચાલુ રહેશે, તો ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ટેક્સ ચૂકવ્યા પછી પણ મજબૂત ચોખ્ખો નફો નોંધાવશે.

1 ઈન્ડિયન ઓઈલને બીજી ક્વાર્ટરમાં આશરે 7,303 કરોડ રૂપિયાનો નફો થવાની શક્યતા છે, જ્યારે પ્રથમ ક્વાર્ટરમાં કંપનીએ 2,661 કરોડ રૂપિયાનું નુકસાન વેઠ્યું હતું.

2 BPCLને પ્રથમ ક્વાર્ટરના 3,962 કરોડ રૂપિયાના નુકસાન સામે આ વખતે 4,520 કરોડ રૂપિયાનો નફો થઈ શકે છે.

3 HPCL પણ મોટી ખોટમાંથી બહાર આવી રહી છે, જેને પ્રથમ ક્વાર્ટરના 11,526 કરોડ રૂપિયાના ભારે નુકસાન સામે બીજી ક્વાર્ટરમાં 2,647 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાનો અંદાજ છે.

કંપનીઓની કમાણી વધવાનું મુખ્ય કારણ માર્કેટિંગ માર્જિનમાં થયેલો સુધારો છે. ત્રણેય કંપનીઓ માટે પેટ્રોલ પર પ્રતિ લિટર 2.9 રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર 1.3 રૂપિયાનું માર્જિન રહેવાનું અનુમાન છે, જે પ્રથમ ક્વાર્ટરમાં પેટ્રોલ પર માઈનસ 6.1 રૂપિયા અને ડીઝલ પર માઈનસ 18.9 રૂપિયા જેટલું નેગેટિવ હતું. ડીઝલ બનાવવું પેટ્રોલ કરતાં મોંઘું પડે છે, છતાં ભારતમાં તેના ભાવ પેટ્રોલ કરતાં ઓછા રાખવામાં આવે છે. બીજી તરફ રિફાઈનિંગ માર્જિનમાં ઈન્ડિયન ઓઈલનું માર્જિન બીજી ક્વાર્ટરમાં 15 ડૉલર પ્રતિ બેરલ આસપાસ સ્થિર રહેવાની ધારણા છે, જે અગાઉ 15.6 ડૉલર હતું. જોકે BPCLનું માર્જિન 41.4 ડૉલરથી ઘટીને 18 ડૉલર પ્રતિ બેરલ અને HPCLનું માર્જિન 23.8 ડૉલરથી ઘટીને 16 ડૉલર પ્રતિ બેરલ રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

# લોકરમાંથી દાગીના ચોરાય તો વળતર કેટલું મળે? જામનગર કાંડ બાદ જાણી લો RBIના નિયમો....

**જામનગર, તા.10**

જામનગરના એક બેંક લોકરમાં રાખેલા આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાંને નકલી ઘરેણાંથી બદલી નાખવામાં આવ્યા હતા. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે જામનગર પોલીસે 3 સપ્ટેમ્બરે ઈન્ડિયન બેંકની રણજીતસાગર રોડ શાખાને સૂચના આપી કે બેંકના લોકરથી લાખો રૂપિયાનું સોનું ચોરી થવાની આશંકા છે. બેંક અધિકારીઓ માટે આ કોઈ આંચકાથી ઓછું ન હતું, કારણ કે લોકર વાળા વૉલ્ટને ખોલવા માટે બે ચાવીઓની જરૂર પડે છે. તપાસ થઈ તો ખબર પડી કે ઘરેણાં પોતાની જગ્યા પર તો રાખેલા હતા, પરંતુ અસલી નહોતા. બેંકે જ્યારે પોતાના જ્વેલર પાસે લોકરમાં રાખેલા ઘરેણાંની તપાસ કરાવી તો આખો મામલો ખુલી ગયો. મંગળસૂત્ર, હાર, અંગૂઠીઓ, કાનના બુટ્ટીઓ અને પેન્ડન્ટ સહિત કુલ 342.10 ગ્રામ સોનાના ઘરેણાં લોકરમાં રાખેલા હતા. પરંતુ તપાસમાં ખબર પડી કે અસલી ઘરેણાંની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દેવામાં આવ્યા હતા. એફઆઈઆર (FIR) મુજબ, બેંકના પટાવાળા હસમુખ દિનેશ પરિયાએ વૉલ્ટની ચાવીઓ મેળવી લીધી અને આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાં કાઢીને તેની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દીધા. બેંકના નિયમ મુજબ વૉલ્ટ ખોલવા માટે બે ચાવીઓની જરૂર હતી. આ બંને ચાવીઓ બે અલગ-અલગ અધિકારીઓ પાસે રહેતી હતી. જામનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, એક ચાવી બ્રાન્ચ મેનેજર અને બીજી ડેપ્યુટી પાસે રહેતી હતી. પરંતુ જે દિવસે આ ઘટના બની, ડેપ્યુટી રજા પર હતા. એવી સ્થિતિમાં બંને ચાવીઓ બ્રાન્ચ મેનેજર પાસે હતી. પોલીસનું કહેવું છે કે બેંકમાં આશરે 15 વર્ષથી કામ કરતો પટાવાળો આ વ્યવસ્થાથી પરિચિત હતો. તેને ખબર હતી કે ડેપ્યુટી રજા પર હોવાની સ્થિતિમાં બંને ચાવીઓ એક જ અધિકારી પાસે રહેશે. કથિત રીતે ચોરી માટે આ જ તકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

બેંક લોકરથી ઘરેણાં ગાયબ થવાનો આ કોઈ એકમાત્ર મામલો નથી. અલગ-અલગ શહેરોમાં અગાઉ પણ આવી ફરિયાદો સામે આવતી રહી છે. દિલ્હીના કીર્તિ નગરમાં એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તેના બેંક લોકરથી આશરે 60 લાખ રૂપિયાના ઘરેણાં ગાયબ થઈ ગયા છે. લખનૌમાં એક બેંકની શાખામાં ચાર લોકર કથિત રીતે તોડી નાખવામાં આવ્યા અને આશરે 48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાંના ગબનનો મામલો સામે આવ્યો. ફરીદાબાદમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તેના પરિવારે બેંક શાખા પર લોકરની દેખરેખમાં બેદરકારીનો આરોપ લગાવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, આશરે એક કિલો સોનું અને ત્રણ કિલો ચાંદીના ઘરેણાં લોકરથી ગાયબ મળ્યા હતા. લખનૌમાં જ આ વર્ષે અન્ય એક મામલામાં બેંકના લોકરથી આશરે 1.5 કરોડ રૂપિયાના ઘરેણાં ચોરી થવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ગ્રાહકે બેંક કર્મચારીઓ પર ચોરીનો આરોપ લગાવ્યો હતો.



સૌથી મહત્ત્વની વાત સમજવી જરૂરી છે. બેંક લોકર લેવાનો અર્થ એ નથી કે લોકરમાં રાખેલો દરેક સામાન સંપૂર્ણપણે બેંકની જવાબદારી છે. સેબી રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ નિષ્ણાંતોના અનુસાર એડવાઈઝર અને સહજ મનીના સંસ્થાપક અભિષેક કુમારના જણાવ્યા મુજબ, ઘરમાં કીમતી સામાન રાખવાની સરખામણીમાં બેંક લોકર ચોક્કસપણે સુરક્ષા આપે છે. પરંતુ ગ્રાહકે એ પણ સમજવું જોઈએ કે બેંક લોકરની અંદર રાખેલી દરેક વસ્તુનો વીમો બેંક નથી કરતી. આરબીઆઈના સંશોધિત લોકર નિયમો હેઠળ કેટલીક પરિસ્થિતિઓમાં બેંકની જવાબદારી નક્કી કરવામાં આવી છે, પરંતુ તેની એક મર્યાદા છે.

જો લોકરમાં રાખેલા સામાનને બેંકની બેદરકારી, આગ, ચોરી અથવા બેંક કર્મચારીની છેતરપિંડી જેવી સ્થિતિના કારણે નુકસાન થાય છે, તો ગ્રાહકને વળતર મળી શકે છે. પરંતુ અહીં એક પેચ છે. બેંકની જવાબદારી લોકરના વાર્ષિક ભાડાની 100 ગણી રકમ સુધી સીમિત છે. ધારો કે કોઈ ગ્રાહકના લોકરનું વાર્ષિક ભાડું 5,000 રૂપિયા છે, તો આ નિયમ હેઠળ બેંકની મહત્તમ જવાબદારી 5 લાખ રૂપિયા હશે. ભલે લોકરમાં આના કરતાં ક્યાંય વધુ કિંમતનો સામાન રાખેલો હોય. એટલા માટે લોકરમાં 50 લાખ કે 1 કરોડ રૂપિયાનું સોનું રાખવાનો અર્થ એ નથી કે ચોરી થવા પર બેંક એટલી જ પૂરી રકમ પાછી આપશે. કુદરતી આપત્તિના મામલામાં નિયમો અલગ છે. પૂર, ભૂકંપ કે આ જ પ્રકારની ઘટનાઓથી લોકરમાં રાખેલો સામાન ખરાબ અથવા નષ્ટ થવા પર બેંક સામાન્ય રીતે જવાબદાર હોતી નથી, શરતે કે બેંકે પોતાની તરફથી નક્કી કરેલા સુરક્ષા નિયમોનું પાલન કર્યું હોય. આ જ કારણ છે કે ગ્રાહક માટે લોકરના નિયમો અને બેંક સાથે કરેલા કરારને સમજવો અત્યંત જરૂરી છે. લોકરના મામલામાં એક મોટી સમસ્યા એ છે કે બેંકને સામાન્ય રીતે આ જાણકારી હોતી નથી કે ગ્રાહકે અંદર શું રાખ્યું છે. કોઈ લોકરમાં 5 લાખ રૂપિયાના ઘરેણાં છે કે 50 લાખ રૂપિયાના, બેંક પાસે તેની પૂરી યાદી હોતી નથી.

# ચાંદી ₹3,307 વધીને ₹2.39 લાખ પ્રતિ કિલો પર પહોંચી: સોનું ₹542 મોંઘું થઈને 1.54 લાખનું 10 ગ્રામ થયું, આ વર્ષે ભાવ ₹21 હજાર વધ્યા

**મુંબઈ, તા.10**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 10 સપ્ટેમ્બરે ફરી વધારો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓના બજારમાં આવેલી આ તેજીના કારણે રોકાણકારો અને સોનું ખરીદવાની તૈયારીમાં રહેલા ગ્રાહકોનું ધ્યાન ફરી એકવાર ભાવની હલચલ તરફ ગયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના આંકડા મુજબ આજે 24 કેરેટ સોનાના ભાવમાં વધારો નોંધાયો છે, જ્યારે ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર તેજી જોવા મળી છે.

IBJA અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત આજે 542 રૂપિયા વધીને લગભગ 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ વધારો નોંધાયો છે અને એક કિલો ચાંદીની કિંમત 3,307 રૂપિયા વધીને લગભગ 2.39 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી સોના અને ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે, પરંતુ લાંબા ગાળાના આંકડા પર નજર કરીએ તો બંને કિંમતી ધાતુઓએ રોકાણકારોને મજબૂત રિટર્ન આપ્યું હોવાનું જોવા મળે છે. વર્ષ 2026 દરમિયાન અત્યાર સુધીમાં સોનાના ભાવમાં અંદાજે 21 હજાર રૂપિયાનો વધારો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત આશરે 1.33 લાખ રૂપિયા હતી, જે હવે વધીને 1.54 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. એટલે કે માત્ર થોડા મહિનાના સમયગાળામાં સોનાએ નોંધપાત્ર તેજી દર્શાવી છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની ખરીદી અને રોકાણકારો દ્વારા સુરક્ષિત રોકાણ તરીકે સોનાની વધતી માંગને કારણે ભાવને ટેકો મળતો હોવાનું માનવામાં આવે છે.

ચાંદીના ભાવમાં પણ આ વર્ષે ભારે હલચલ જોવા મળી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીની કિંમત આશરે 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.39 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. જોકે વર્ષ દરમિયાન બંને ધાતુઓએ રેકોર્ડ સ્તર પણ જોયા છે. 29 જાન્યુઆરીએ સોનાની કિંમત આશરે 1.76 લાખ રૂપિયા સુધી પહોંચી હતી, જ્યારે ચાંદી 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી હતી. ત્યારબાદ ભાવમાં ઘટાડો અને ફરી વધારો જોવા મળ્યો છે.



બજાર નિષ્ણાતોનું માનવું છે કે આગામી મહિનાઓમાં પણ સોના અને ચાંદીના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહી શકે છે. કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના જણાવ્યા મુજબ સામાન્ય રોકાણકારોની સાથે સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો પણ સોનાની ખરીદી કરી રહી છે. ભારતની રિઝર્વ બેંક સહિત અનેક દેશોની કેન્દ્રીય બેંકો સોનાના ભંડારમાં વધારો કરી રહી છે, જેના કારણે વૈશ્વિક બજારમાં સોનાની માંગને સતત ટેકો મળી રહ્યો છે.

સામાન્ય રીતે જ્યારે વિશ્વમાં આર્થિક અનિશ્ચિતતા, ભૌગોલિક રાજકીય તણાવ અથવા નાણાકીય બજારમાં જોખમ વધે છે ત્યારે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોનાની તરફ વળે છે. આ કારણસર મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનાની માંગ મજબૂત રહેવાની શક્યતા રહે છે. જો વૈશ્વિક પરિસ્થિતિમાં સુધારો થાય અને ઔદ્યોગિક માંગમાં વધારો થાય તો ચાંદીના ભાવમાં પણ વધુ તેજી જોવા મળી શકે છે.

હાલની બજારની સ્થિતિ અને ભવિષ્યના સંકેતોને ધ્યાનમાં રાખીને કેટલાક નિષ્ણાતો ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી પહોંચી શકે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. તેવી જ રીતે ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તર સુધી જઈ શકે તેવી ધારણા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે કિંમતી ધાતુઓના ભાવ પર આંતરરાષ્ટ્રીય બજાર, ડોલરની સ્થિતિ, વ્યાજદરો અને વૈશ્વિક રાજકીય પરિસ્થિતિ સહિત અનેક પરિબળોની અસર રહેતી હોવાથી રોકાણકારોએ બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જરૂરી છે. સોનાના વધતા ભાવ વચ્ચે ઘરેણાં ખરીદતા ગ્રાહકોએ પણ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. સોનું ખરીદતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BISનું હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ ખરીદવું જોઈએ. હોલમાર્ક દ્વારા સોનાની શુદ્ધતા અને કેરેટ વિશે માહિતી મેળવી શકાય છે. હોલમાર્ક નંબર આલ્ફાન્યુમેરિક સ્વરૂપમાં હોય છે, જેના આધારે સોનાની ગુણવત્તા અંગે ખાતરી કરવામાં મદદ મળે છે. સોનું ખરીદતા પહેલાં તેના ભાવની પણ યોગ્ય રીતે ચકાસણી કરવી જરૂરી છે. ખરીદીના દિવસે સોનાનું વજન અને બજારભાવ અલગ અલગ વિશ્વસનીય સ્ત્રોતોમાંથી તપાસવાથી ગ્રાહકોને યોગ્ય કિંમતની જાણ થઈ શકે છે. 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ હોય છે, તેથી કયા પ્રકારનું સોનું ખરીદવામાં આવી રહ્યું છે તેની સંપૂર્ણ માહિતી લેવી જરૂરી છે. ઘરેણાં ખરીદતી વખતે મેકિંગ ચાર્જ પણ મહત્વપૂર્ણ બાબત છે. જ્વેલર્સ સોનાને વિવિધ પ્રકારના ઘરેણાંમાં તૈયાર કરવા માટે મેકિંગ ચાર્જ લે છે અને આ ચાર્જ દરેક જ્વેલર પાસે અલગ હોઈ શકે છે. મેકિંગ ચાર્જ હંમેશા નિશ્ચિત હોય એવું જરૂરી નથી અને ગ્રાહકો તેના માટે ભાવતાલ પણ કરી શકે છે. ખાસ કરીને મોટી ખરીદી દરમિયાન જ્વેલર્સ મેકિંગ ચાર્જમાં ઘટાડો કરવા માટે તૈયાર થઈ શકે છે.

# શેરબજારમાં આવશે મોટો કડાકો!: અમેરિકાની દિગ્ગજ ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગ ફર્મની ચેતવણી, સમગ્ર વિશ્વમાં આર્થિક સંકટનો ખતરો

**વોશિંગ્ટન, તા.10**

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલને લઈને આખી દુનિયામાં સંકટ છવાયેલું છે, કારણ કે ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન વારંવાર તૂટી રહી છે, જેના કારણે ઓઈલનાં ભાવ ઝડપથી ઉપર આવી ગયા છે. બ્રેન્ટ ક્રૂડ અને WTI ક્રૂડ બંનેમાં તેજી જોવા મળી છે. 9 સપ્ટેમ્બરે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ 100 ડોલર પર પહોંચી ગયું અને WTI ક્રૂડ ઓઈલ 94 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે. બંનેમાં 2 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. આ દરમિયાન, અમેરિકી બેન્કર ગોલ્ડમેન સૅક્સે ક્રૂડ ઓઈલને લઈને મોટો દાવો કર્યો છે. જો ગોલ્ડમેન સૅક્સના કહેવા મુજબ વસ્તુઓ થાય છે તો શેરબજારમાં મોટો કડાકો આવી શકે છે. દિગ્ગજ અમેરિકી ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ ફર્મ ગોલ્ડમેન સૅક્સે કહ્યું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઓઈલ ટેન્કરો પર હુમલાઓ અટકતા નથી તો ક્રૂડના ભાવ 120 ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકે છે.

આ વાત ગોલ્ડમેન સૅક્સમાં કોમોડિટીઝ રિસર્ચના કો-હેડ ડેન સ્ટ્રુયવેને કહી છે. તેમનું એ પણ કહેવું છે કે છેલ્લા કેટલાક દિવસોની ઘટનાઓને જોઈએ તો જહાજોની અવરજવરની દ્રષ્ટિએ અવરોધો વધુ થઈ ગયા છે. કારણ કે અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને હજુ મામલો ફસાયેલો છે.




દુનિયાનું 20 ટકા ઓઈલ પસાર થાય છે, ત્યાં હવે ખૂબ જ ઓછી માત્રામાં ઓઈલ આવી રહ્યું છે. આવા સંજોગોમાં મોંઘવારી વધી રહી છે અને સાથે જ ખતરો પણ વધી રહ્યો છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે જે રીતે સંઘર્ષ વધી રહ્યો છે, તે મુજબ ક્રૂડ ઓઈલની કિંમતો 100 ડોલરને પાર જઈ શકે છે. આવા સંજોગોમાં ભારત માટે મોટો ફટકો હશે, કારણ કે ભારતનું આયાત બિલ વધી જશે. આ કારણે લોજિસ્ટિક્સથી લઈને કાચા માલ સુધીની કિંમતો વધુ હશે, જેની અસર ઝડપથી રિટેલ માર્કેટમાં પણ જોવા મળશે.

જો દેશમાં મોંઘવારી વધશે તો શેરબજાર પર પણ તેની ઊંડી અસર થશે. કંપનીઓની કમાણી ઘટશે અને તેમના શેર પણ ઘટશે. શેર્સમાં ઘટાડો થવાથી બજાર નીચે જઈ શકે છે અને બજારમાં મોટા ઘટાડાની શક્યતા વધી જશે.

નોંધનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે 28 માર્ચે યુદ્ધ શરૂ થયું હતું. ત્યારથી જ ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. 30 એપ્રિલે ક્રૂડ ઓઈલની કિંમતો 125 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી અને હવે ફરી એકવાર ઓઈલની કિંમતો ઉપર જઈ રહી છે.

## ખેડુત ના દીકરા જતીન ગજેરા એ ખેત ઉત્પાદન ની વેદના સમજી અને હવે શરૂ ખેડૂત માટે ખેતી માટે ગ્રીન ક્રાંતિ ની શરૂઆત

# ખેડૂતનો દીકરો હવે નેપિયર ઘાસમાંથી બનાવશે CNG!



જતીન મનસુખભાઈ ગજેરા
સંચાલક, ગોપીનાથ બાયો CNG LLP

### અમરેલીમાં કરોડોના ખર્ચે ગુજરાતનો પ્રથમ દેશ નો બીજો ગોપીનાથ બાયો CNG LLP પ્લાન્ટ




નેપિયર ઘાસમાંથી રોજ 10 ટનથી વધુ બાયો CNG LLPનું ઉત્પાદન થશે

## શેડુભાર ગામે બની રહ્યો છે ગોપીનાથ બાયો CNG LLP પ્લાન્ટ ખેડૂતોને નેપિયર ઘાસની સીધી આવક અને સ્થાનિક યુવાઓને રોજગારી મળવાની આશા

અમરેલી: ગુજરાતના અમરેલી જિલ્લામાં ગ્રીન એનર્જી ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પહેલ થવા જઈ રહી છે. અમરેલી તાલુકાના શેડુભાર ગામે ગોપીનાથ બાયો CNG LLP પ્લાન્ટ નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સંચાલકોના જણાવ્યા મુજબ આ ગુજરાતનો પ્રથમ અને ભારતનો બીજો એવો પ્લાન્ટ હશે, જેમાં મુખ્યત્વે નેપિયર ઘાસ સહિત વિવિધ કૃષિ અવશેષોમાંથી બાયો CNG LLP ઉત્પાદન કરવામાં આવશે. કરોડો ના ખર્ચે તૈયાર થઈ રહેલો આ પ્લાન્ટ આગામી આઠ મહિનામાં કાર્યરત કરવાનો લક્ષ્યાંક



રાખવામાં આવ્યો છે. આ પ્લાન્ટ શરૂ થયા બાદ ખેડૂતોને કૃષિ આધારિત આવકનું નવું સાધન મળી શકે છે. ખાસ કરીને નેપિયર ઘાસની ખેતી કરતા ખેડૂતોને પ્લાન્ટ માટે ઘાસનું સીધું વેચાણ કરવાની તક મળશે. બીજી તરફ, પ્લાન્ટના સંચાલન, કાચા માલના સંગ્રહ, કાપણી, પેકિંગ, પરિવહન સહિતની વિવિધ કામગીરીમાં સ્થાનિક યુવાઓ અને અન્ય લોકોને રોજગારીની તકો ઊભી થવાની શક્યતા છે. પ્લાન્ટના સંચાલક જતીન મનસુખભાઈ ગજેરા, જેઓ મૂળ શેડુભાર ગામના વતની છે અને હાલમાં અમદાવાદ ખાતે રહે છે, તેમના જણાવ્યા મુજબ તેમનો મૂળ વ્યવસાય કન્સ્ટ્રક્શનનો છે. પરંતુ પોતાના વતન અને વિસ્તારના ખેડૂતોને લાભ મળે તેમજ સ્થાનિક સ્તરે રોજગારી ઊભી થાય તે હેતુથી બાયો-CNG LLP ક્ષેત્રમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

## કૃષિ અવશેષ બનશે બાયો-CNG LLP માટેનું કાચું માલ



આ પ્લાન્ટની ખાસિયત એ રહેશે કે તેમાં બાયો-વેસ્ટ અને કૃષિ અવશેષોનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને ઘઉં અને ચણાનું પરાળ, કપાસ તથા એરંડાના સાથી અને નેપિયર ઘાસનો ઉપયોગ કરવામાં આવશે. ખેતીમાંથી નીકળતા આવા અવશેષોને યોગ્ય રીતે ઉપયોગમાં લઈ ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરવાનો પ્રયાસ કરવામાં આવશે. જતીનભાઈ ગજેરાના જણાવ્યા મુજબ શેડુભાર ગામની પસંદગી પાછળ સૌથી મોટું કારણ તેમનું વતન હોવું છે. પોતાના ગામ અને આસપાસના ખેડૂતોને પ્લાન્ટનો સીધો લાભ મળે, ખેતીનો ખર્ચ ઘટે અને ખેડૂતોની આવકમાં વધારો થાય તે મુખ્ય હેતુ છે. સાથે જ ગામ અને આસપાસના વિસ્તારમાં રહેતા યુવાઓ તથા જરૂરિયાતમંદ પરિવારોના લોકોને રોજગારી મળી રહે તે માટે પણ આ સ્થળ પસંદ કરવામાં આવ્યું છે.

## ગોબરધન યોજનાનો પણ લાભ મળવાની આશા



પ્લાન્ટના સંચાલકોના જણાવ્યા મુજબ સરકારની ગોબરધન યોજના અંતર્ગત મળતા લાભનો પણ આગામી સમયમાં ઉપયોગ કરવાની યોજના છે. હાલ પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે અને આશરે આઠ મહિનામાં પ્લાન્ટને કાર્યરત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે જરૂરી ટેકનોલોજી વિદેશમાંથી લાવવામાં આવી હોવાનું જતીનભાઈ ગજેરાએ જણાવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ આ ટેકનોલોજીનો સફળ ઉપયોગ કરીને ગુજરાતમાં બાયો-CNG ક્ષેત્રે નવી દિશા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ખેડૂતના ખેતર સુધી પહોંચશે કંપનીની મશીનરી

આ પ્રોજેક્ટમાં ખેડૂતો માટે વધુ એક મહત્વપૂર્ણ સુવિધા રાખવામાં આવી છે. ખેડૂતોએ નેપિયર



ઘાસ કાપીને પોતે પ્લાન્ટ સુધી પહોંચાડવાની જરૂર નહીં પડે. કંપનીની મશીનરી અને માણસો ખેડૂતના ખેતર સુધી જશે. ખેતરમાં જ નેપિયર ઘાસનું કટીંગ, પેકિંગ અને ત્યારબાદ તેને કંપનીના પ્લાન્ટ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. ખેડૂતના ખેતરેથી જ નક્કી કરેલી રકમ ચૂકવવાની વ્યવસ્થા રાખવામાં આવશે. આથી ખેડૂતોને પરિવહન અને કાપણીનો વધારાનો બોજ ઓછો રહેવાની આશા છે.

## બાયો-CNG બાદ મળતો વેસ્ટ પણ બનશે ખાતર



પ્લાન્ટમાંથી માત્ર CNG જ નહીં, પરંતુ બાયો-CNG બનાવવાની પ્રક્રિયા બાદ મળતા અવશેષનો પણ ઉપયોગ કરવામાં આવશે. આ વેસ્ટને ઓર્ગેનિક ખાતર તરીકે ઉપયોગમાં લેવાની યોજના છે. આ રીતે કૃષિમાંથી મળતું નેપિયર ઘાસ અને અન્ય બાયોમાસ ઊર્જા ઉત્પાદનમાં ઉપયોગમાં આવશે અને પ્રક્રિયા બાદ મળતો અવશેષ ખેતી માટે ઓર્ગેનિક ખાતર તરીકે ઉપયોગી બની શકે છે. એટલે એક પ્રકારની સર્ક્યુલર ઈકોનોમી ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## દરરોજ 10 ટનથી વધુ CNGનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક

આ બાયો-CNG LLP પ્લાન્ટમાં દરરોજ 10 ટનથી વધુ CNGનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તૈયાર થયેલા CNGનું સીધું વેચાણ સરકારને કરવામાં આવશે તેમ પ્રોજેક્ટ સંચાલકોનું કહેવું છે. નેપિયર ઘાસ અને અન્ય બાયોમાસમાંથી સૌપ્રથમ બાયોગેસ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ તેની જરૂરી પ્રક્રિયા કરીને બાયો-CNG તૈયાર



કરવામાં આવશે. આ CNGનો ઉપયોગ વાહનોમાં ઈંધણ તરીકે તેમજ રાંધણગેસના વિકલ્પ તરીકે થઈ શકે છે. આ સમગ્ર પ્રક્રિયા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપતી હોવાથી કૃષિ અવશેષોનો ઉપયોગ કરીને પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવાનો પણ પ્રયાસ થશે.

## 1000 વીઘામાં શરૂ કરાયું નેપિયર ઘાસનું વાવેતર



હાલમાં ખેતીમાં દવા, ખાતર અને બિયારણના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ પાકને યોગ્ય ઉત્પાદન ન મળવું, ઉત્પાદન થયા બાદ યોગ્ય ભાવ ન મળવો, કમોસમી વરસાદ અને વાવાઝોડા જેવી કુદરતી આફતોના કારણે ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિ વચ્ચે ખેતી આધારિત વધારાની આવક ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે વિસ્તારની અંદાજે 1000 વીઘા જમીનમાં નેપિયર ઘાસનું વાવેતર શરૂ કરવામાં આવ્યું છે. પ્લાન્ટમાં આ નેપિયર ઘાસની ખરીદી કરવામાં આવશે અને ખેડૂતોને તેના બદલામાં સીધી રકમ ચૂકવવામાં આવશે. નેપિયર ઘાસની ખાસિયત એ છે કે એક વખત વાવેતર કર્યા બાદ યોગ્ય વ્યવસ્થાપન સાથે ઘણા વર્ષો સુધી તેની કાપણી કરી શકાય છે. પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોના જણાવ્યા મુજબ ખેડૂતો દર વર્ષે આશરે ચાર વખત ઘાસની કાપણી કરીને પ્લાન્ટને વેચાણ કરી શકશે.




અમરેલીમાં બનશે ગુજરાતનો પ્રથમ ગોપીનાથ બાયો CNG LLP પ્લાન્ટ

## સફળતા બાદ અમરેલી જિલ્લામાં વધુ પાંચ પ્લાન્ટની યોજના



પ્રોજેક્ટ સંચાલકોનો દાવો છે કે શેડુભાર ખાતેનો પ્લાન્ટ સફળ થાય તો આગામી સમયમાં અમરેલી જિલ્લામાં વધુ પાંચ બાયો-CNG પ્લાન્ટ સ્થાપવાની યોજના છે. જો આ યોજના સાકાર થાય તો વિસ્તારના ખેડૂતોને કૃષિ આધારિત વધારાની આવકના નવા વિકલ્પો મળી શકે છે અને સ્થાનિક સ્તરે મોટી સંખ્યામાં રોજગારીની તકો ઊભી થઈ શકે છે. આ પ્રોજેક્ટને માત્ર CNG ઉત્પાદનનો પ્રોજેક્ટ નહીં પરંતુ ખેડૂત, યુવા અને ગ્રીન એનર્જીને એકસાથે જોડતી પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે. ખેડૂતોના ખેતરમાં ઉગેલું નેપિયર ઘાસ પ્લાન્ટ સુધી પહોંચશે, તેમાંથી બાયો-CNG બનશે અને પ્રક્રિયા બાદ મળતો અવશેષ ઓર્ગેનિક ખાતર તરીકે ફરી ખેતીમાં ઉપયોગમાં આવી શકે છે. અમરેલી જેવા કૃષિપ્રધાન જિલ્લામાં કૃષિ અવશેષોમાંથી ઊર્જા ઉત્પાદનની આ પહેલ સફળ થાય તો ખેડૂતો માટે વધારાની આવક, યુવાઓ માટે રોજગારી અને પર્યાવરણ માટે સ્વચ્છ ઊર્જાનો માર્ગ ખૂલી શકે છે. હવે પ્રોજેક્ટ નિર્ધારિત સમયગાળામાં કાર્યરત થાય અને તેના લાભો ખેડૂતો સુધી કેટલા અસરકારક રીતે પહોંચે છે તેના પર સૌની નજર રહેશે.